પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાના:૧૨
તા. ૯-૧૦-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૫, અંક : ૧૮૫
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

સૌથી વધારે હાંસલ કરવા માટે સૌથી વધારે કાબેલ બનવું પડે છે

શોર્ટસ વિણાટ દેશી કાઠિયાવાડી
ખમણ નમકીન
કરીયાણાના વેપારી
મોલ-સુપર માર્કેટ માટે ઓફર
અપ્પુ
ચણાદાળ
ડીલર એજન્ટ જોઈએ છે
વિણાટ ચણા મળશે
9824200970

# જીએસટીમાં રાહતનો પટારો ખુલ્યો: ૧૦ હજારથી ઓછી રકમના ૧૨ લાખ પડતર કેસો પાછા ખેંચાશે

## કરદાતાઓ અને વિભાગ વચ્ચેના વિવાદો ઘટાડવા સરકારનો ઐતિહાસિક નિર્ણય: નોટિસો ફટકારવાનું બંધ થશે
## ટેક્સ અધિકારીઓ પાસેથી ધરપકડની સત્તા છીનવાઈ: પ્રોસિક્યુશન મર્યાદા ૧ કરોડથી વધારી ૫ કરોડ કરાઈ

### રિફંડ પ્રક્રિયાને બનાવાશે સુપરફાસ્ટ

વેપારીઓ માટે સૌથી માથાકૂટ વાળી ગણાતી જીએસટી રિફંડ સિસ્ટમમાં ધરખમ સુધારો કરવામાં આવ્યો છે. નવી સિસ્ટમ આધારિત રિફંડ મંજૂરી પ્રક્રિયા હેઠળ હવે ૯૦% જેટલા દાવાઓ માત્ર ૩ દિવસની અંદર જ ક્લિયર કરી દેવામાં આવશે. આ ઉપરાંત, રિફંડની પહોંચ આપવાનો જે સમય પહેલા ૧૫ દિવસનો હતો, તેને ઘટાડીને ૧૦ દિવસ કરી દેવામાં આવ્યો છે અને ડીમ્ડ એક્નોલેજમેન્ટની નવી વ્યવસ્થા શરૂ કરાઈ છે, જેથી વેપારીઓના નાણાં લાંબો સમય ફસાયેલા ન રહે.

### ઈ-કોમર્સ અને નાના વિક્રેતાઓને મોટી છૂટછાટ

ઓનલાઈન પ્લેટફોર્મ પર માલ વેચતા નાના વેપારીઓને હવે અલગ-અલગ રાજ્યોમાં મલ્ટિપલ રજીસ્ટ્રેશન કરાવવાની કોઈ જરૂર રહેશે નહીં, જેનાથી ૯૦% જેટલા ઓનલાઈન વિક્રેતાઓને સીધો ફાયદો થશે. આ ઉપરાંત, માત્ર ગ્રાહકોને જ સીધું વેચાણ કરતા અને રૂપિયા ૫ કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા નાના વેપારીઓ માટે પણ જીએસટી કાઉન્સિલે મોટી રાહત આપી છે. આવા નાના વેપારીઓ હવે વારંવારના રિટર્ન ભરવાને બદલે માત્ર વાર્ષિક રિટર્ન ભરી શકશે.

### નવું રજીસ્ટ્રેશન માત્ર ૩ દિવસમાં મળશે

કોઈપણ નવો વ્યવસાય શરૂ કરવા માંગતા સાહસિકો માટે જીએસટી રજીસ્ટ્રેશન મેળવવાની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત અને ઓટોમેટેડ કરવામાં આવી છે. માનવીય હસ્તક્ષેપ ઘટાડવાના હેતુથી એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે જેમાં મોટાભાગના વ્યવસાયોને માત્ર ૩ દિવસમાં જ નવું રજીસ્ટ્રેશન મળી જશે. તેમજ મુખ્ય વ્યવસાય સ્થળ સિવાયની અન્ય કોઈ પણ વિગતોમાં ફેરફાર કરવાની હોય તો તે લાંબી મંજૂરી પ્રક્રિયા વિના આપમેળે જ ઓટોમેટિક અપડેટ થઈ જશે.

### ઈનપુટ ટેક્સ ક્રેડિટનો વ્યાપ વધારાયો

વેપારીઓને કેપિટલ ગુડ્સ પર જમા થયેલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના રિફંડનો દાવો કરવામાં હવે લાંબા ગાળાની છૂટ મળી છે. આગામી નવેમ્બર મહિનાથી આ સુવિધા હેઠળ ક્રેડિટને ૬૦ મહિના સુધી સ્પ્રેડ કરી શકાશે. એટલું જ નહીં, અગાઉ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ, ફ્રી સેમ્પલ, ફેક્ટરીમાં નંખાતી પાઈપલાઈન અને આઉટડોર કેટરિંગ જેવી સપ્લાય પર આઈટીસી લેવા પર જે કડક પ્રતિબંધો હતા, તેને સંપૂર્ણપણે હટાવી લઈને બિઝનેસને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે.




**અબતક, નવી દિલ્હી**

દેશમાં જીએસટી વહીવટને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે સરકાર દ્વારા એક બહુ મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત નાના કરદાતાઓને મોટી રાહત આપતા રૂપિયા ૧૦,૦૦૦ થી ઓછી રકમના ટેક્સ દાવાઓ માટે ભવિષ્યમાં કોઈ નોટિસ નહીં ફટકારવાનો આદેશ જારી કરાયો છે. સૌથી મહત્વની વાત એ છે કે, સમગ્ર દેશમાં હાલમાં ચાલી રહેલા આવા ૧૨ લાખ જેટલા પડતર કેસોને પણ તાત્કાલિક અસરથી પાછા ખેંચી લેવામાં આવશે. આ નિર્ણયથી નાના વેપારીઓ પરનો કાનૂની બોજ સાવ નહિવત થઈ જશે અને સમગ્ર દેશની ટેક્સ સિસ્ટમ વધુ વેપાર-અનુકૂળ બની જશે.

તાજેતરમાં દિલ્હી ખાતે નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં મળેલી ૫૭મી જીએસટી કાઉન્સિલની બેઠકમાં વિવાદ નિવારણ અને કાનૂની સુધારાઓ પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, રૂપિયા ૧૦,૦૦૦ થી નીચેના કરવેરાના વિવાદોમાં કરદાતાઓને નોટિસ મોકલવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવશે. હાલમાં દેશભરમાં અંદાજિત ૧૨ લાખ જેટલા કેસો માત્ર આ નાની રકમના વિવાદોને કારણે પડતર છે, જેનાથી સરકારી તિજોરી કરતા વહીવટી ખર્ચ અને સમયનો વધુ વ્યય થતો હતો. હવે આ તમામ ૧૨ લાખ કેસો સત્તાવાર રીતે પાછા ખેંચી લેવાના નિર્ણયથી નાના કરદાતાઓને મોટી શાંતિ મળી છે.

કરદાતાઓમાં ભયનો માહોલ દૂર કરવા માટે જીએસટી કાઉન્સિલે ટેક્સ અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ધરપકડની સત્તાઓને પણ નાબૂદ કરી દીધી છે. સેન્ટ્રલ જીએસટી એક્ટની કલમ ૬૯ હેઠળ અધિકારીઓને મળેલી આ સત્તાનો દુરુપયોગ અટકાવવા આ મોટું કદમ ઉઠાવાયું છે. વધુમાં, ટેક્સ ચોરીના

(અનુ. આઠમા પાને)

# ભરૂચની જામાં મસ્જિદમાં તીર્થંકર ભગવાન "મલ્લિનાથ"ના પૂજન માટે જૈનોએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યાં

## ૧૪મી સદીની મસ્જિદના ભોંયરામાંથી જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથની મૂર્તિ મળી હોવાનો દાવો-કોમી તંગદિલી વચ્ચે મૂર્તિને ખંડિત થતી અટકાવવા અરજદારોની માંગ, આજે વધુ સુનાવણી

**અબતક, ગાંધીનગર**

ભરૂચ સ્થિત ૧૪મી સદીની એક ઐતિહાસિક મસ્જિદના પરિસરમાંથી જૈન તીર્થંકરની મૂર્તિ મળી આવવાના દાવા બાદ સમગ્ર મામલો હવે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. મસ્જિદના ભોંયરામાંથી મૂર્તિ મળી હોવાનો દાવો કરી જૈન સમાજ દ્વારા હાઈકોર્ટમાં એક મહત્વપૂર્ણ પિટિશન દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં મસ્જિદમાં પૂજા-અર્ચના કરવાનો અધિકાર આપવા અને મૂર્તિને તાત્કાલિક રક્ષણ પૂરું પાડવા માટે માંગ કરવામાં આવી છે. કોમી તંગદિલી વચ્ચે મૂર્તિને નુકસાન પહોંચાડવામાં આવે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવતા કોર્ટે પણ આ બાબતની નોંધ લીધી છે અને આગામી સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ વિવાદની શરૂઆત આ વર્ષની શરૂઆતમાં જ થઈ ગઈ હતી. જૈન સમાજનો એવો દાવો છે કે મસ્જિદના ભોંયરામાં કરવામાં આવેલા એક નિરીક્ષણ દરમિયાન ૧૯મા જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથની પવિત્ર મૂર્તિ મળી આવી હતી. આ ઐતિહાસિક મસ્જિદ ૧૪મી સદીમાં ગયાઝુદ્દીન તુગલકના શાસનકાળ દરમિયાન બનાવવામાં આવી હોવાનું મનાય છે. મસ્જિદમાંથી મૂર્તિ મળી આવવાની વાત ફેલાતા સ્થાનિક હિન્દુ અને જૈન સંગઠનો દ્વારા એક મોટી રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### ઐતિહાસિક સ્મારક અંગેનો ૧૯૫૮નો કાયદો શું કહે છે?

ભરૂચની આ મસ્જિદ વર્ષ ૧૯૦૯થી આર્કિયોલોજિકલ સરવે ઓફ ઈન્ડિયા દ્વારા સંરક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવેલી છે. તેને રાષ્ટ્રીય મહત્વના સ્મારકનો વિશેષ દરજ્જો પ્રાપ્ત છે. હાલમાં આ સ્મારક વર્ષ ૧૯૫૮ના પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો તથા અવશેષોના કાયદા હેઠળ સંચાલિત થાય છે. આ કાયદાની કડક જોગવાઈઓ સ્પષ્ટ કરે છે કે કોઈપણ સંરક્ષિત સ્મારકનું મૂળ સ્વરૂપ અથવા ચારિત્ર્ય બદલી શકાતું નથી, જેના કારણે જ પૂજાના અધિકાર અંગે કાનૂની પેચ ફસાયો છે.



### કોર્ટમાં સુનાવણી દરમિયાન કોણે શું રજૂઆત કરી?

હાઈકોર્ટમાં આ મહત્વપૂર્ણ પિટિશન સ્થાનિક રહીશો હરિશંકર જૈન અને રાહુલ દિવાન નામના અરજદારો દ્વારા દાખલ કરવામાં આવી છે. આ કેસની પ્રાથમિક સુનાવણી જસ્ટિસ નિશા ઠાકોરની બેન્ચ સમક્ષ હાથ ધરવામાં આવી હતી. કોર્ટમાં રાજ્ય સરકાર વતી સરકારી પ્લીડર જી. એચ. વિર્ક હાજર રહ્યા હતા, જેમણે કોર્ટને જણાવ્યું હતું કે અરજદારોની પિટિશનમાં અને રજૂઆતોમાં કેટલાક યોગ્ય તથ્યો રહેલા છે. હવે આ કેસની વધુ કાનૂની પ્રક્રિયા આજે શુક્રવારની સુનાવણીમાં હાથ ધરાશે.

ગુરુવારે હાઈકોર્ટ સમક્ષ આ મામલે અરજદારોના વકીલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ મૂર્તિ જૈન સમુદાય માટે અત્યંત પવિત્ર છે અને તેથી સમાજના લોકોને ત્યાં વિધિવત રીતે પૂજા કરવાની મંજૂરી મળવી જોઈએ. વિવાદ અને તંગદિલીના વાતાવરણમાં મૂર્તિનો નાશ કરવામાં આવી શકે તેવી દહેશત પણ વ્યક્ત કરવામાં આવી હતી. જો સત્તાધીશો દ્વારા તાત્કાલિક યોગ્ય રક્ષણ આપવામાં નહીં આવે તો મૂર્તિને ખંડિત થવાનો મોટો ભય રહેલો છે તેવી ભીતિ સેવવામાં આવી રહી છે. આ કેસમાં અરજદારો દ્વારા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, પુરાતત્ત્વ વિભાગ અને જામી મસ્જિદની મેનેજિંગ કમિટીને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલો અત્યંત સંવેદનશીલ હોવાથી તંત્ર પણ સાવચેતીના પગલાં લઈ રહ્યું છે. અગાઉ જ્યારે રેલીઓ યોજાઈ હતી ત્યારે પણ કોમી તંગદિલી સર્જાવાની અને કોઈ અનિચ્છનીય બનાવ બનવાની શક્યતાને પગલે પુરાતત્ત્વ વિભાગે દરમિયાનગીરી કરવી પડી હતી. તે સમયે પુરાતત્ત્વ વિભાગ દ્વારા સ્થાનિક જિલ્લા કલેકટરને ખાસ સૂચના આપીને આ ઐતિહાસિક સ્મારકની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે તાકીદ કરવામાં આવી હતી.

# જાન્યુઆરીથી 'તગડા' વીમા કમિશન પર 'લગામ'ની તૈયારી: ૧૦ લાખ એજન્ટો 'નવરા' થઈ જશે!

## આગામી ૨૫ ઓક્ટોબર સુધીમાં સૂચનો મંગવાયા, ત્યારબાદ નવા નિયમો લાગુ થશે: વીમા કંપનીઓ અને બ્રોકરોના કમિશનમાં કાપના પ્રસ્તાવથી ફિનટેક કંપનીઓના શેરોમાં ભારે કડાકો

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં વીમા નિયમનકાર દ્વારા વીમા એજન્ટો અને બ્રોકરોને ચૂકવાતા કમિશન પર અંકુશ મૂકવા માટે એક નવી અને કડક દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ નિર્ણયથી વીમા પોલિસીઓ સસ્તી બનવાની અને સામાન્ય ગ્રાહકોને લાંબા ગાળે મોટો ફાયદો થવાની અપેક્ષા છે. કમિશન પર કાપના સમાચારો વહેતા થતાની સાથે જ ઓનલાઈન વીમા બ્રોકિંગ કંપનીઓના શેરોમાં ભારે કડાકો જોવા મળ્યો છે. નિયમનકારનો મુખ્ય હેતુ કમિશન અને મેનેજમેન્ટ ખર્ચ ઘટાડીને દેશમાં વીમા કવરેજનો વ્યાપ વધારવાનો છે. નવા નિયમો આગામી જાન્યુઆરીમાં લાગુ કરવાની તૈયારી છે. જેનાથી જીવન, સ્વાસ્થ્ય અને પ્રોપર્ટી સહિતના તમામ વીમા ક્ષેત્રોમાં વ્યાપક બદલાવ આવી શકે છે અને ગ્રાહકોને સીધો આર્થિક લાભ મળી શકશે. વીમા ક્ષેત્રના નિયમનકાર આઈઆરડીએઆઈ ના આ નવા પ્રસ્તાવથી ઓનલાઈન વીમા બ્રોકરોની આવકમાં ૯૦ ટકા સુધીનો જંગી ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને નવા બિઝનેસ માટે કમિશન રેટમાં ૧૦ ટકાના ઘટાડાની દરખાસ્તથી પીબી ફિનટેક (પોલિસીબઝાર) જેવી કંપનીઓના શેરોમાં ૩૬ ટકાથી લઈને ૫૦ ટકા સુધીનું ગાબડું પડ્યું છે. ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ એવી ચેતવણી આપી છે કે કમિશન ઘટવાથી વીમા સેક્ટરમાં અંદાજે ૧૦ લાખ (૧ મિલિયન) જેટલી નોકરીઓ જોખમમાં મુકાઈ શકે છે. વર્ષ ૨૦૨૩માં નિયમો હળવા થયા બાદ વીમા પ્રીમિયમના ગ્રોથ કરતા કમિશનમાં વધુ ઝડપથી વધારો થયો હોવાથી નિયમનકાર દ્વારા આ કડક પગલાં લેવાઈ રહ્યા છે.




જોકે, આઈઆરડીએઆઈ ના હોલ-ટાઈમ સભ્ય સુબ્રમણ્યને નોકરીઓ જવાની આ મોટી આશંકાને સદંતર ફગાવી દીધી છે. તેમના મતે, આ નવા સુધારાઓથી વીમા વિતરણનું નેટવર્ક વધુ મજબૂત અને બહોળું બનશે, જેનાથી બજારમાં નવા લોકો પ્રવેશી શકશે અને રોજગારીની નવી તકો ઉભી થશે. ગ્રાહકો સુધી વીમાની પહોંચ વધારવા માટે નિયમનકારે મેનેજમેન્ટ ખર્ચ પરની મર્યાદાઓને પણ આવનારા ૫ વર્ષમાં તબક્કાવાર ઘટાડવાની યોજના બનાવી છે. આ માટે પ્રથમ વચગાળાનો ટાર્ગેટ માર્ચ ૨૦૨૯ ના નાણાકીય વર્ષ સુધીમાં પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ નવી પોલિસીમાં માત્ર કાપ જ નથી, પરંતુ ગ્રામીણ વિસ્તારો માટે મોટું પ્રોત્સાહન પણ છે. મોટા શહેરોની બહાર, ખાસ કરીને નાના નગરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વીમાનો વ્યાપ વધારવા માટે ડિસ્ટ્રિબ્યુટર્સને ખાસ રાહતો જાહેર કરાઈ છે. નવી દરખાસ્ત મુજબ, ૧૦ લાખથી ઓછી વસ્તી ધરાવતા વિસ્તારોમાં બિઝનેસ લાવનાર ડિસ્ટ્રિબ્યુટર્સને કમિશન મર્યાદામાં ૧૦ ટકાનો વધારાનો લાભ મળશે. જ્યારે ૫૦ હજારથી ઓછી વસ્તીવાળા નાના ગામડાઓ અને નગરો માટે આ કમિશન મર્યાદા ૨૦ ટકા સુધી વધારવામાં આવશે, જેથી છેવાડાના માનવી સુધી વીમા સુરક્ષા પહોંચાડી શકાય.

આ નવા નિયમો અને વ્યાપક ફેરફારો અંગે તમામ હિતધારકો, વીમા કંપનીઓ અને બ્રોકર્સ પાસેથી આગામી ૨૫ ઓક્ટોબર સુધીમાં પ્રતિભાવો અને જવાબો મંગાવવામાં આવ્યા છે. ત્યારબાદ

(અનુ. આઠમા પાને)

# સરકારે "બાંધણું" કરતા કેન્સરની દવા ૭૦% સસ્તી થશે

## સુપ્રીમ કોર્ટની ટકોર બાદ નિર્ણય: બ્રાન્ડેડ, જેનરિક અને આયાતી તમામ કેન્સરની દવાઓ પર વેપારીઓ 30 ટકાથી વધુ નફો નહીં લઈ શકે

**અબતક, રાજકોટ**

કેન્સરના દર્દીઓ માટે રાહતના સમાચાર આપતા સરકારે નોન-શેડ્યૂલ્ડ એન્ટી-કેન્સર દવાઓ પરના ટ્રેડ માર્જિનને 30 ટકા સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લીધો છે. આ પગલાથી કેન્સરની અત્યંત મોંઘી દવાઓના ભાવમાં ૨૦ થી ૭૦ ટકા સુધીનો ઘટાડો થવાની અને દર્દીઓને વાર્ષિક અંદાજે ૨,૫૦૦ કરોડ રૂપિયાની બચત થવાની અપેક્ષા છે.

નવા નિયમ મુજબ, ટ્રેડ માર્જિન ઘટતા ઉત્પાદક કે માર્કેટિંગ કંપનીઓએ દવાની કિંમત ઘટાડવી પડશે, જેનાથી કેન્સરના દર્દીઓનો પોતાના ખિસ્સામાંથી થતો મોટો ખર્ચ અટકશે. આરોગ્ય મંત્રાલય હેઠળની નિષ્ણાત સમિતિએ બુધવાર સુધીમાં આ નિર્ણય હેઠળ આવરી લેનારી બ્રાન્ડેડ, જેનરિક, દેશી, આયાતી તેમજ પેટન્ટેડ દવાઓની યાદી સુપ્રત કરશે. આ નિર્ણય બાદ પણ પુરવઠો ખોરવાય નહીં તે માટે ઉત્પાદકોએ વર્તમાન ઉત્પાદન જાળવી રાખવું પડશે, જેનાથી તેમની વેચાણ કિંમત કે આવક પર કોઈ વિપરીત અસર નહીં પડે.




નોંધનીય છે કે, રિટેલરોને ૨,૭૦૦ રૂપિયામાં મળતી દવાનું ૨૭,૦૦૦ રૂપિયાની કિંમત પર વેચાણ થતું હોવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો હતો, જેના દિવસો બાદ આ મોટો નિર્ણય લેવાયો છે. એનપીપીએ અનુસાર, કેટલીક દવાઓ પર સરેરાશ ૧૭૦ ટકા અને મહત્તમ ૭૦૦ ટકા સુધીનું અતિશય માર્જિન વસૂલવામાં આવતું હતું. જોકે, 'વર્કિંગ ગ્રુપ ઓન એક્સેસ ટુ મેડિસિન્સ એન્ડ ટ્રીટમેન્ટ્સ' એ દાવો કર્યો છે કે ૨૦૧૯ ના નિર્ણયની જેમ માત્ર 30 ટકા કેપિંગથી તમામ દવાઓ સસ્તી નહીં થાય, કારણ કે કેટલીક દવાઓના ભાવ તે પછી પણ સતત વધ્યા છે.

રાજકોટમાં સૌ પ્રથમવાર બહેનો માટે
POPULAR SILVER
બેંગલ મેલા
8 to 12 OCTOBER 2026
10.30 am to 8.30 pm
SUNDAY OPEN
બેંગલ્સ માં વૈવિધ્યસભર વેરાયટી
• 92.5 રોઝ ગોલ્ડ પ્લેટિંગ બેંગલ્સ
• 92.5 એન્ટીક બેંગલ્સ
• 92.5 લાઈટ વેઈટ બેંગલ્સ
• 92.5 કટ સ્ટોન બેંગલ્સ
• ગંગા જમના બેંગલ્સ
• રોડિયમ બેંગલ્સ
તથા અન્ય વિશાળ રેન્જ ઉપલબ્ધ



popular Group SINCE 1963
popular SILVER
શ્રી આશાપુરા મંદિર સામે, પેલેસ રોડ, રાજકોટ.
Mo. 70690 99600
ADEX
બેંગલ મેલા માત્ર આશાપુરા મંદિર સામે, પેલેસ રોડ પરના શોરૂમ ખાતે જ

### ટપાલઃ કબૂતરની પાંખો અને ઈન્ટરનેટની ઝડપ વચ્ચેનો સેતુ

# પાંખોથી પોસ્ટ સુધી, પોસ્ટથી પિક્સેલ સુધીઃ સંદેશાની સદીઓ લાંબી સફર

## ભારતની ટપાલ સેવાનું નેટવર્ક એ વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છેઃ ૧૭૨૭માં ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા કોલકતામાં સૌ પ્રથમ પોસ્ટ ઓફિસની સ્થાપના કરાય હતીઃ ૧૨૯૬માં ઘોડેસ્વાર ટપાલથી શરૂ થયેલી સેવા, આજે ઈન્ટરનેટ માધ્યમથી ટોચે પહોંચી છે

ભારતમાં સમ્રાટ ચંદ્રગુપ્તના શાસનકાળથી સંદેશાના આદાન-પ્રદાન માટેની શરૂઆત થઈ હતી. તે સમયે પાડોશી રાજ્યના રાજા સાથે મહત્વના દસ્તાવેજો મોકલવા તેમજ લાવવાની કામગીરી ખાસ માણસો દ્વારા થતી હતી. સંદેશા વ્યવહારના આરંભકાળમાં તો કબુતર દ્વારા પત્ર સંદેશા મોકલવામાં આવતા હતા. પઠાણ રાજા અલાઉદ્દીન ખીલજીના સરદાર જીયાઉદ્દીન બરાનીએ વ્યવસ્થિત ટપાલ વ્યવસ્થા ગોઠવી હતી, હલકારા નામે ઓળખાતા ઘોડેસવાર ટપાલીઓ ૧૨૯૬માં ટપાલો દેવા જતા હતા. ભારતમાં મુઘલ વંશની સ્થાપના કરનાર બાબર પોતાની રાજધાની આગરાથી કાબુલ સુધી ઘોડે સવારો દોડાવીને કાગળો મોકલતો હતો.આજે સંદેશો સેકન્ડોમાં પહોંચે છે, છતાં કાગળ પર લખાયેલી ચિઠ્ઠીમાં રહેલી લાગણી, રાહ અને માનવીય સ્પર્શનું મહત્વ હજુ પણ અનોખું છે.

માનવ સંસ્કૃતિના વિકાસ સાથે એક સ્થળેથી બીજા સ્થળે સંદેશો પહોંચાડવાની જરૂરિયાત પણ સતત વધતી ગઈ. પ્રાચીન સમયમાં ઝડપી સંદેશાવ્યવહાર માટે પ્રશિક્ષિત કબૂતરોનો ઉપયોગ થતો હતો. ખાસ કરીને યુદ્ધ અને મહત્વના સમાચાર પહોંચાડવા માટે કબૂતર સંદેશાવ્યવહારનું અસરકારક માધ્યમ બન્યાં હતાં. કાગળની નાની ચિઠ્ઠી કબૂતરના પગ સાથે બાંધીને તેને નિર્ધારિત સ્થળે મોકલવામાં આવતું. બીજી તરફ રાજાઓ અને શાસકોના સંદેશા પહોંચાડવા માટે ઘોડેસવાર દૂતોનો પણ ઉપયોગ થતો. દૂત એક સ્થળેથી બીજા સ્થળે સંદેશો લઈ જતો અને આ રીતે માનવજાતે અંતર પર વિજય મેળવવાની શરૂઆત કરી.




સમય જતાં સંદેશાવ્યવહાર વધુ સંગઠિત બન્યો અને ટપાલ વ્યવસ્થાનો વિકાસ થયો. વ્યક્તિગત પત્રો, સરકારી દસ્તાવેજો, વેપારી સંદેશા અને શુભેચ્છાઓ પહોંચાડવા માટે ટપાલ મહત્વનું માધ્યમ બની. ભારતમાં પણ આધુનિક ટપાલ વ્યવસ્થાના વિકાસે દેશના દૂરના વિસ્તારોને એકબીજા સાથે જોડવામાં મોટી ભૂમિકા ભજવી હતી. પોસ્ટમેન માત્ર પત્ર પહોંચાડનાર વ્યક્તિ નહોતો, પરંતુ પરિવાર, સમાજ, વેપાર અને શાસન વચ્ચેની કડી હતો. લાંબા અંતરે રહેતા સ્વજનો વચ્ચે લાગણી, સમાચાર અને સંબંધો જાળવી રાખવામાં ચિઠ્ઠીઓનું આગવું સ્થાન રહ્યું.ઓગણીસમી સદીમાં ટેલિગ્રાફ એટલે કે 'તાર'ના આગમનથી સંદેશાવ્યવહારમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું. અગાઉ સંદેશો પહોંચવામાં દિવસો કે અઠવાડિયા લાગી શકતા, જ્યારે તાર દ્વારા ટૂંકા સંદેશા ઝડપથી દૂરના સ્થળે પહોંચાડવાનું શક્ય બન્યું. ખાસ કરીને તાત્કાલિક સમાચાર, સરકારી સૂચનાઓ, વેપાર અને આપત્તિ જેવી પરિસ્થિતિઓમાં તાર ખૂબ ઉપયોગી બન્યો હતો. ભારતમાં પણ ટેલિગ્રાફે વિશાળ ભૌગોલિક અંતરને ઝડપથી જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી. જોકે તારના યુગમાં પણ વિગતવાર અને વ્યક્તિગત સંદેશા માટે ટપાલ અને પત્રવ્યવહારનું મહત્વ યથાવત રહ્યું.વીસમી સદીના ઉત્તરાર્ધમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટના વિકાસે સંદેશાવ્યવહારની આખી દુનિયા બદલી નાખી. ઈ-મેલ દ્વારા પત્રની જેમ લાંબો સંદેશ, દસ્તાવેજ કે તસવીર પણ સેકન્ડોમાં હજારો કિલોમીટર દૂર મોકલવી શક્ય બની. ઈન્ટરનેટે ભૌગોલિક અંતરને લગભગ અદશ્ય કરી દીધું. એક સમય હતો જ્યારે પોસ્ટમેનના પગલાંની રાહ જોવાતી, હવે ડિજિટલ સંદેશો 'સેન્ડ' બટન દબાવતાં જ સામેની વ્યકિત સુધી પહોંચી શકે છે. આ પરિવર્તને શિક્ષણ, વેપાર, પત્રકારિતા, સરકારી સેવાઓ અને વ્યકિતગત સંવાદ સહિત જીવનના લગભગ દરેક ક્ષેત્રને અસર કરી.આજે વિશ્વ પોસ્ટ દિવસ છે, ''એક પોસ્ટલ નેટવર્ક, અનંત શક્યતાઓ'' થીમ હેઠળ આ વર્ષનું અભિયાન સંયુક્ત વૈશ્વિક પોસ્ટલ નેટવર્કની તાકાત અને લોકો, વ્યવસાયો અને સમુદાયો માટે તેણે બનાવેલી ઘણી શક્યતા ઓની ઉજવણી કરે છે. ત્યારબાદ સોશિયલ મીડિયા અને સ્માર્ટફોને સંદેશાવ્યવહારને વધુ વ્યક્તિગત, ઝડપી અને સતત બનાવ્યો. વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એક્સ જેવી ડિજિટલ સેવાઓ દ્વારા લખાણ સાથે ફોટો, વીડિયો, અવાજ અને દસ્તાવેજો પણ પળવારમાં શેર થઈ શકે છે. કીબોર્ડ હવે માત્ર કમ્પ્યુટર સુધી મર્યાદિત નથી રહ્યો; સ્માર્ટફોનના વર્ચ્યુઅલ કીબોર્ડે દરેક વ્યકિતના હાથમાં સંદેશાવ્યવહારનું સાધન મૂકી દીધું છે. શોર્ટ મેસેજ સર્વિસ એટલે SMSએ પણ મોબાઈલ સંદેશાવ્યવહારના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી અને ટૂંકા લખાણને ઝડપથી એક ફોનથી બીજા ફોન સુધી પહોંચાડવા ની નવી રીત આપી. આ સમગ્ર સફર આપણને બતાવે છે કે માધ્યમ બદલાયાં છે, પરંતુ માનવીની એકબીજા સુધી પહોંચવાની મૂળભૂત જરૂરિયાત બદલાઈ નથી.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

૧૭૨૭માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કોલકત્તામાં સૌ પ્રથમ પોસ્ટ ઓફિસ સ્થાપી હતી. ૧૭૬૬માં સૌપ્રથમ લોર્ડ ક્લાઈવ દ્વારા ભારતમાં ટપાલ વિતરણ ની પદ્ધતિની શરૂઆત થઈ હતી ત્યારબાદ ૧૭૭૪માં વોરન હેસ્ટિંગ્સ તેને કાયદાકીય સ્વરૂપ આપી વધુ વ્યવસ્થિત બનાવ્યું. પહેલી જૂને ૧૭૮૬ માં મદ્રાસમાં ફોર્ટ જ્યોર્જ સ્કવેર બીચ પાસે જનરલ પોસ્ટ ઓફિસ શરૂ થઈ. આઝાદી પહેલાનું કાઠિયાવાડ સૌરાષ્ટ્ર જુનાગઢ જિલ્લો ત્યાંથી ૧૮૬૪ માં એક આના ટિકિટ બહાર પાડનાર પ્રથમ રાજ્ય બન્યું. તેની ઉપર 'સૌરાષ્ટ્ર પોસ્ટ ૧૮૬૪- ૬૫' એવું લખાણ હતું. આઝાદ ભારતની પ્રથમ ટિકિટ સાડા ત્રણ આના તારીખ ૨૧ નવેમ્બર ૧૯૪૭ બહાર પડી જેની ઉપર જય હિન્દ લખેલું હતું. પ્રથમ જુલાઈ ૧૮૭૯ માં તાર અને ટપાલ ખાતાએ પ્રથમ પોસ્ટ કાર્ડ બહાર પાડ્યું હતું.ભારતમાં ટપાલ સેવા શરૂ થઈ ત્યારે તે માત્ર સરકારી કામકાજ માટે વાપરવામાં આવતી હતી. ૧૮૩૭ બાદ આ સેવા જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવી.

૧૮૫૪માં ભારતીય પોસ્ટ ઓફિસની પદ્ધતિસરની શરૂઆત થઈ. ભારતની ટપાલ સેવાનું નેટવર્ક એ વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે. ૧૯૯૫ માં રજીસ્ટર ટપાલો નું કમ્પ્યુટર દ્વારા વર્ગીકરણ કરવાનું શરૂ થયું. ટપાલ દ્વારા નાણાં મોકલવાની સેવાની શરૂઆત ૧૮૮૦માં થઈ.

## આઝાદી પહેલાનું કાઠિયાવાડ સૌરાષ્ટ્ર જુનાગઢમાં ૧૮૬૪માં એક આનાની ટિકિટ પ્રથમ બહાર પાડવામાં આવી હતીઃ જુલાઈ ૧૯૪૮માં બેંગ્લોર ખાતે ઈન્ડિયન ટેલીફોન ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના થઈ હતીઃ વિશ્વભરમાં ૬.૫ લાખથી વધુ ઓફિસો અને ૫૩ લાખ સ્ટાફ ધરાવતું વિશાળ પોસ્ટલ નેટવર્ક છે

### વિશ્વની ૫૩% પોસ્ટ ઓફિસો વીમો પૂરો પાડે છે

વિશ્વભરમાં ૧.૫ અબજથી વધુ લોકો વૈશ્વિક પુખ્ત વસ્તીના આશરે ૨૮% પોસ્ટલ નેટવર્ક દ્વારા મૂળભૂત નાણાકીય સેવાઓ ચુકવણી, નાણાં ટ્રાન્સફર અને બચતનો ઉપયોગ કરે છે.

વૈશ્વિક પાર્સલ બજાર ૨૯૧૮ માં ૪૫૦ બિલિયન યુએસડીથી થોડું ઓછું હતું જે ૨૦૨૦ માં ૫૦૦ બિલિયન યુએસડીથી વધુ થઈ ગયું છે. વિશ્વની ૫૩% પોસ્ટ ઓફિસો વીમો પૂરો પાડે છે, જે અનિયમિત અને અણધારી આવકના સ્તરનો સામનો કરી રહેલા ઓછી આવક ધરાવતા વ્યક્તિઓની સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ નાણાકીય સેવા છે. વિશ્વભરમાં ૬.૫ લાખથી વધુ ઓફિસો અને ૫૩ લાખ સ્ટાફ ધરાવતું પોસ્ટલ નેટવર્ક છે.

# માણાવદરના સારંગપીપળી ગામે સેવાસેતુમાં ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર તાલુકાના સારંગપીપળી ગામની પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે માણાવદર મામલતદાર મહેશભાઈ શુકલ, સારંગ પીપળી ગામના સરપંચ કાંતિભાઈ મારૂ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આઈસીડીએસ રાજકોટ ઝોન આયોજિત પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં જૂનાગઢ જિલ્લો વિજેતા

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**



મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત વિભાગીય નાયબ નિયામકની કચેરી, આઈ.સી.ડી.એસ. રાજકોટ ઝોન દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ ખાતે ઝોન કક્ષાના 'પોષણ ઉત્સવ-૨૦૨૬' તથા ટેક હોમ રાશન અને મિલેટસ અન્નમાંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ જીલ્લાના હાટીનામાંથી માળિયા-૧ આંગણવાડી કેન્દ્રના તેડાગર મહિડા પિન્ટુબેન જમનભાઈએ મોરૈયાના સેન્ડવીચ ઢોકળા બનાવ્યા હતા. જેઓએ ઝોન કક્ષાએ મિલેટસ વાનગી સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તેમજ મેંદરડાના રાજેસર-૨ આંગણવાડી કેન્દ્રના કાર્યકર મકડિયા જાગૃતિબેન માણસુરભાઈ દ્વારા બાલશક્તિમાંથી બાસ્કેટ ચાટ બનાવવામાં આવી હતી. જેઓએ ઝોન કક્ષાએ ટેક હોમ રાશન વાનગી સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અને વિજેતા બહેનોને પ્રમાણપત્ર આપીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં જૂનાગઢ જિલ્લા કક્ષાના 'પોષણ ઉત્સવ-૨૦૨૬' તથા ટેક હોમ રાશન અને મિલેટસ (શ્રી અન્ન) માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધા માં ટેક હોમ રાશન વાનગી સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતા અને મિલેટસ વાનગી સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓએ ભાગ લીધો હતો.

## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL

**તારીખ ૦૯-૧૦-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (મીઠડા મહેમાન)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (લૌકી કોફતા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૧૦-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# માર્ગદર્શક માત્ર સફળતા તરફ નથી દોરી જતા વિકટ વેળાએ સાચો માર્ગ પણ બતાવે છે !

જીવનમાં આગળ વધવા માટે માર્ગદર્શક નું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. યોગ્ય માર્ગદર્શક આપણને માત્ર સફળતા તરફ નથી લઈ જતા પરંતુ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સાચો અને રસ્તો બતાવીને આપણી ક્ષમતાને આગળ લઈ જવા માટેનું કામ કરે છે. જીવનમાં આગળ વધવા માટે આપણું માર્ગદર્શન કોણ કરે છે એ ખૂબ મહત્વનું છે. માર્ગદર્શક કોઈ ચોક્કસ વ્યક્તિ હોવો જરૂરી નથી, પણ તે આપણા જીવનમાં અલગ અલગ તબક્કે આપણી સાથે રહે એ હોવું જરૂરી છે. જેમ કે જન્મ આપનારા આપણા માતા-પિતા અને આપણો પરિવાર આપણું પ્રથમ માર્ગદર્શક હોય છે. જે આપણને સંસ્કાર, ધૈર્ય અને જીવન જીવવાના પાયાના મૂલ્ય શીખે છે. આપણા સુખ દુઃખના સમયમાં માતા-પિતા ભાઈ બહેન અને આપણા પરિવારના સભ્યો આપણને સાથ આપે છે. અને સાથે રહે છે. એવી જ રીતે બીજા માર્ગદર્શક આપણા શિક્ષકો અને ગુરુઓ છે. આપણને ભણતા શાળા કોલેજમાં આપણા ધ્યેય સુધી પહોંચી વળવા માટેની પૂરેપૂરી મહેનત આપણી પાસે જે કરાવે છે તે આપણા ગુરુ છે. આપણે જીવનમાં ઘણું બધું શીખીએ છીએ. આપણને શિક્ષકોને ગુરુઓ સાચી દિશા બતાવી આપણી આંતરિક શક્તિને ઓળખવામાં મદદ કરે છે.

### માર્ગદર્શક હંમેશા વ્યક્તિની કાર્ય કરવાની યાત્રાને સરળ બનાવવાની પ્રક્રિયામાં સાથે રહે છે

સાથો સાથ આપણી સાથે કામ કરતા આપણા સહ કર્મચારીઓ આપણને સાચો માર્ગદર્શક તરીકે સાથ આપે છે. જે આપણા કાર્યક્ષેત્રમાં આપણી સાથે રહી અને જે જૂના અનુભવો હોય તે આપણને કહી અને તેના ઉપર કેવી રીતે આગળ વધવું એ સમજ આપે છે. તેવો ક્ષેત્રના વ્યવહારિક જ્ઞાન અને તકો વિશે આપણને જરૂરી માર્ગદર્શન આપી અને સારા માર્ગદર્શક બની જાય છે.

માર્ગદર્શક હંમેશા આપણી આ કાર્ય કરવાની યાત્રાને સરળ બનાવવાની પ્રક્રિયામાં સાથે રહે છે. માર્ગદર્શક માં અનુભવી જ્ઞાની લોકોને ગણના ખૂબ જ હોય છે જે આવનારી મુશ્કેલીઓનો ઉકેલ કેમ લાવવો કેવી રીતે તે મુશ્કેલીઓને શાંતિથી સંભાળી એમાંથી કઈ રીતે બહાર આવી શકીએ એ નુકસાની વગર આપણને પાકી જાણકારી આપે છે. આપણને આવતી મુશ્કેલીઓને અગાઉ ચેતવી અને સરળતાથી ઉકેલ માં સાથ આપે છે. ઘણીવાર માનવીય વર્તન આપણું સ્થિર હોતું નથી, આપણી પ્રાથમિકતા પ્રમાણેનું આપણું જીવન હોય છે.જે ઘણીવાર સંજોગો અને સ્વાર્થ ને આધારિત હોય છે જેમાં આપણું સંઘર્ષ કયા પ્રકારનું હોય છે તે મહત્વનું છે. લોકોની ઈર્ષા આપણી સફળતાને આડે આવતી હોય ત્યારે લોકો અને આપણા વચ્ચે નું ઘર્ષણ ને સમજી ને સાચી સમાજ આપે એ સાચો માર્ગદર્શક છે. માર્ગદર્શક વગર કાર્યની યાત્રા મૂંઝવણ ભરેલી લાગે છે. આત્મવિશ્વાસ નબળો પડે છે મહેનત અને યોગ્ય દિશા ન આપે અને આપણી દરેક બાબતને દરરોજ યોગ્ય દિશામાં આપણું અવલોકન કરે એ પણ માર્ગદર્શક ની નિશાની છે. આપણને માર્ગદર્શન આપના વ્યક્તિ સફળ જ હોય એ પણ જરૂરી નથી. અત્યારના સમય પ્રમાણે વિચારતા વ્યક્તિની સાથે ચાલવું ઘણીવાર મુશ્કેલ હોય છે. સમાજનું વિચારીને ચાલવું ખૂબ જરૂરી બને છે. આપણે મહાભારતના યુદ્ધમાં જોયેલ કે અર્જુનના માર્ગદર્શક તરીકે ભગવાન શ્રીકૃષ્ણ હતા. એમણે અર્જુનને ભૂલો પણ ટકોર કરી અને સાચી સમજ આપી હતી. એવી જ રીતે આપણે કોઈપણને નીચા દેખાડવા આપણી વાતને ઉપર રાખવી લોકોની ભૂલોને શોધવી એ સાચા માર્ગદર્શક ની નિશાની નથી.

**ડો, બી.આર.વાઘેલા**
**પ્રમુખ : શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ-રાજકોટ**

જીવનમાં અનુભવો આપણી ભૂલો અને મળેલી નિષ્ફળતાઓને અને સ્વાનુંભાવ પણ સમજતા આપણા માટે એક માર્ગદર્શક બની જાય છે. એવી જ રીતે જે નિષ્પક્ષ અને સાચા પણાને પસંદ કરે છે, જે આપણને પ્રશંસામાં ભોળવતા નથી, આપણી નબળાઈ અને ધ્યાનમાં રાખીને આપણને ટોકી શકે છે, ક્યાં કેટલી ભૂલ છે એ ટકોર કરી ને કહી શકે, એ સાચા માર્ગદર્શક ની નિશાની છે એવી જ રીતે નિષ્ફળતા કે નબળાઈને સ્પષ્ટ પણે અને સકારાત્મક રીતે પ્રકાશ પાડી આપણને સુધરવાની તક આપે અને સાચા માર્ગ પર આપણને લઈ જાય. સાચી રીતે માર્ગદર્શક દુરદર્શી અને પ્રેરણાદાયી હોવો જોઈએ જે ભવિષ્યનું વિચારીએ આપણને સાચો માર્ગ બતાવે. આપણી વાત ગૂંચવણમાંથી કેવી રીતે આપણે બહાર નીકળી શકીએ તે દિશા સ્પષ્ટતા માં હંમેશા મદદરૂપ થાય.

## સૂડોકુ -૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | | | ૧ | ૩ | | | |
| | | ૪ | | | ૭ | | | |
| | | | ૨ | ૪ | | | | |
| | | | ૪ | | ૬ | | ૩ | ૭ |
| | | ૯ | ૫ | | | ૪ | | |
| | | | | | | | | |
| | | | | | ૫ | ૩ | ૭ | |
| | ૧ | | | ૩ | | | | ૨ |
| ૭ | | ૮ | | ૬ | | | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૯૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૧ | ૭ | ૬ | ૮ | ૫ | ૯ | ૪ | ૩ | ૨ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૬ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૭ | ૯ |
| ૩ | ૮ | ૯ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ |

## અબતક પંચાગ

### તા.૧૦-૧૦-૨૦૨૬ શનીવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ભાદરવા વદ અમાસ અમાસનું શ્રાદધ
**નક્ષત્ર** હસ્ત
**યોગ** ઐન્દ્ર **કરણઃ** ચતુષ્પાદ
**સુર્યોદય** ૬.૪૩ **સુર્યાસ્તઃ** ૬.૨૬
**ચંદ્ર રાશી** કન્યા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૫૮

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## તા.૧૦/૧૦ ને શનિવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, ભાદરવા વદ અમાસ, હસ્ત નક્ષત્ર, ઐંદ્ર યોગ, ચતુષ્પાદ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
**વૃષભ (બ,વ,ઉ)** : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યકિતથી મુલાકાત થાય.
**મિથુન (ક,છ,ઘ)** : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
**કર્ક (ડ,હ)** : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.
**સિંહ (મ,ટ)** : તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો ,શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ)** : તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
**તુલા (ર,ત)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો
**વૃશ્ચિક (ન,ય)** : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગાર માં સારું રહે, પ્રગતિ થાય.
**મકર (ખ,જ)** : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
**કુંભ (ગ,સ,શ)** : ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.
**મીન (દ,ચ,ઝ,થ)** : આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

## પોરબંદરમાં ''બ્લુ ઈકોનોમી'' ધમધમશે

# દરિયામાંથી ખાતર, કોસ્મેટિક, ન્યૂટ્રિશન જેવા ઉત્પાદનો વિકસાવવા ૧૦૦ કરોડના ખર્ચે મરીન બાયોટેક બનશે

### મોચા ગામે ૩૦ એકરમાં રિસર્ચ અને ઈન્ડસ્ટ્રિયલ હબ સ્થાપાશે; સમુદ્રી સેવાળ અને જૈવિક સંપત્તિમાંથી ઉચ્ચ મૂલ્યના ઉત્પાદનો બનશે તેમજ સ્થાનિક યુવાનોને રોજગારી-તાલીમ મળશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે રાજ્યની દરિયાઈ જૈવિક સંપત્તિનો મહત્તમ સદુપયોગ કરી બ્લુ બાયો-ઈકોનોમીને મજબૂત કરવાના હેતુથી પોરબંદર જિલ્લાના મોચા ગામે ૧૦૦ કરોડના ખર્ચે મરીન બાયોટેકનોલોજી રિસર્ચ એન્ડ ઈનોવેશન કોરિડોર સ્થાપવાની મહત્ત્વકાંક્ષી યોજના તૈયાર કરી છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અને ભાવનગર સ્થિત - સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવશે.



આ સમગ્ર પ્રોજેક્ટ મોચા ગામે ૩૦ એકર જમીન પર સાકાર થશે. જેમાં ૧૦ એકર વિસ્તાર વૈજ્ઞાનિક સંશોધન, ઈનોવેશન, તાલીમ અને મરીન ઓપરેશન્સ માટે રિસર્ચ કેમ્પસ તરીકે વિકસાવાશે, જ્યારે બાકીના ૨૦ એકરમાં પાયલટ-સ્કેલ પ્રોસેસિંગ, મેન્યુફેક્ચરિંગ, વેરહાઉસિંગ, લોજિસ્ટિક્સ અને ક્વોલિટી કંટ્રોલ જેવી સુવિધાઓ સાથેનું ઈન્ડસ્ટ્રિયલ ઈકોસિસ્ટમ ઊભું કરવામાં આવશે. આ કેન્દ્રમાં સમુદ્રી સેવાળ , સૂક્ષ્મ શેવાળ અને ખારા પાણીના સુક્ષ્મજીવોનો ઉપયોગ કરીને બાયો-ફર્ટિલાઈઝર્સ, બાયો-સ્ટિમ્યુલન્ટ્સ, ન્યૂટ્રાસ્યુટિકલ્સ, કોસ્મેટિક્સ, પ્રાણીઓ તથા જળચર જીવો માટેનો આહાર , એન્ઝાઈમ્સ, દવાઓ માટેના મધ્યવર્તી તત્ત્વો તેમજ વિવિધ બાયોમટીરિયલ્સનું ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત, સમુદ્રી સેવાળમાંથી અગર, અલ્જીનેટ અને કારાજીનન જેવા મૂલ્યવર્ધિત ઘટકો મેળવવા માટે કાચા માલના સંચાલન, પ્રોસેસિંગ, અર્ક કાઢવા, પાઉડર બનાવવા અને પેકેજિંગ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતું એક ડેડિકેટેડ સીવીડ-પ્રોસેસિંગ ક્લસ્ટર પણ તૈયાર કરવામાં આવશે. ભવિષ્યમાં આ કોરિડોરનું નેટવર્ક સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠે વિસ્તારાશે.આ પ્રોજેક્ટથી દરિયાકાંઠાના વિસ્તારોમાં રોજગારીની નવી તકો પણ ઊભી થશે. પ્રથમ પાંચ વર્ષ દરમિયાન સાગરખેડૂતો, યુવાનો, મહિલા જૂથો, સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓ સહિત આશરે ૧,૦૦૦ થી ૧,૫૦૦ લોકોને આ ક્ષેત્રે ખાસ તાલીમ આપીને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી પરેડમાં આવેલા ૩૭ જવાનો હજી હોસ્પિટલમાં: એકનું મોત

### ૮૭ જવાનો પૈકી ૫૦ ને ડિસ્ચાર્જ કરાયા: આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ હોસ્પિટલની મૂલાકાત લીધી

**અબતક, રાજકોટ**

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આગામી રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં ભાગ લેવા આવેલા ૮૭ જવાનોની તબીયત લથડતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૦ જવાનોની તબીયત સુધરતા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. જયારે ૩૭ હજી હોસ્પિટલમાં દાખલ છે. એક જવાનનું મોત નિપજયુ છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગઈકાલ મોડી રાત્રે અચાનક ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈને ડેન્ગ્યુની સારવાર લઈ રહેલા જવાનોના સ્વાસ્થ્ય અંગે તાકીદની સમીક્ષા કરી હતી.

મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યુ હતું કે, ઓરિસ્સા, ઝારખંડ, દિલ્હી, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢથી આવેલા આશરે ૮૭ જવાનોને તાવ અને અન્ય શારીરિક અસ્વસ્થતાની ફરિયાદ બાદ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

છેલ્લા ૧૦ દિવસ મા ક ૮૭ દાખલ થયેલ જેમાંથી ૫૦ જવાનો પૂર્ણપણે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. જ્યારે બાકીના ૩૭ જવાનો હાલ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

વધુમાં ડેન્ગ્યુની સારવાર દરમિયાન કોઈ પણ જવાનને પ્લેટલેટ્સની તાકીદે જરૂર પડે તો તે માટે રક્ત અને પ્લેટલેટ્સના પૂરતા સ્ટોકની સમીક્ષા આરોગ્ય મંત્રીએ કરી હતી તેમજ વહેલી તકે ત્વરિત સારવાર પૂરી પાડવા આદેશ આપ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ રહેલા જવાનો પૈકી એક જવાનના અચાનક થયેલા દુ:ખદ અવસાન અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ઊંડા દુ:ખની લાગણી વ્યક્ત કરી હતી.

મંત્રીએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં હોસ્પિટલમાં દાખલ તમામ જવાનોની સ્થિતિ એકસરખી અને સ્થિર હતી. પરંતુ, એક જવાને અચાનક છાતીમાં અસહ્ય દુખાવાની ફરિયાદ કરી હતી. તબીબોની ટીમે તાત્કાલિક ધોરણે ત્વરિત પગલાં લઈને ઈસીજી સહિતની જરૂરી કાર્ડિયાક તપાસ હાથ ધરી હતી અને જવાનને આઈસીયુમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. જોકે, સઘન સારવાર છતાં જવાનને બચાવી શકાયા નહોતા.

તબીબોના પ્રાથમિક તારણ અંગે માહિતી આપતા તેમણે ઉમેર્યું હતું કે, જવાન તાવ અને શારીરિક અસ્વસ્થતા હોવા છતાં તેમની રોજિંદી ભારે કસરત કે વર્કઆઉટ ચાલુ રાખતા હતા, જેના કારણે કદાચ કાર્ડિયાક અરેસ્ટ - હૃદયરોગનો હુમલો આવ્યો હોવાની આશંકા છે. જોકે, જવાનના મૃત્યુનું સાચું અને ચોક્કસ કારણ ફાઈનલ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સામે આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા પ્રથમ દિવસથી જ નક્કર સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. જવાનો જ્યાં રોકાયા છે તે રહેઠાણના સ્થળો પર મચ્છરના ઉપદ્રવને અટકાવવા માટે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા દૈનિક બે વાર ફોગિંગ તેમજ કીટકનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, આરોગ્ય વિભાગની એક વિશેષ ટીમ દ્વારા જવાનોના રહેઠાણ સ્થળે સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનું ૨૪/૭ સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયેલા જવાનો માટે હોસ્પિટલના નિષ્ણાંત રેસિડેન્ટ ડોકટરોની ટીમ તૈનાત કરવામાં આવી છે, જેમના દ્વારા તમામ જવાનોને તાત્કાલિક ધોરણે ત્વરિત અને યોગ્ય સારવાર પૂરી પાડવામાં આવી રહી છે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

# ચુડા માર્કેટ યાર્ડમાં બીટી કપાસની હરરાજીનો પ્રારંભ: મણના રૂ.૨,૧૩૫ સુધીના ભાવ બોલાયા

### ધારાસભ્ય કિરીટસિંહ રાણાના હસ્તે હરરાજી શરૂ કરાવાઈ; પ્રથમ વીણીના કપાસ સાથે મોટી સંખ્યામાં ખેડૂતો વેચાણ માટે ઉમટ્યા



**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

ઝાલાવાડ પંથકમાં બીટી કપાસની પ્રથમ વીણીની મોસમ શરૂ થતાં ચુડા તાલુકા મથક સ્થિત માર્કેટ યાર્ડ ખાતે કપાસની હરરાજીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય કિરીટસિંહ રાણાના હસ્તે ખેડૂતો, આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં હરરાજી શરૂ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ખેડૂતો પોતે ઉત્પાદિત કરેલો બીટી કપાસ વાહનોમાં ભરીને વેચાણ માટે માર્કેટ યાર્ડ ખાતે પહોંચ્યા હતા.

ઝાલાવાડ પંથકમાં ખાસ કરીને લીંબડી, ચુડા, સાયલા, મુળી તેમજ રાણપુર, બોટાદ અને પાળીયાદ વિસ્તારમાં આ વર્ષે બીટી કપાસનું મોટા પાયે વાવેતર કરવામાં આવ્યું છે. પ્રથમ વીણીના કપાસની આવક શરૂ થતાં ખેડૂતોમાં વેચાણને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો.

હરરાજીના પ્રારંભે ધારાસભ્ય કિરીટસિંહ રાણા અને ઉપસ્થિત વેપારીઓએ ખેડૂતો દ્વારા વેચાણ માટે લાવવામાં આવેલા કપાસનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ કપાસની બોલી બોલાવી હરરાજીનો વિધિવત પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. હરરાજીના પ્રારંભિક તબક્કામાં કપાસના એક મણના રૂ.૨,૧૩૫થી રૂ.૧,૯૫૦ સુધીના ભાવ બોલાયા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન ભગીરથસિંહ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જશુભા સોલંકી, લીંબડી-ચુડા માર્કેટ યાર્ડના ચેરમેન અજિતસિંહ ટાંક, જિલ્લા પંચાયતના સભ્ય પ્રદીપસિંહ ઝાલા, તાલુકા ભાજપ પ્રમુખ જયદીપસિંહ ઝાલા, તાલુકા પંચાયત પ્રમુખ વલ્લભભાઈ અણીયાળીયા, તનકસિંહ રાણા, ગુજરાત સરકારના પૂર્વ ચેરમેન શંકરભાઈ દલવાડી, શ્રીપાલસિંહ રાણા, કિસાન મોરચાના દિલીપસિંહ જાડેજા સહિતના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# એશિયાટિક સિંહોના દર્શન માટે જંગલ સફારી પાર્કના પ્રવાસીઓ માટે દ્વાર ખુલ્યા

### સત્તાવાર વેબસાઈટ પર પ્રવાસ પરમીટનું પુન: બુકિંગ શરૂ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

એશિયાટિક સિંહોના એકમાત્ર કુદરતી રહેઠાણ તરીકે વિશ્વભરમાં જાણીતું બનેલ સાસણનું ગીર જંગલ સફારી પાર્ક તથા જૂનાગઢના ગિરનાર નેચર સિંહ દર્શન માટે દેશ વિદેશના પ્રવાસીઓ માટે આજે તા.૯ ઓક્ટોબરથી ખુલ્લુ મૂકવામાં આવ્યું છે, જેને લઈને સિંહ અને પ્રકૃતિ પ્રેમીઓમાં ખુશીની લહેર દોડી છે.

દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ચોમાસાના કારણે જંગલના બંધ થતા રૂટ અને સિંહના સવનન કાળના કારણે વન વિભાગ દ્વારા સાસણનું સફારી પાર્ક અને ગિરનાર નેચર સત્તાવાર રીતે બંધ કરવામાં આવે છે. જો કે, આ વર્ષે વરસાદ ખેંચાતા વન વિભાગ દ્વારા સફારી પાર્ક પ્રવાસીઓ માટે મોડો બંધ કરવામાં આવ્યો હતો, અને દર વર્ષે ૧૫ ઓક્ટોબરથી સાસણનું સફારી પાર્ક અને ગિરનાર નેચર બંધ કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે વન વિભાગ દ્વારા એક અઠવાડિયું એટલે કે સાત દિવસ વહેલા સિંહ દર્શન થઈ શકે તે માટે પ્રવાસીઓ માટે આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

જો કે સાસણના હોટેલ એસોસિએશન દ્વારા કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાને પહેલું સફારી પાર્ક શરૂ કરવા રજૂઆત કરાઈ હતી. અને ગત ૩ ઓક્ટોબરથી સફારી પાર્ક શરૂ થાય તેવી મોઢવાડિયાએ હૈયા ધારણા આપી હતી. પરંતુ લાંબા વિચારણા બાદ આજે તા. ૯ ઓક્ટોબરથી સાત દિવસ વહેલું સફારી પાર્ક પ્રવાસીઓ માટે શરૂ કરી દેવામાં આવ્યું છે. દરમિયાન ગઈકાલે કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા એ જણાવ્યું હતું કે, આ વર્ષે સફારી પાર્ક વહેલા શરૂ કરાયું છે, અને બીજા સ્થળોએ સફાઈ પાર્કમાં વેકેશન માટેના જે નિયમો છે, તે રીતે આગામી દિવસોમાં કરવામાં આવશે તેવું પણ વિચારાય રહ્યું છે. આ જોતા આગામી દિવસોમાં સિંહ દર્શન માટે પ્રવાસીઓને ઓછી રાહ જોવી પડશે તેવું જણાય રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રવાસીઓની પહેલી પસંદ, કુદરતી વાતાવરણમાં સિંહ દર્શનનો રોમાંચ એવા સાસણ ગીરની જંગલ સફારી પાર્કમાં એશિયાટિક સિંહ ઉપરાંત દીપડો, ચિતલ, સાંબર, નીલગાય, ચૌસિંગા, ચિંકારા, જંગલી ભૂંડ, શિયાળ, સોનેરી શિયાળ, હાયના, મગર સહિત અનેક વન્ય જીવો જોવા મળે છે. તથા ગીરની જૈવવિવિધતામાં ૪૧ થી વધુ સસ્તન પ્રાણીઓ, ૪૭ સરિસૃપ પ્રજાતિઓ અને ૩૩૮ થી વધુ નિવાસી તથા પ્રવાસી પક્ષીઓ દેશ વિદેશ માંથી આવતા પ્રવાસીઓને ક્યારેક મન ભરીને જોવાનો, જાણવાનો અને માનવાનો મોકો મળી જાય છે.

સતાવાર માહિતી મુજબ, સાસણના ગીર જંગલ સફારી પાર્કમાં છેલ્લા એક દશકાથી પ્રવાસીઓનો ઉતરોતર વધારો જોવા મળી રહ્યો છે. અને સરેરાશ દર વર્ષે દોઢ લાખથી વધુ પ્રવાસીઓ સફારીનો આનંદ લેવા સાસણ ખાતે પહોંચી સિંહ દર્શન સહિત મધ ગીરમાં પ્રકૃતિનો આણંદ ઉઠાવે છે.

ગીર વન્યપ્રાણી અભયારણ્ય, સાસણ-ગીર માટે ઓનલાઈન પરમીટ બુકીંગ શરૂ થઈ ગયેલ છે અને પ્રવાસીઓ ઓફિશિયલ વેબસાઈટ https://girlion.gujarat.gov.in/ પરથી પ્રવાસ પરમીટનું બુકિંગ હવેથી કરી શકશે. તેમ નાયબ વન સંરક્ષક વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વડિયા પશુ દવાખાનાની મંજુરીને પાંચ વર્ષ વિત્યા હજુ જમીન સંપાદનના ઠેકાણા નથી

### તાત્કાલીન નાયબ મુખ્ય દંડક અને વર્તમાન રાજ્યકક્ષાના મંત્રીએ સ્થળ નિરિક્ષણ કર્યાને પણ ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો, જમીન સંપાદનમાં વિલંબ માટે જવાબદાર કોણ, કાર્યવાહી ક્યારે થશે?

**અબતક, માહિર સુમરા, વડિયા**

સમગ્ર ગુજરાત માં ભારતીય જનતા પાર્ટીનું ઘણા વર્ષોથી સાશન છે અને છેલ્લા ૩૦ વર્ષમાં અનેક વિકાસ કાર્યો પણ થયા છે. વિકસિત ગુજરાત ના મોડેલને સમગ્ર દેશમાં લાગુ કરવા માટે કેન્દ્ર સરકાર મથામણ કરતી જોવા મળી રહી છે. ત્યારે વિકાસ કાર્યો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે ખુબ જરૂરી છે. અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં પશુ દવાખાનું લગભગ પાંચ વર્ષ પહેલાના સમયગાળામાં મંજુર થયુ હતુ. તે માટે વડિયાના બરવાળા રોડ પર જગ્યા ફાળવવાની પ્રકિયા હાથ ધરાઈ હતી. આ પશુ દવાખાના માટે જમીન સંપાદન કરવા માટે પશુ દવાખાનાના તંત્ર દ્વારા પણ ખુબ પ્રયત્ન કરવામા આવે છે. પરંતુ આ પશુ દવાખાના માટે જમીન સંપાદનની પ્રકિયા પૂર્ણ થવાનું નામ જ લેતી નથી.નવાઈ ની વાત તો એ છે કે અમરેલી વિધાનસભા ના ધારાસભ્ય એવા તત્કાલીન નાયબ મુખ્ય દંડક અને વર્તમાન રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરીયા એ આ પશુ દવાખાનાનુ નિર્માણ કરવા માટે બરવાળા રોડ પર આઈટીઆઈ સામે ના ભાગમાં જમીન નિરીક્ષણ કર્યાને પણ ત્રણ વર્ષ જેવો સમય વીતી ચુક્યો છતાં આજદિન સુધી વર્ષો પેહલા મંજુર થયેલું પશુ દવાખાના જમીન સંપાદનનુ પ્રકરણ પૂર્ણ થવાનું નામ લેતું નથી. અને વડિયાના પશુપાલકોને અધ્યતન પશુ દવાખાનાનો વિકાસકાર્ય રૂપી લાભ મળતો નથી. ત્યારે વિકસિત ડીઝીટલ ગુજરાતમાં આંગળી ના ટેરવે કામગીરી થતી હોય અને એક સરકારી પશુ દવાખાનું બનાવવા માટે પાંચ વર્ષથી વધુ સમય વીતતો હોય તો નક્કી કોઈ તંત્ર કે નેતાઓમાં ખામી છે એ વાત નક્કી છે. ત્યારે શા માટે વડિયામાં પશુ દવાખાના માટે જમીન સંપાદન થતુ નથી ? શા માટે પાંચ વર્ષ સુધી જમીન સંપાદન માં વિલંબ થયો ? આના માત્ર કોણ જવાબદાર છે ? કોણ વડિયાના વિકાસ માં વિઘ્ન રૂપ બની રહ્યું છે ? આ બાબતે તટસ્થ તપાસ થવી જોઈએ અને જો કોઈ અધિકારી દ્વારા જમીન સંપાદન માં વિલંબ કરવામાં આવતો હોય તો તટસ્થ તપાસ કરી ને તેમની પર કાર્યવાહી કરવી જરૂરી બને છે.

વડિયા ગ્રામપંચાયત થી લઇ ને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજ્ય અને કેન્દ્ર માં ભારતીય જનતા પાર્ટીનુ શાસન છે ત્યારે એક સામાન્ય પશુ દવાખાના માટે જમીન સંપાદન માટે પાંચ વર્ષના વાણા વાય જાય તે વિકસિત ગુજરાત અને ડીઝીટલ ગુજરાત ને કાળી ટીલી લગાવતો કિસ્સો કહી શકાય. ત્યારે વડિયામાં પશુ દવાખાના માટે જમીન સંપાદનની પ્રકિયા ઝડપી બને અને અધ્યત્તમ પશુ હોસ્પિટલ બનાવવા માં આવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે. હવે પાંચ વર્ષથી ગોટાળે ચડેલા વડિયાના પશુ દવાખાનાના જમીન સંપાદન અને બિલ્ડીંગ નિર્માણ નો ઉકેલ ક્યારે આવશે તે તો આવનારો સમય જ બતાવશે.

# વડિયામાં ગ્રામ પંચાયતના બોગસ સિક્કા સાથેની બનાવટી વેરા પહોંચ બની ગઇ !!!

### ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી મંત્રીએ સમગ્ર કૌભાંડ બહાર આવતા પોલીસને અરજી આપી તપાસની માંગ કરી



**અબતક, માહીર સુમરા, વડીયા**

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં ગ્રામ પંચાયતણી બનાવટી ડુપ્લીકેટ વેરા પહોંચ જેમા ગ્રામપંચાયત ના સિક્કાઓનો પણ ઉપયોગ થયેલો છે તે ગ્રામપંચાયતને હાથ લાગતા ખડભડાટ મચવા પામ્યો છે અને કોઈ મોટા કૌભાંડ ણી શંકાઓ સેવાઈ રહી છે ત્યારે જાણવા મળતી વિગતો મુજબ વડિયા ગ્રામ પંચાયત કચેરીના સિક્કાનો કથિત રીતે ખોટી રીતે ઉપયોગ કરી ડુપ્લિકેટ વેરા પહોંચ બનાવવાના મામલે વડિયા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ વડિયા ગ્રામ પંચાયત ના લેટરપેડ પર સરપંચ મનીષ ઢોલરીયા અને તલાટી મંત્રી દ્વારા કરવામાં આવી છે. આ ફરિયાદમાં જણાવ્યા અનુસાર વડિયા ગ્રામ પંચાયતના ડુપ્લીકેટ સિક્કાઓ બનાવી તેનો ખોટી રીતે ઉપયોગ થયાની માહિતી મળતા વડિયાના સદગુરૂ નગરમાં વસવાટ કરતા સોલંકી મુકેશભાઈ ગોવિંદભાઈ દ્વારા વડિયા ગ્રામ પંચાયતના તલાટી કામ મંત્રીના સિક્કા બનાવી વડિયા ગ્રામપંચાયતની પંચાયત હિસાબ નમૂનો ક્રમાંક -૪ (વેરાની પહોચ) તારીખ ૧૭/૦૯/૨૦૨૩ ની તારીખ માં પહોંચ નંબર -૩ ઘર,નંબર - ૨૯૮૧ની રૂપિયા ૨૯૯૦/- ડુપ્લીકેટ વેરા પહોચ બનાવી તેમાં વડિયા તલાટી મંત્રીના સહી સિક્કાઓ કરી વડિયા ગ્રામપંચાયત સાથે છેતરપિંડી કરી આ ખોટી પહોંચ થી લોન લીધેલ હોય જેની પહોંચ વડિયા ગ્રામપંચાયત ને પ્રાપ્ત થતા તેમાં પહોંચ નો નમૂનો અને સિક્કાઓ ડુપ્લીકેટ હોવાનુ જાણવા મળતા આ પહોંચ અને સિક્કાઓનો અન્ય કોઈ કામો માટે ઉપયોગ થયાની શંકા ઉભી થતા વડિયા પોલીસમાં ફ આશખ્સ વિરુદ્ધ લેખિતમાં પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. આ ડુપ્લીકેટ પહોંચ અને સિક્કાઓ ત્રણ વર્ષ પેહલા બનેલા હોવાથી અનેક જગ્યાએ તેનો ઉપયોગ થયો હોય શકે છે ? આ ઉપરાંત તલાટી મંત્રીના ડુપ્લીકેટ સિક્કાઓનો પણ ગેર ઉપયોગ થયો હોય શકે છે? આ બાબતે વડિયા પોલીસ દ્વારા જો તટસ્થ તપાસ કરવામાં આવે તો હજુ વધુ મોટુ કૌભાંડ સામે આવી શકે છે અને અનેક લોકોની સાંડોવણી પણ સામે આવે શકે છે.

સૂત્રો પાસે થી મળતી માહિતી મુજબ આ બાબત વડિયા ગ્રામ પંચાયત પાસે થોડા દિવસો પેહલા આવેલ હતી. પરંતુ સ્થાનિક રાજકીય નેતાઓ દ્વારા ગ્રામ પંચાયત ખાતે બેઠક કરી સમગ્ર મામલો દબાવવા પ્રયત્ન થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે ત્યારે જો તટસ્થ તપાસ થાય તો ચોક્કસ કોઈ રાજકીય નેતાઓના પગ તળે રેલો પણ આવી શકે છે.


**જાહેર નિવિદા નં.૨ (સને ૨૦૨૬-૨૭)**

નાયબ કાર્યપાલક શ્રી, પોલીસ કેમ્પસ (મા. અને મ.) પેટા વિભાગ, રાજકુમાર કોલેજ સામે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન નં. ૨૪૬૬૭૫૭ ફેક્સ નં.૦૨૮૧૦ - ૨૪૬૩૫૯૯ ની કચેરી દ્વારા સરકારી મકાનોનાં ટાંકાની સાફ - સફાઈનાં કુલ-૧ (એક) કામ માટે અનુભવી ઈજારદારશ્રી પાસેથી શીલ્ડ ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી **તા.૧૭/૦૯/૨૦૨૬** સુધી છે અને પરત સ્વીકારવાની છેલ્લી **તા.૨૬/૧૦/૨૦૨૬** (કચેરી સમય) સુધી છે. આ કામની વિગતવાર નોટીસ અંગેની વધુ માહિતી માટે કચેરીનાં સમય દરમિયાન રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી -રાજ-૯૩૭ -૨૬-૨૭

**CHANGE OF NAME**

I have changed my name from **PANCHAMATIYA JEEL BHARATBHAI** to **PANCHMATIYA VIHAN BHARATBHAI** as per affidavit dated 08/10/2026 before Notary Shri R.R.NAKUM, Khambhalia. Address: Ramnath Society, Khambhalia, Devbhumi Dwarka, Gujarat - 361305.

**જાહેર નોટીસ**

**ધ્રાંગધ્રાના મહેરબાન એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામઃ ધ્રાગધ્રા.**

વકીલ શ્રી એફ.આઈ. કોટવાલ
ફોજદારી પરચુરણ અરજી નં.:-૪૭૧/૨૦૨૬,
મુદતતારીખઃ-૦૭/૧૧/૨૦૨૬

વાઘજીભાઈ ગાંડાભાઈ મુંધવા
ઉ.વ.૬૭, ધંધોઃ પશુપાલન, ધર્મે : હીન્દુ
રહે. પુનીતનગર,ધ્રાંગધ્રા. .........અરજદાર

વિરુધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
ધ્રાંગધ્રા નગરપાલીકા, ધ્રાંગધ્રા. .........સામાવાળા

**બાબતઃ- જન્મ મરણ નોંધણી અધિનીયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમની માતા કુંવરબેન ગાંડાભાઈ મુંધવાનાઓ તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ મરણ ગયેલ હોય, તેઓના મરણની નોંધ ધ્રાંગધ્રા નગરપાલીકામા કરાવવાની રહી ગયેલ હોય, જેની મરણની નોંધ કરાવવા અત્રેની અદાલતમાં ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે.જે અરજી સામે કોઈ શખ્સ અથવા સંસ્થાને વાંધો હોય તો મુદ્દત તારીખ -૦૭/૧૧/૨૦૨૬ ના રોજ પોતાના લેખિત વાંધા સાથે રૂબરૂ અથવા વકીલ મારફતે હાજર રહેવું. અન્યથા આગળ તે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ : ૦૬ માહે : ઓકટોબર સને-૨૦૨૬ ના રોજ કોર્ટનો સીલ તથા મારી સહી કરી જાહેર કર્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુંકમથી |
|---|---|---|
| (એમ.પી.પરમાર) | (એમ.ડી.ડાભી) | (પી.વી.સોગઠીયા) |
| આસીસ્ટન્ટ, | આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ |
| એડી. ચીફ જ્યુ.મેજી. કોર્ટ, ધ્રાંગધ્રા. | એડી. ચીફ જ્યુ.મેજી.કોર્ટ, ધ્રાંગધ્રાં. | એડી.ચીફ જ્યુ. મેજી. કોર્ટ, ધ્રાંગધ્રા |

# સાવરકુંડલામાં ગેસ સિલિન્ડર માટે ગ્રાહકોના હવાતિયા: ૨ વર્ષથી સમસ્યા છતા ઉકેલ નહીં !!

## ગેસ એજન્સી ખાતે કેવાયસીની કામગીરી પણ ગોકળગતિએ ચાલી રહી હોવાનો ગ્રાહકોના આક્ષેપ: જિલ્લામાં નવા કનેકશન આપવાની કામગીરી પણ ઠપ્પ હોય ધારાસભ્ય-વહીવટી તંત્ર તાકીદે સમસ્યાનું નિવારણ કરે તેવી લોક માંગ ઉઠી

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરના દેવળા ગેટ ખાતે આવેલ એરોગેસ એજન્સીની ઓફિસે ગેસ સિલિન્ડર મેળવવા આવતા ગ્રાહકોની હાલાકી અને પરેશાનીઓનો સિલસિલો છેલ્લા બે વર્ષથી અવિરતપણે યથાવત છે. એજન્સીમાં યોગ્ય વ્યવસ્થા કે સુચારુ સિસ્ટમના અભાવે ગ્રાહકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.



ગ્રાહકોના જણાવ્યા અનુસાર, એજન્સી પર કામનું ભારણ સતત વધતું જાય છે પરંતુ ગ્રાહકોને સમયસર સંતોષકારક જવાબો મળતા નથી. જેના કારણે અવારનવાર એજન્સીના સંચાલકો અને ગ્રાહકો વચ્ચે બોલાચાલી અને નાના-મોટા ઝઘડાઓ સામાન્ય બન્યા છે. એટલું જ નહીં, સિલિન્ડર માટે લાંબો સમય રાહ જોતા ગ્રાહકો માટે પીવાના પાણી કે બેસવાની પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. સ્થાનિક લોકોના મતે, ગુજરાતભરમાં આ પ્રકારની સુવિધાવિહોણી અને 'જેલ' જેવી પ્રતીતિ કરાવતી ગેસ એજન્સીની ઓફિસ અન્યત્ર જોવા મળતી નથી.

વધુમાં, હાલ કેવાયસી કરવા અંગેના નવા નિયમો અમલમાં આવ્યા છે, જેના કારણે સાવરકુંડલા શહેરમાં અંદાજે ૫૦૦૦ જેટલા ગ્રાહકોના કેવાયસી બાકી છે. આ મહત્વપૂર્ણ કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે, જેના લીધે ગ્રાહકોમાં રોષ ફાટી નીકળ્યો છે. આટલી ગંભીર સમસ્યા હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી અને તંત્ર સંપૂર્ણપણે મૌન ધારણ કરીને બેઠું છે.

અગાઉ આ બાબતે અનેક વખત લેખિત રજૂઆતો તેમજ મોટા પાયે આંદોલનો પણ કરવામાં આવ્યા છે, પરંતુ ગેસ એજન્સીની કાર્યપદ્ધતિમાં કોઈ જ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો નથી.

આથી, સાવરકુંડલાના જાગૃત નાગરિકો અને ગ્રાહકોની એક જ સ્પષ્ટ માંગણી છે કે, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળા તથા વહીવટી તંત્ર દ્વારા લોકોનો આ અવાજ સાંભળવામાં આવે અને વહેલી તકે ગેસની આ તમામ સમસ્યાઓનું કાયમી નિરાકરણ લાવવામાં આવે.

---

તંત્રી લેખ

# સોશિયલ મીડિયા પર હવે લગામ અનિવાર્ય

સોશિયલ મીડિયાની ડોલરમાં કમાણી કરતા લાખો કન્ટેન્ટ ક્રિયેટરની આવક પર લગામ માટેના રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા નિર્દેશ જારી કરવામાં આવ્યા છે.

ડિજિટલ ક્રાંતિના આ યુગમાં યુપીઆઈ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે કમાણીના નવા માર્ગો ખોલી આપ્યા છે. યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, સ્પોન્સરશિપ અને વિદેશી પ્રોજેક્ટ્સ દ્વારા કન્ટેન્ટ ક્રિએટરો ડોલર સહિતના વિદેશી નાણાંમાં મોટી આવક રળી રહ્યા છે. આવી સ્થિતિમાં, ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા ક્રિએટરોની વિદેશી કમાણી અને ક્રોસ-બોર્ડર ડિજિટલ વ્યવહારો પર ફેમા તથા ઈનવર્ડ રેમિટન્સના નિયમો મજબૂત બનાવવાની દિશામાં લેવાયેલા પગલાં અને ઓનલાઈન વ્યવસાયની આવકને કર-માળખા હેઠળ લાવવા અંગેના સુપ્રીમ કોર્ટના નિર્દેશો અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે.

ડિજિટલ પ્લેટફોર્મ્સ પરથી થતી અબજો રૂપિયાની કમાણી અત્યાર સુધી મોટી હદ સુધી બિનહિસાબી અથવા અસ્પષ્ટ મંડળ હેઠળ રહેતી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ભૌતિક વેપાર હોય કે ઓનલાઈન બિઝનેસ, અર્થતંત્રમાં ભાગ લેનાર દરેક એન્ટિટી પર નિયમનકારી દેખરેખ અને કરવેરાનું સમાન ચક્ર લાગુ થવું જોઈએ. વિદેશી હૂંડિયામણ દેશમાં આવે ત્યારે તેનું પારદર્શી ટ્રેકિંગ થાય અને કરચોરી કે મની લોન્ડરિંગ જેવી પ્રવૃત્તિઓ અટકે તે રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક સ્થિરતા માટે જરૂરી છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નિર્દેશો દ્વારા 'પર્પઝ કોડ' સર્ટીફિકેટ અને યોગ્ય બેંકિંગ ચેનલોનો ઉપયોગ ફરજિયાત બનવાથી વિદેશી આવકનું સત્તાવાર રેકોર્ડિંગ શક્ય બનશે.જોકે, આ નિયંત્રણોનો હેતુ ક્રિએટર ઈકોનોમીનો શ્વાસ રૂંધવાનો નહીં પણ તેને સંગઠિત કરવાનો હોવો જોઈએ. ભારતના યુવાનો પોતાના કૌશલ્યના જોરે વૈશ્વિક મંચ પરથી ડોલર રળીને દેશના વિદેશી હૂંડિયામણના ભંડોળને મજબૂત કરી રહ્યા છે. આ સંજોગોમાં, બેંકિંગ પ્રક્રિયાઓ અને જીએસટી/ઈનકમ ટેક્સની જટિલતાઓ એવી ન હોવી જોઈએ જે નાના કન્ટેન્ટ ક્રિએટરો માટે અવરોધ બને.



---

# રાજુલા : નાયબ મામલતદારની હડતાલના લીધે વિદ્યાર્થીઓ-અરજદારો પરેશાન

## ભાજપ કાર્યકર્તા જયેશ દવે દ્વારા જિલ્લા કલેકટરને કરાઈ રજૂઆત

**અબતક, દીપેન વ્યાસ, રાજુલા**



રાજુલા અને ગુજરાત માં નાયબ મામલતદાર ની હડતાલ સબંધે લોકો ને અને ખાસકરીને વિધાર્થીઓ ને પડતી મુશ્કેલી સબંધે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. નાયબ મામલતદાર ની હડતાલને કારણે આંગણવાડી ની ભરતીમાં રહેઠાણનો દાખલો કઢાવવાનો હોય છે જે હડતાલને કારણે નીકળતો નથી જેને લીધે સમગ્ર ગુજરાતમાં ભરતીમાં ફોર્મ ભરવામાં તકલીફ થઈ રહી છે રાજુલા ના યુવા બ્રહ્મસમાજ ના જયેશ દવે દ્વારા અગ્ર સચિવ જયંતિ રવિ મેડમ અને જિલ્લા કલેકટરને રજૂઆત કરી છે કે ભરતીમાં તારીખ લંબાવવામાં આવે કારણ કે નાયબ મામલતદાર ઓટીપી આપતા નથી. જેથી આવક અને જાતિના દાખલા પણ વિદ્યાર્થીઓને નિકળી નથી શકતા તો સમસ્યાનું યોગ્ય નિરાકરણ લાવવા જયેશ દવે દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે.

---

# રાણપુરની ધી જન્મભૂમિ હાઈસ્કુલ ખાતે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ૪૪ વિજ્ઞાન કૃતિઓ રજૂ કરાઈ

## વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સંશોધનવૃત્તિને ઉજાગર કરતી વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરાઈ

**અબતક,વિપુલ લુહાર, રાણપુર**

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં આવેલી ધી જન્મભૂમિ હાઈસ્કૂલ ખાતે ઝવેરચંદ મેઘાણી શાળા વિકાસ સંકુલ, રાણપુર-બરવાળા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન- યોજાયું હતું. આ પ્રદર્શનમાં રાણપુર અને બરવાળા તાલુકાની વિવિધ શાળાઓની કુલ ૪૪ વિજ્ઞાન કૃતિઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા અને સંશોધનવૃત્તિને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલા આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.પ્રદર્શનનું ઉદઘાટન રાણપુરના મામલતદાર કે.બી. ગોહિલના હસ્તે કરવામાં આવ્યું હતું. વિવિધ વિજ્ઞાન કૃતિઓનું મૂલ્યાંકન કર્યુ હતું.કાર્યક્રમનું સંચાલન ધી જન્મભૂમિ હાઈસ્કૂલના શિક્ષક રાજેન્દ્રસિંહ ડાભી દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે એસ.વી.એસ. કન્વીનર અનિલભાઈ ગોહિલ અને સુપરવાઈઝર સરોજબેન પટેલના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન શિક્ષકો દિપ્તીબેન પડાયા, વિનોદભાઈ સોલંકી, હિતેશભાઈ ડાભી અને મેહુલભાઈ મોકાણીએ કાર્યક્રમના આયોજન અને સંયોજનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.પ્રદર્શનને સફળ બનાવવા ધી જન્મભૂમિ હાઈસ્કૂલના સમગ્ર શાળા પરિવારે સહયોગ આપ્યો હતો. ઉપરાંત આસપાસની વિવિધ શાળાઓના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ પ્રદર્શનની મુલાકાત લઈ બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી હતી.

---

# સામતેરમાં ૧૦૮ના કર્મચારીઓની સતર્કતાથી સર્પડંશના દર્દીને મળ્યું નવજીવન

## સમયસર પ્રાથમિક અને જરૂરી સારવાર આપી દર્દીનો જીવ બચાવ્યો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના સામતેર ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ પોતાની કર્તવ્યનિષ્ઠા અને સમયસરની સારવારથી સર્પદંશના દર્દીને નવજીવન આપવાનું સરાહનીય કાર્ય કર્યું છે.

આ અંગે જિલ્લાના ૧૦૮ના અધિકારી વિશ્રુત જોષીએ જણાવ્યું હતું કે, સાનાવાકિયા ગામમાંથી સર્પદંશના દર્દી અંગે ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ મળ્યો હતો. કોલ મળતા જ સામતેર ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

ઘટના સ્થળે પહોંચીને જોયું તો આશરે ૪૫ વર્ષીય દર્દીને સર્પે દંશ માર્યો હતો. દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર હતી અને ધબકારા પણ ધીમા થઈ રહ્યાં હતાં..



આવી પરિસ્થિતિની ગંભીરતા સમજીને ૧૦૮ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. રસીલાબા ગોહિલ અને પાયલોટ અજયભાઈ ચુડાસમાએ તાત્કાલિક ઈંડ્ઠ, ઈંટખ, ઓક્સિજન તેમજ જરૂરી દવાઓ અને એન્ટી સ્નેક વેનમની સારવાર શરૂ કરી હતી. ત્યારબાદ દર્દીને તાત્કાલિક ઉના ખાતેની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

૧૦૮ ટીમની સમયસરની કામગીરી અને તાત્કાલિક સારવારના પરિણામે દર્દીને ગંભીર હાલતમાં પણ હોસ્પિટલ પહોંચાડવામાં ૧૦૮ ની ટીમ સફળ રહી હતી.

દર્દીના સગા-સંબંધીઓએ કટોકટીભરી પરિસ્થિતિમાં સમયસર સારવાર આપીને દર્દીનો જીવ બચાવવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાને બિરદાવી આ સેવા અમારા માટે આશીર્વાદરૂપ બની છે તેમ જણાવ્યું હતું.

---

# જૂનાગઢમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે યુવા મહોત્સવનો પ્રારંભ

## ૪૯ કોલેજોનાં ૭૭૮ વિદ્યાર્થીઓ સહિત ૨૩૨ સાથી સહાયકો કલાની અદભૂત પ્રસ્તુતિ કરશે

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે નુતન યુનિ. કેમ્પસમાં સંચાલિત સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલા વિવિધ પ્રકારના કલા, કૌશલ્ય અને સુષુપ્ત શક્તિઓને પ્રોત્સાહન આપીને યુવા પ્રતિભાઓનું સર્જનાત્મક કલા કૌશલ્ય નિખારવા સાથે સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણનાં કેન્દ્રવર્તી વિચાર સાથે આઠમાં યુવક મહોત્સવ કલા ઉત્સવ-૨૦૨૬નો શુભ પ્રારંભ આજથી થયો છે. આજે સવારે ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિને શોભે તેવી કલા યાત્રા એ યુનિ.નાં માર્ગો પર વિહાર કરી સાંસ્કૃતિક અસ્મિતા અને પરંપરાનો પરિચય આપ્યો હતો.

આ કલા મહોત્સવમાં યુનિ.નાં કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ જિલ્લા જેમ કે દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લાની ૪૯ કોલેજોનાં ૧૦૧૦ જેટલા કલામર્મી વિદ્યાર્થીઓ અને સાથી સહયોગી મળીને સંગીત વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય), શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વરવાદ્ય), પશ્ચિમી વાદ્ય સંગીત (વ્યક્તિગત), હળવું કંઠ્ય સંગીત (વ્યક્તિગત), પશ્ચિમી કંઠ્ય સંગીત (વ્યક્તિગત), સમૂહગીત (ભારતીય), સમૂહગીત (પશ્ચીમી), ભજન, દુહા, છંદ, લોકગીત, સમૂહ લોકવાદ્ય સંગીત, નરસિંહ મહેતાના પદ ગાન યોજાશે.

આ ઉપરાંત નૃત્ય વિભાગમાં લોક નૃત્ય, આદિવાસી નૃત્ય, પ્રાચીન રાસ, શાસ્ત્રીય નૃત્ય, સાહિત્ય વિભાગ,. પ્રશ્ન મંચ, વકતૃત્વ કલા, ડીબેટ, શોર્ટ ફિલ્મ નિર્માણ, કાવ્ય પઠન સ્પર્ધાઓ યોજાશે.

---

# જૂનાગઢ મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બાવન કરોડના વિકાસકામોને બહાલી

## સોનરખ નદી કિનારે 'નમો ગૌરવ યાર્ડ'ની દરખાસ્તને મંજૂરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની અગત્યની બેઠક ચેરપર્સન પલ્લવીબેન ઠાકરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ, પ્રજાકીય સુવિધાઓ તથા સંસ્કૃતિ જતન માટે અનેક મહત્વપૂર્ણ દરખાસ્તોને આખરી મંજૂરી આપવામાં આવી હતી.



જૂનાગઢ મનપા ખાતે ગઈકાલે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના તમામ ૧ થી ૧૫ વોર્ડમાં પ્રજાકીય સુવિધાઓ વધારવાના ભાગરૂપે આશરે રૂ. ૫૨.૫૦ કરોડના ખર્ચે નવા સીસી રોડ, પેવિંગ બ્લોક, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ અને ડ્રેનેજ વર્કના કામો માટે નવા ટેન્ડર બહાર પાડવાની કમિશ્નરની દરખાસ્ત મંજૂર કરાઈ છે. આ ઉપરાંત શહેરમાં રસ્તાના ખાડા પૂરવા 'જેટ પેચર' મશીન દ્વારા રૂ. ૨ કરોડના દુરસ્તીકરણ કામો, દિવાલો પર રૂ. ૨ કરોડના ખર્ચે થ્રીડી/ટુડી વોલ પેઈન્ટિંગ તથા આઈસીડીએસ હેઠળ ૧૫ સ્થળો પર નવી આંગણવાડીઓ બનાવવાના કામોને લીલી ઝંડી આપવામાં આવી છે.

આ ઉપરાંત ધર્મ અને સંસ્કારી નગરી જૂનાગઢમાં નવલા નવરાત્રી તહેવાર તા.૧૧ થી તા.૨૦ ઓક્ટોબર દરમિયાન ગીરનાર પર્વત પર બિરાજતા માં અંબાજીની ઉપાસનાના દિવસોને ધ્યાને રાખીને જૂનાગઢ શહેરમાં ૯ દિવસ સુધી ઈંડા, નોનવેજની લારીઓ, દુકાનો અને રેસ્ટોરન્ટ્સ બંધ રાખવા સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સૂચન કરાયું છે.

અને આ અંગે સત્વરે જાહેરનામું/હુકમ બહાર પાડવા કમિશ્નરને લાગણી વ્યક્ત કરાઈ છે.

શહેરમાં હરિયાળી અને મનોરંજનના સ્થળો વધારવા માટે રૂ. ૬૦ કરોડના ખર્ચે સોનરખ નદી કિનારે ૩૯,૨૪૩.૫૪ ચો.મી. જમીન પર 'નમો ગૌરવપાર્ક' નિર્માણ કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. આ સિવાય હયાત સી.એમ. પાર્ક અને સરદારબાગ ખાતે રૂ. ૫ કરોડના ખર્ચે 'લીનિયર પાર્ક' તથા રાજીવ ગાંધી પાર્ક ખાતે રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે 'સુગમ્ય ઉદ્યાન' બનાવવામાં આવશે. તળાવના ગેટ પાસેના ચોકનું નામ 'વિકસિત ભારત સંકલ્પ સેવા ચોક' રાખવામાં આવ્યું છે.

---

# આરટીઆઈ એક્ટ એટલે અંકુશ નહીં, પારદર્શિતા: રાજ્ય માહિતી આયોગ કમિશનર નિખિલ ભટ્ટ

## આર.ટી.આઈ. વીક સેલિબ્રેશન અંતર્ગત જૂનાગઢમાં માહિતી અધિકાર અધિનિયમ અંગે પરિસંવાદ યોજાયો



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માહિતી આયોગ દ્વારા દર વર્ષે આર.ટી.આઈ. વીક સેલિબ્રેશનની ઉજવણી કરવામાં આવે છે, જે અંતર્ગત ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંગે જિલ્લા સેવા સદન, જૂનાગઢના સભા ખંડમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ પરિસંવાદમાં ગીર સોમનાથ જિલ્લામાંથી રાજ્ય માહિતી આયોજના કમિશનર નિખિલ ભટ્ટ ઓનલાઈન જોડાયા હતા અને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ તથા તેના નિયમોના સંદર્ભમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પરિસંવાદમાં આર.ટી.આઈ. હેઠળ અરજી કેમ કરવી? આર.ટી.આઈ.ના માધ્યમથી કઈ કઈ વિગતો મળે? માહિતી કોને આપી શકાય અને કોને ન આપી શકાય, અપીલ અને ફરિયાદમાં શું તફાવત છે? આર.ટી.આઈ.ના નિયમો અને કાયદા, દંડની જોગવાઈ વગેરે મુદ્દે રાજ્ય માહિતી આયોગના કમિશનર નિખિલ ભટ્ટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ટાંકી ઊંડાણપૂર્વકની માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

---

# જૂનાગઢમાં કોંગ્રેસની 'મત બચાવો-દેશબચાવો' પદયાત્રામાં બહોળી સંખ્યામાં આગેવાનો જોડાયા

## દિલ્હીની ઘટનાના વિરોધમાં વિરોધ પ્રદર્શન કરી તંત્રને આવેદન પાઠવ્યું

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગઈકાલે મત બચાવો - દેશ બચાવો પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા દિલ્હીમાં કોંગ્રેસ નેતાઓ સાથે બળપ્રયોગના આક્ષેપ સાથે વિરોધ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ દોહરાવામાં આવી હતી.

તથા તંત્રને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

જૂનાગઢ ખાતે કોંગ્રેસ દ્વારા લોકશાહી, બંધારણ અને દરેક નાગરિકના મતાધિકારના



રક્ષણના સંકલ્પ સાથે યોજાયેલી પદયાત્રામાં મોટી સંખ્યામાં કોંગી આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ સાથે દેશવ્યાપી શરૂ કરાયેલા આ આંદોલનના સમર્થનમાં જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અમીત પટેલે જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ જ લોકશાહીની મૂળભૂત શક્તિ છે. મતદાર યાદી અને ચૂંટણી પંચની કામગીરી અંગે ઉઠેલા સવાલોના નિષ્પક્ષ અને પારદર્શક જવાબો મળવા જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે ચૂંટણી વ્યવસ્થાની અખંડિતતા જાળવી રાખવા માટેનો આ સંઘર્ષ લોકશાહી માર્ગે સતત ચાલુ રહેશે અને મત બચાવો -દેશ બચાવોના નારા સાથે જનજાગૃતિ અભિયાન આગળ વધારવામાં આવશે.

---

# ગીર સોમનાથના ડીવાયએસપી ચેતન ખટાણાએ ડીજીપી કપમાં ગોલ્ડ મેડલ જીત્યો

## ટેબલ ટેનિસમાં ગેજેટેડ ઓફિસર કેટેગરીમાં જુનાગઢ રેન્જનું ગૌરવ વધાર્યું

**અબતક, જયેશ પરમાર, પ્રભાસ પાટણ**

ગાંધીનગરના કરાઈ ખાતે યોજાયેલી ગુજરાત ડીજી કપ ટેબલ ટેનિસ-૨૦૨૬ સ્પર્ધામાં ગેઝેટેડ ઓફિસર કેટેગરીમાં જુનાગઢ રેન્જનું પ્રતિનિધિત્વ કરતા ગીર સોમનાથના ડીવાયએસપી ચેતનકુમાર ખટાણાએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી સિંગલ્સ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સોમનાથ ખાતે ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા ચેતનકુમાર ખટાણાએ પોલીસ વિભાગની જવાબદારી નિભાવવાની સાથે રમતગમત ક્ષેત્રે પણ પોતાની પ્રતિભાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ગુજરાત ડીજી કપ ટેબલ ટેનિસ-



૨૦૨૬માં ગેઝેટેડ ઓફિસર સિંગલ્સ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ પોલીસ મહાનિર્દેશક દ્વારા તેમને ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પોલીસ અધિકારી તરીકે લોકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જવાબદારી નિભાવવાની સાથે રમતગમત ક્ષેત્રે પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરી ચેતનકુમાર ખટાણાએ પોલીસ વિભાગનું ગૌરવ વધાર્યું છે.

તેમની આ સિદ્ધિ પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ યુવા પોલીસકર્મીઓ માટે ફરજ સાથે શારીરિક તંદુરસ્તી અને રમતગમત પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની છે.

ગુજરાત પોલીસ વિભાગની આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જુનાગઢ રેન્જનું ગૌરવ વધારનાર ડીવાયએસપી ચેતનકુમાર ખટાણાને પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ ભવિષ્યમાં પણ તેઓ જનસુરક્ષા ક્ષેત્રે પોતાની ફરજ સાથે રમતગમત ક્ષેત્રે વધુ સિદ્ધિઓ હાંસલ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ચોટીલા: આદેશ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાંથી બોગસ ડોકટર ઝડપાયો

## મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના મુખ્ય ડોકટરને બોગસ ડોકટર અંગે અગાઉથી ખ્યાલ હતો કે કેમ? તે તપાસનો વિષય

### તબીબી ડિગ્રી નહી હોવા છતાં વિશાલ સોરાણી દર્દીઓની સારવાર કરતો હતો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસઓજી પોલીસે ચોટીલા તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જેમાં બાતમીના આધારે ચોટીલા શહેરી વિસ્તારમાં આવેલ ડો.રોહિત ધારેચાની આદેશ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં અન્ય ડોકટર ડિગ્રી નહી હોવા છતાં દર્દીઓની સારવાર કરતો હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી.

જેમાં એસઓજી પોલીસે સણોસરા પીએચસી સેન્ટરના ડોકટરને સાથે રાખી ડમી દર્દી બની રેઈડ કરતા હોસ્પિટલમાંથી કોઈપણ જાતની તબીબી ડિગ્રી કે સર્ટિફિકેટ નહી હોવા છતાં આદેશ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં દર્દીઓની સારવાર કરી આરોગ્ય



સાથે ચેડા કરતા બોગસ ડોકટર વિશાલભાઈ વિઠ્ઠલભાઈ સોરાણી, રહે.ચોટીલા વાળાને ઝડપી પાડી ચોટીલા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ડોકટર સાથે બોગસ ડોકટર બની દર્દીઓની સારવાર કરતો હોવા છતાં ડોકટરને કેમ ખ્યાલ નહી આવ્યો ? અથવા હોસ્પિટલના ડોકટરને ખ્યાલ હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યાં છે ? સહિતની બાબતો અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામજોધપુર: રામવાટીકામાં વેપારી યુવકે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## પરિવારે વધુ ટ્રક લેવાની ના પાડતા પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ: પોલીસે વધુ તપાસ આદરી

**અબતક રાજકોટ**

જામજોધપુર શહેરમાં તિરુપતિ સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષીય યુવકે ગઈકાલે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા જામજોધપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને ટ્રક વધુ લેવા માટે પરિવાર ના પાડતા મનમાં લાગી આવતા જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે

આ અંગે મળતી માહિતી મુજબ જામજોધપુર શહેરના તિરુપતિ પાર્ક રામવાટીકા ૨ માં રહેતા ભરતભાઈ લાખાભાઈ ભાસડીયા ઉંમર વર્ષ ૩૭ વર્ષીય યુવક ગઈકાલે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા જ યુવકે દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા જામજોધપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને ટ્રકનો વ્યવસાય હોય અને વધુ ટ્રક લેવા માટે પરિવારેના પાડતા પગલું ભયું હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક ત્રણ ભાઈ માં નાના અને બે સંતાનએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે જામજોધપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર કે કંડોરીયાએ વધુ તપાસ હાથ ધરી છે

# જુનાગઢના ધંધુસર ગામની સીમમાંથી જુગારનો અખાડો પકડાયો

## બે મહિલા સહિત ૪ પકડાયા : ત્રણની શોધખોળ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે વંથલી તાલુકાના ધંધુસર ગામની સીમમાં ત્રાટકી જુગારનો અખાડો પકડી પાડયો હતો, આ રેઈડ દરમિયાન બે મહિલા સહિત ૪ ને પકડી પાડ્યા હતા, જ્યારે બે નાસી ગયા હતા, અને એક હાજર ના મળી આવતા, કુલ ૭ ઈસમો સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

જુનાગઢ ક્રાઈમ બ્રાંચને બાતમી હકીકત મળી હતી.કે, ભીખુભાઈ કાળાભાઈ મુળીયાસીયા (રહે.ધંધુસર તા.વંથલી વાળા) એ વિજયભાઈ મોહનભાઈ મુળીયાસીયાની વાડીના ખેતરે આવેલ ઓરડીએ આર્થિક ફાયદા સારૂ નાલના પૈસા ઉઘરાવી બહારથી સ્ત્રી, પુરૂષને બોલાવી, ગંજીપતા પાના પૈસા વડે તીનપતી નામનો જુગાર રમી રમાડી જુગારનો અખાડો ચલાવે છે. જે બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ધંધુસર ગામની સીમમાં બાતમી વાળી જગ્યાએ ત્રાટકી જુગાર અંગે રેઈડ કરતા આરોપીઓ હિંમાશુભાઈ દિનેશભાઈ અઢીયા (ઉ.વ.૪૯ રહે. નહેરૂપાર્ક સોસાયટી દિપગગન એપાર્ટમેન્ટ, જુનાગઢ), દેવીબેન ઉર્ફે દીવીબેન હિતેષભાઈ લાડવા (ઉ.વ.૫૩ રહે. મધુરમ, દેશી ચુલાવાળી ગલીની બાજુમાં જુનાગઢ) દેવીબેન સરમણભાઈ ઓડેદરા, (ઉ.વ.૫૦ રહે. મૈયારી, તા. કુતિયાણા) શોભનાબેન જગદીશભાઈ ઉર્ફે રાઘવભાઈ સંતોકી (ઉ.વ.૫૨ રહે.વધાવી, તા.જી. જુનાગઢ) ને રોકડા રૂા. ૪૫,૪૮૦ તથા ગંજીપતાના પાના સાથે જુગાર રમતા પકડી પાડી, કુલ રૂા. ૯૫,૪૮૦ ના મુદામાલ જપ્ત કર્યો હતો.આ રેઈડ દરમિયાન પોલીસને જોઈને હીરા બાવન મકવાણા (રહે.વધાવી) પિયુષ ઉર્ફે પીલો ઉકાભાઈ (રહે. વધાવી તા.જી.જુનાગઢ) નાસી છૂટયા હતા જયારે આરોપી ભીખુભાઈ કાળાભાઈ હાજર નહી મળી આવતા ક્રાઈમ બ્રાન્ચે ૭ ઈસમો સામે વંથલી પોલીસમાં ગુન્હો દાખલ કરાવેલ છે. વંથલી પોલીસે પકડાયેલા ૪ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી, જયારે નાસી જનાર બે તથા હાજર નહીં મળી આવેલ એક શખ્સ મળી કુલ ૩ ને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

# સુલતાનપુર નજીક ૯ બોટલ દારૂ સાથે વોન્ટેડ બુટલેગર સહિત બે ઝડપાયા

## એલસીબીએ દરોડો પાડી કારના ચોરખાનામાંથી ૭૮ હજારનો શરાબ પકડ્યો: બે ફરાર

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

એલસીબી ટીમે સુલતાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રાવણા ગામ પાસેથી બાતમીના આધારે કારને આંતરીને દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. કારમાં ખાસ ચોરખાના બનાવીને દારૂની ગેરકાયદે હેરફેર કરવામાં આવી રહી હતી. પોલીસે રૂ. ૧,૮૩,૫૩૦ની કિંમતના મુદ્દામાલ સાથે બે શખસોની અટકાયત કરી છે, જેમાં દાહોદ જિલ્લાના પીપલોદ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા આઠ મહિનાથી નાસતો ફરતો આરોપી પણ પકડાઈ ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ એલસીબી પીઆઈ જે.પી. રાવની માર્ગદર્શન હેઠળ કઈઈ ટીમ પેટ્રોલીંગમાં હતી.

દરમ્યાન મળેલી ખાનગી બાતમીના આધારે બાબરાથી રાંદલના દડવા થઈને રાવણા ગામ તરફ આવી રહેલી ગ્રે કલરની GJ01KL8560 નંબર ની ઈન્ડિકા કાર ને રાવણા ગામ પાસે આડશ મૂકીને રોકવામાં આવી હતી.





કારની તલાશી લેતાં તેમાં અલગ-અલગ જગ્યાએ બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની ૪૫૯ બોટલો કિંમત રૂ. ૭૮,૦૩૦ મળી આવી હતી. પોલીસે કાર માં રહેલા જહાંગીરભાઈ અમીનભાઈ શેખ ઉ.વ. ૪૧, રહે. સુખનાથ ચોક, જૂનાગઢ , જે આરોપી દાહોદના પીપલોદ પોલીસ સ્ટેશનના નોંધાયેલા ગુનામાં છેલ્લા ૮ માસથી નાસતો ફરતો હતો. ઉપરાંત નરેશભાઈ હીરાભાઈ નાગદેવ ઉ.વ. ૩૪, રહે. મધુરમ વિસ્તાર, જૂનાગઢ ને ઝડપી લીધા હતા. પોલીસે ઈંગ્લીશ દારૂની બોટલો ૪૫૯ નંગ કિંમત રૂ.૭૮,૦૩૦, મોબાઈલ ફોન: ૨ નંગ કિંમત રૂ.૫,૫૦૦, ટાટા ઈન્ડિકા કાર: ૧ નંગ કિંમત રૂ.૧,૦૦,૦૦૦ સહિત કુલ મુદ્દામાલ: રૂ.૧,૮૩,૫૩૦ કબ્જે કર્યો હતો. આ કામગીરી દરમિયાન માલ મોકલનાર મલ્લાભાઈ ડામોર રહે. સમોઈ, તા. રાણાપુર અને હિતેશભાઈ સવદાસભાઈ મોઢવાડીયા રહે. રાજકોટ, મૂળ જૂનાગઢ નામના બે ઈસમોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ મામલે સુલતાનપુર પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જેતપુરમાં જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર ધોકા-પાઈપ વડે જીવલેણ હુમલો

## વાગ્દતાના ઘરેથી બહાર આવતા જ ત્રણ શખ્સોની ટોળકી તૂટી પડી, વચ્ચે પડેલા ત્રણ મિત્રોને પણ ફટકાર્યા

### ગોપાલ બાવલે નામના શખ્સે મિત્રોને મોકલી હુમલો કરાવ્યો: જેતપુર પોલીસે હત્યાની કોશિશ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર ધોકા-પાઈપ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ત્રણ વર્ષ પૂર્વે યુવાનના ઘરે ધસી જઈ હુમલો કરવામાં આવ્યો હતો. જે મામલે ફરિયાદ નોંધાવ્યાનો ખાર રાખી ગોપાલ બાવલ નામના શખ્સે તેના મિત્રોને હથિયારો સાથે મોકલી વાગ્દતાને મળવા ગયેલા યુવાન પર ખૂની હુમલો કરાવ્યો હતો. જયારે વચ્ચે પડેલા ત્રણ મિત્રોને ફટકાર્યા હતા. સમગ્ર મામલે જેતપુર સીટી પોલીસે હત્યાની કોશિશ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના પાજોદ ગામના વતની ૩૪ વર્ષીય યુવાન મેહુલભાઈ રસીકભાઈ રાઠોડે આરોપી તરીકે સાગર ચંદુભાઈ રાઠોડ(રહે. રાજકોટ), લક્ષ કિશોરભાઈ શીંગાળા (રહે. જેતપુર), અજય ઉર્ફે બાવો અને ગોપાલ રમેશભાઈ બાવલ (રહે. રાજકોટ)નું નામ આપી જણાવ્યું હતું કે, આશરે પંદર દિવસ પહેલા હું તથા મારા મામાનો દિકરો અતુલભાઈ પ્રાગજીભાઈ નવાપરિયા, મારો મિત્ર મિલ્કેશ મિલાપભાઈ રાઠોડ, રણજીત મનસુખભાઈ મકવાણા મગફળીનો વેપાર કરવા કચ્છ ખાતે ગયેલ હતા. ગઈ તા.૦૭/૧૦/૨૦૨૬ ના રાત્રીના આશરે નવ વાગ્યે અમે પરત જૂનાગઢ આવ્યા હતા. ત્યારે હુ મારા મામાના દિકરા અતુલના ઘરે રોકાયેલ હતો. દરમ્યાન અતુલે વાત કરેલ કે, તેની વાગ્દતા સાથે પંદર દિવસથી ઝગડો થયેલ હોય ફોનમાં વાત થતી નથી જેથી તેના ઘરે જઈ સમાધાન કરી આવીએ. બાદ હું, અતુલ અને રણજીત ફોરવ્હીલર ગાડી લઈને જેતપુર ખાતે જવા નીકળેલ હતા. રસ્તામાંથી અમે મિલ્કેશને પણ ફોન કરી બોલાવી લીધો હતો. અમે અતુલની વાગ્દતાના ઘરે પહોંચતા અતુલ તથા રણજીત બંને ઘરમા અંદર ગયેલ હતા. જયારે હું અને મિલ્કેશ બહાર ઉભા હતા.

થોડીવાર બાદ તે બંને બહાર આવતા અમે ચારેય અમારી કાર તરફ જતાં હતા. દરમિયાન રસ્તામાં સાગર ચંદુભાઈ રાઠોડ, લક્ષ કિશોરભાઈ શીંગાળા, અજય ઉર્ફે બાવો ત્યાં ઉભા હતા. ત્યારે ત્રણેય શખ્સોના હાથમા ધોકા-પાઈપ હતા. જેથી મે આગળ જઈ સાગરને બથ ભરી કહેલ કે, ભાઈ તારે શું છે? દરમ્યાન મિલ્કેશ તથા રણજીતે પણ આ લોકોને કહેલ કે, ભાઈ હાથ ચાલાકી રહેવા દો, જે હોય તે કહો. જેથી સાગર કહેવા લાગેલ કે, ભાઈ અમારે તમારી સાથે કોઈ લેવાદેવા નથી, તમે રહેવા દો. તેમ છતા મિલ્કેશ વચ્ચે પડતા સાગરે મિલ્કેશને લોખંડનો પાઈપ પગમા મારેલ હતો. રણજીતને લક્ષે ત્રણ થી ચાર જાપટ મારી દિધેલ અને કહેલ કે, તમે રહેવા દો. જેથી તે બંને સાઈડમાં જતા રહેલ હતા. બાદ સાગરે તેના હાથમા રહેલ લોખંડનો પાઈપ મારા માથા ઉપર તથા જમણી બાજુના ખભાના ભાગે મારી દેતા હુ નીચે બેસી ગયેલ હતો. બાદ સાગરે મોબાઈલ કાઢી ગોપાલ રમેશભાઈ બાવલને વિડીયો કોલ કરી કહેલ કે, આ જ તારા દુશ્મનો છે ને? સામેથી ગોપાલે કહેલ કે, હા તેને મારી નાખો હુ બેઠો છું. બાદ સાગરે મને ગાળો આપી આજ તો તને જીવતો નથી મુકવાનો તેમ કહી અતુલના માથાના ભાગે લોખંડનો પાઈપ મારી દેતા અતુલ લોહીલુહાણ થઈ ગયેલ હતો. બાદ ત્રણેય શખ્સો ધોકા-પાઈપ વડે અતુલને શરીરે આડેધડ મારવા લાગેલ હતા. અતુલ લોહીલુહાણ થઈ જતા તે લોકો ત્યાંથી નાસી ગયેલ હતા.

જેથી બંને મિત્રોએ મને તથા અતુલને સારવાર અર્થે જૂનાગઢ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. બનાવ મામલે યુવાને ફરિયાદ નોંધાવતા વધુમાં જણાવ્યું હતું કે, આશરે ત્રણેક વર્ષ પહેલા મારા મામાના દિકરા અતુલભાઈ પ્રાગજીભાઈ નવાપરિયાને અમારા સમાજના ગોપાલ રમેશભાઈ બાવલ સાથે બોલાચાલી થયેલ હતી. બાદ ગોપાલ રમેશભાઈ બાવલ અને સાગર ચંદુભાઈ રાઠોડ તથા તેના પરિવારના સભ્યોએ અતુલના ઘરે જઈ મારામારી કરેલ હતી. જે બાબતે અતુલના પિતા પ્રાગજીભાઈએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરેલ હતી. જે બાબતનો ખાર રાખી ગોપાલ બાવલે ત્રણ શખ્સોને મોકલી જીવલેણ હુમલો કરાવ્યો હતો.

# સાવરકુંડલામાં ખનન માફિયા સામે તંત્રની લાલ આંખ

## રેતી ભરેલું ડમ્પર મળી રૂ.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકામાં બેફામ ચાલી રહેલા અનઅધિકૃત ખનીજ પરિવહન સામે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સાવરકુંડલા પ્રાંત અધિકારી ઝેડ.વી. પટેલના માર્ગદર્શન હેઠળ મામલતદાર એસ.બી. દેસાઈ અને તેમની ટીમ દ્વારા આ મહત્વની કાર્યવાહી કરવામાં આવી હતી. સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામેથી અનઅધિકૃત રીતે રેતીનું પરિવહન કરતું એક ડમ્પર ઝડપી લેવામાં આવ્યું હતું. સ્થળ તપાસ દરમિયાન ડમ્પર દ્વારા રેતીનું ગેરકાયદે પરિવહન થતું હોવાનું પૂરવાર થતાં તંત્ર દ્વારા તાત્કાલિક વાહનને કબજે



લેવામાં આવ્યું હતું. મામલતદારની ટીમે રેતી અને ડમ્પર સહિત કુલ અંદાજે રૂપિયા ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્યારબાદ, કબજે કરાયેલ ડમ્પર સહિતનો તમામ મુદ્દામાલ જરૂરી દંડકીય કાર્યવાહી માટે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સુપરત કરવામાં આવ્યો છે. સાવરકુંડલા તાલુકામાં અનઅધિકૃત રેતી અને અન્ય ખનીજોના ગેરકાયદે પરિવહન સામે વહીવટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આ પ્રકારે સઘન ચેકિંગ અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેમ મામલતદાર કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સુરેન્દ્રનગર એલસીબીએ જીવણગઢની સીમમાંથી દેશી દારૂનો ૪૦૦ લીટર આથો ઝડપ્યો

**અબતક સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર એલસીબી ની ટીમે પાટડી તાલુકાના જીવણગઢ ગામની સીમમાં આવેલા કોરી તળાવ પાસેથી બાતમીના આધારે રૂ. ૧૦ હજારની કિંમતનાદેશી દારૂ બનાવવાનો ૪૦૦ લીટર હાથો ઝડપી લીધો છે. જ્યારે દરોડા દરમિયાન બુટલેગર ત્રિભુવન ઉર્ફે તભાભાઈ દેવજીભાઈ જીંજરીયા નાસી જતા તેની શોધખોળ હાથ ધરી છે.



# ચોકી સોરઠ ટ્રેનીંગ સેન્ટરની તાલીમાર્થી મહિલા ઓનલાઈન ફ્રોડનો શિકાર બની

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ જીલ્લામાં ઓનલાઈન છેતરપિંડીનો વધુ એક કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે, ચોકી સોરઠ પોલીસ ટ્રેનીંગ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલા મહિલા તાલીમાર્થીને ટાર્ગેટ કરી, ગઠિયાઓ બેંક ખાતામાંથી રૂ.૮૦,૫૧૭ ઉસેડી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.હાલમાં ચોકી સોરઠ પોલીસ ટ્રેનીંગ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલા મુળ જામનગરના બેરાજા (ભલસાણ)ના રહેવાસી જીનલબેન ડો/ઓ બાબુભાઈ સોલંકી (ઉ.વ.૨૪) એ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, અજાણ્યા મો.૯૯૦૫૮૩૫૮૬૭ તથા મો.૭૦૬૧૧૦૯૩૯૪ માંથી હિન્દી ભાષી અજાણ્યા ઈસમે ફરીયાદી જીનલબેનના મો.નંબર ઉપર ફોન કરી, પોતે એક્ષીસ બેંકનો કર્મચારી હોવાનુ જણાવી જીનલબેનના ક્રેડીટ કાર્ડમાં ચાર્જ કટ થવાનું કહી આ ચાર્જ કટ ન કરવા માટે ફરીયાદી જીનલબેનના મોબાઈલ પર અજાણ્યા મો.૯૬૩૧૮૮૧૪૯૩ માંથી વોટસઅપમાં એ.પી.કે. ફાઈલ તથા ઓટીપી મોકલાવી, આ ઓટીપી મોકલવા જણાવતા, જીનલબેન એ ઓટીપી આપતા, ફરીયાદીનો મોબાઈલ હેક કરી, ફરીયાદીની જાણ બહાર, ફરીયાદીના એક્ષીસ બેંકના ક્રેડીટ કાર્ડ માંથી ગત તા.૨૬/૦૯/૨૬ થી તા.૩૦/૦૯/૨૬ દરમિયાન જુદી જુદી રકમના જુદા-જુદા સમયે કુલ રૂ.૮૦,૫૧૭ ના ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી, ફરીયાદીના ખાતામાથી રૂપીયા મેળવી છેતરપીંડી કરી ગુન્હો કરવામાં આવ્યો છે.

ફરિયાદી જીનલબેન ડો/ઓ બાબુભાઈ સોલંકીની ફરિયાદના આધારે, પોલીસે અજાણ્યા ઈસમો સામે ગુન્હો નોંધી, આ ઓનલાઈન છેતરપિંડીનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

# જેતપુરમાં યુવાન પર બેલડીનો ધોકા-પાઈપ વડે હીંચકારો હુમલો : હાથ-પગ, આંગળી ભાંગી નાખી

## તું જયદીપના કારખાને જતો નહીં, ત્યાં મારે મારા માણસોને રાખવાના છે કહેનાર શખ્સે ફેકટરી ખાતે ધસી આવી માર માર્યો: મિત્રને પણ બેફામ ફટકાર્યો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં બે મિત્રો પર ધોકા-પાઈપ વડે બેલડીએ હીંચકારો હુમલો કર્યો હતો. કારખાનામાં પોતાના માણસો ગોઠવી કમિશન મેળવતા શખ્સે કારખાનેદાર સાથે સીધી વાતચીત કરી નોકરી મેળવી લેનાર યુવાન અને તેના મિત્રને બેફામ ફટકાર્યા હતા. કારખાને ધસી આવેલા શખ્સોએ યુવાન પર હુમલો કરી હાથ-પગ અને આંગળી ભાંગી નાખી હતી. જે સમગ્ર મામલે જેતપુર ઉદ્યોગનગર પોલીસે બેલડી સામે ગુનો નોંધ્યો હતો.

જેતપુરના જૂનાગઢ રોડ પર આરાધ્યાનગર બ્લોક નં.-૪ માં રહેતા ૨૩ વર્ષીય યુવાન મનીષભાઈ રાજુભાઈ ડાભીએ આરોપી તરીકે હિતેશ ગોહેલ અને દશરથ શેખવા (બંને રહે. ગાયોનાં ગોદરા પાસે, જેતપુર)નું નામ આપી જણાવ્યું હતું કે, બે મહિના પહેલા હિતેષ ગોહેલે મને મળી વાત કરેલ કે તારે મારે ત્યાં કામે આવું હોય તો હું તને અઢારથી વીસ હજાર રૂપિયા મળે તેટલું કામ આપીશ. જેથી હું તથા મારો મિત્ર પારસ હરસુખભાઈ મકવાણા જેતપુર નવાગઢમાં પટેલ ચોક પાસે આવેલ જયદીપભાઈ મકવાણાના કારખાનામાં મજૂરી કામ માટે ગત ઓગસ્ટ મહિનામાં ગયેલ હતા. જયા અમે હિતેષ ગોહિલની નીચે એક મહિનો કામ કરેલ હતું. સાતમ-આઠમમા નવમા મહિનાની શરૂઆતમાં હિતેષે અમને બંન્નેને પગાર આપી છુટા કરી દીધા હતા. આઠ-દસ દિવસ પહેલા મારા મિત્ર પારસના ફોનમાં જયદીપભાઈ મકવાણાએ ફોન કરી અમને બંનેને કારખાનામાં કામ કરવા આવવાનું કહેતા મેં તેને કહેલ કે હિતેષ આવતો હોય તો અમારે આવવું નથી. તો જયદીપભાઈએ કહેલ કે હિતેશ હવે આવતો નથી. જેથી મે કહેલ કે, અમે બંને પાંચ-છ દિવસમાં કામે આવીશુ. બાદ મેં પારસના ફોનમાંથી હિતેષ ગોહેલને ફોન કરી કહેલ કે, અમે જયદીપભાઈના કારખાને કામે જઈએ તો તને કંઈ વાંધો નથી ને? તો હિતેષે કહેલ કે મને કંઈ વાંધો નથી પણ તે જ દિવસે રાત્રે હિતેષે મારા ભાઈ ધર્મેશના ફોનમાં ફોન કરેલ હતો. જે મોબાઈલથી મે હિતેશ સાથે વાત કરતા તેણે કહેલ કે, તું જયદીપના કારખાને જતો નહીં, ત્યાં મારે મારા માણસોને રાખવાના છે. જેથી મેં કહેલ અમારે નક્કી થઈ ગયેલ છે અમે ત્યાં કામે જવાના છીએ. તો હિતેષે મને કહેલ કે જો તમે ત્યાં કામે ગયેલ તો તમારા ટાટીયા ભાંગી નાખીશ. ગઈ તા.૦૬/૧૦/૨૦૨૬ થી મેં તથા પારસે જયદીપભાઈના કારખાને દોરી મારવાનું કામ ચાલુ કરેલું હતું. ગઈકાલે હું તથા પારસ અને મારા માસીનો દીકરો ધર્મેશ મકવાણા સવારના સાડા અગિયાર વાગ્યે જયદીપભાઈના કારખાને કામ કરતા હતા. બપોરના દોઢ વાગ્યે હિતેશ ગોહેલ તથા દશરથ શેખવા લાકડાનો ધોકો અને લોખંડનો પાઈપ લઈને ધસી આવેલ હતા. હિતેશે કંઈ પણ કહ્યા વિના મને પીઠના ભાગે ધોકાના બે ઘા મારી દીધા હતા. જેથી હું ત્યાંથી ભાગી ગયો હતો. જેથી તે બંને સિલ્વર કલરનું સ્પ્લેન્ડર લઈને મારી પાછળ કારખાનાની ત્રીજી શેરીમાં આવેલ હતા. હિતેષ ગોહેલે મને ધોકા વડે આડેધડ માર માર્યો હતો. તેણે મારા બંને પગ, બંને હાથ, હાથ અને પીઠના ભાગે ધોકાના ૧૫ ઘા ઝીંક્યા હતા. દશરથ શેખવાએ લોખંડના પાઈપથી બંને હાથ તથા બંને પગમાં આડેધડ છ-સાત ઘા મારેલ હતા. બાદ સ્થાનિકોએ મને વધુ મારમાંથી છોડાવેલ હતો.

બાદ યુવાનને સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. યુવાનના મિત્ર પારસ મકવાણાને પણ સારવારમાં દાખલ કરેલ હોય ત્યારે પારસે વાત કરેલ કે, તું કારખાનેથી ભાગી ગયેલ પછી મને હિતેષે તથા દશરથ શેખવાએ લાકડાના ધોકા તથા લોખંડના પાઈપથી આડેધડ શરીરે ઘા મારેલ હતા. હિતેષે મને ધોકાના બે ઘા ડાબી આંખ પાસે, ડાબા નેણ ઉપર, એક ઘા માથાના પાછળના ભાગે મારેલ હતો. ફરિયાદી યુવાનને ડાબા હાથમાં કાંડા પાસે, જમણા હાથમાં ત્રીજી આંગળીમાં, ડાબા ગોઠણમાં ફ્રેક્ચર થઈ ગયાનું જાહેર કર્યું હતું.સમગ્ર મામલે યુવાનવા ફરીયાદ નોંધાવતા વધુમાં જણાવ્યુ હતું કે, હિતેષ ગોહેલને જયદીપભાઈના કારખાનામાં તેના માણસો કામે રાખી કમિશન લેવું હોય પરંતુ અમે કામે જતા તે તેના માણસો કામે રાખી શકેલ નહીં. જેનો ખાર રાખી અમારી ઉપર હુમલો કરેલ હતો. બનાવને પગલે જેતપુર ઉદ્યોગનગર પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

# ઉના નજીક હીટ એન્ડ રન, કારે બે વિદ્યાર્થિનીને ઉડાડી

## શાળાએ જવા વાહનની રાહ જોતી હતી ત્યારે પુરપાટ ઝડપે આવતા વાહને અકસ્માત સર્જાયો

**અબતક, ઉના**



ઉના ભાવનગર નેશનલ હાઈવે રોડ ઉપર આવેલ નાઠેજ ગામના પાટિયા પાસે નાઠેજ ગામની માનવીબેન સોસા અને પ્રિયાબેન સોસા શાળાએ જવા માટે વાહન ની રાહ જોતી રોડ કાંઠે ઉભી હતી ત્યારે એક સફેદ કલર ની હોન્ડાઈ કંપની ની કાર ચાલકે અશ્વિનભાઈ ચંદ્રકાન્ત ભાઈ જોશી રે. ઉના પૂર ઝડપે અને બે દરકારી થી કાર ચલાવી સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવતા બન્ને ઉભેલી બહેનો ને હડફેટે લઈ ફગોળી હતી. અને રોડ બાજુ ની બાવળ ની કાંટા ની વાડ અને પાણી ના ખાબોચિયા મા પડી ગઈ હતી. આ સમયે ઉનાની ગૂલીસ્તા પ્રથમિક સ્કૂલ મા ફરજ બજાવતા શિક્ષક સોહીલભાઈ ઉન્નડજામ રે. ઉમેજ વાળા નીકળેલ અને અકસ્માત જોઈ જતા લોકો ની મદદ થી બે અકસ્માતગ્રસ્ત બહેનોને બહાર કાઢી ઉના ની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી સારવાર અપાવી હતી. અકસ્માતનો બનાવ બનતા ઉના પોલીસ સ્થળ ઉપર પહોંચી કાર ચાલક સામે કાર્યવાહી કરવાની કામગીરી કરી રહી છે.

# વાંકાનેર: ખાનપર ગામે પ્રેમ પ્રકરણમાં વૃધ્ધની હત્યાના ૮ આરોપીની ધરપકડ

## સામસામે મારામારીમાં આરોપી પક્ષે ગંભીર ઈજા થતા મૃતક સહિત ૮ સામે ગુનો નોંધાયો

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના ખાનપર ગામે પ્રેમપ્રકરણના મામલે થયેલી તકરારમાં સગરામભાઈ સરવૈયાની હત્યા કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. યુવતીની શોધખોળ કરવા ગયેલા પરિવારજનો સાથે થયેલી બોલાચાલી બાદ લાકડી-ધોકાથી હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવમાં યુવતીના દાદાનું મોત થયું હતું, જ્યારે ચાર જેટલાને ઈજા પહોંચી હતી. હત્યાના બનાવ બાદ તુરંત વાંકાનેર તાલુકા પોલીસે ગણતરીની કલાકોમાં હત્યાના ગુનામાં સંડોવાયેલ આઠ આરોપીઓને ઝડપી લીધા છે. જેમાં આરોપી પક્ષના ૪ શખ્સોને ઈજા થતા મૃતક સહિત ૮ વ્યક્તિ વિરૂધ્ધ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

વાંકાનેર તાલુકાના ખાનપર ગામે ગત તા. ૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૧૦ વાગ્યે પ્રેમપ્રકરણના મામલે હત્યાનો બનાવ બન્યો હતો. જેમાં ખાનપર ગામે રહેતા ફરિયાદી હેમુભાઈ સગરામભાઈ સરવૈયાની ભત્રીજી હેતલબેન ગામના કિશનભાઈ મકવાણા સાથે જતી રહી હોવાની જાણ થતાં પરિવારજનો તેની શોધખોળ કરવા કિશનભાઈના ઘરે પહોંચ્યા હતા. તે દરમિયાન સમાપક્ષે યુવકના



પરિવારજનોએ એકસંપ કરીને લાકડી-ધોકા વડે હુમલો કર્યો હતો. જેમાં આરોપી દેવાભાઈ ઉકાભાઈ મકવાણાએ યુવતીના દાદા સગરામભાઈ સામતભાઈ સરવૈયાના માથાના પાછળના ભાગે લાકડીનો ઘા મારતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે ફરિયાદી હેમુભાઈ સરવૈયાને પણ માથાના ભાગે ઈજા પહોંચાડવામાં આવી હતી.

આ બનાવ અંગેની ફરિયાદના આધારે વાંકાનેર તાલુકા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી અને ગણતરીની કલાકોમાં આરોપી દેવાભાઈ ઉકાભાઈ મકવાણા, કિરણભાઈ દેવાભાઈ મકવાણા, વિપુલભાઈ દેવાભાઈ મકવાણા, રાજુભાઈ છનાભાઈ મકવાણા, મનસુખભાઈ ઉકાભાઈ મકવાણા, ભરતભાઈ મનસુખભાઈ મકવાણા, વિરમભાઈ મનસુખભાઈ મકવાણા તથા જેમાભાઈ સોમાભાઈ મકવાણા તમામ રહે. ખાનપર તા. વાંકાનેર વાળાને ઝડપી લીધા હતા. પોલીસે આઠેય આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે સામા પક્ષે આરોપીના ઘરે મૃતક સહિતના ૮ શખ્સો ધોકા - લાકડી વડે હુમલો કરતા આરોપી દેવાભાઇ, તેમનો પુત્ર કિરણ, વિરમભાઈ મનસુખભાઈ સહિતના વ્યક્તિએ ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયા હતા. જેથી તાલુકા પોલીસે મૃતક સંગરામભાઈ સામતભાઈ સરવૈયા, સુરેશ સગરામભાઈ, હેમુ ચગરામભાઈ, ગોરધન પોપટભાઈ, છગન પોપટભાઈ, જેસા પ્રેમજીભાઈ, મેઘા પ્રેમજીભાઈ, રઘાભાઈ ડાભી વિરૂધ્ધ ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરવામાં તાલુકા પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ સાથે આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથધરી છે.

### યુવતીને ભગાડી જવા બાબતે મૃતક સહિતના શખ્સો યુવકને ઘરે ધસીને હુમલામાં ૪ને ઈજા પહોંચાડી

# ખેલ મહાકુંભ-૨૦૨૬માં ૩૯ રમતોમાં ખેલાડીઓ બતાવશે કૌવત

## ૧૧થી ૧૯ ઓક્ટોબર અને ૨૭ નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન સ્પર્ધાઓ યોજાશે

**અબતક, ઋષી મહેતા**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મોરબી દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત મોરબી ગ્રામ્ય જીલ્લાકક્ષા તથા મોરબી મહાનગરપાલિકાકક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓ બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કો તા. ૧૧થી ૧૯ ઓક્ટોબર દરમિયાન અને બીજો તબક્કો તા. ૨૭ નવેમ્બરથી ૬ ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાશે. ખેલ મહાકુંભમાં કુલ ૩૯ રમતોનો સમાવેશ કરાયો છે, જેમાં અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૭, ઓપન એજ ગ્રૂપ, ૪૦ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી વધુ એમ કુલ સાત વયજૂથમાં ખેલાડીઓ પોતાની પ્રતિભા દર્શાવશે.

સ્પર્ધાઓનો સવિસ્તર કાર્યક્રમ, સ્થળ અને અન્ય માહિતી માટે ખેલાડીઓ તથા શાળાઓ ખેલ મહાકુંભની અધિકૃત વેબસાઈટ અથવા www.khelmahakumbh.gujarat.gov.inની મુલાકાત લઈ શકે છે. વધુ માહિતી માટે ટોલ-ફ્રી નંબર ૧૮૦૦૨૭૪૬૧૫૧ પર સંપર્ક કરવા જીલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# પંચાસર રોડ પર ડિમોલીશન કામગીરી સામે કોંગ્રેસ પ્રમુખનો ભેદભાવનો આક્ષેપ

## ૧૯૭૧ના નકશા મુજબ રિક્રિએશન એરિયાના ત્રણેય બાજુના દબાણો દૂર કરવાની માંગ સાથે ડે. કમિશનરને રજૂઆત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પંચાસર રોડ પર દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં માત્ર ગરીબ પરિવારોનાં મકાનો અને ઝૂંપડાં તોડવામાં આવતાં હોવાનો આક્ષેપ શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા સહિતના આગેવાનોએ કર્યો હતો. તેમણે ડેપ્યુટી કમિશનર બ્રિજેશ કાલરિયાને રૂબરૂ મળી રજૂઆત કરી હતી કે વર્ષ ૧૯૭૧ના નકશા મુજબ રિક્રિએશન એરિયા તરીકે દર્શાવાયેલા વિસ્તારમાં ત્રણેય બાજુનાં દબાણો



દૂર કરવામાં આવે. ઓબીસી, એસસી, એસટી અને લઘુમતી સમાજના ગરીબોનાં મકાનો તોડવામાં આવ્યાં છે, જ્યારે તળાવની બીજી બાજુનાં મોટાં શેડ અને અન્ય દબાણો યથાવત છે. તેમણે રવાપર રોડ પર આવેલી નીલકંઠ વિદ્યાલય તથા રાજાશાહી સમયના સાત વોંકળા પરનાં દબાણોનો ઉલ્લેખ કરીને સમાન ધોરણે કાર્યવાહી કરવાની માગ કરી હતી. ડેપ્યુટી કમિશનર બ્રિજેશ કાલરિયાએ જણાવ્યું હતું કે હાલ ફેઝ-૧ની કામગીરી ચાલી રહી છે. ફેઝ-૨માં પાછળના વિભાગોને પણ નોટિસ આપીને ક્રમશઃ દબાણો દૂર કરવામાં આવશે. કોંગ્રેસ આગેવાનોએ ચેતવણી આપી છે કે આગામી તબક્કામાં સમાન ધોરણે કાર્યવાહી નહીં થાય તો સ્થાનિક લોકો અને કોર્પોરેટરોને સાથે રાખીને લેખિત રજૂઆત કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# સાવરની પાળ વિસ્તારમાં ડિમોલીશન બાદ આજથી કાટમાળ હટાવવાની કામગીરી શરૂ

## ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ રીતે દબાણો દૂર કરાયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં મહાનગરપાલિકાના મેગા ડિમોલિશનમાં પંચાસર રોડ પર સાવરની પાળ વિસ્તારમાં દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સાવરની પાળ વિસ્તારમાં વર્ષોથી ઉભા કરાયેલા કાચા-પાકા દબાણો પર મનપાની એસ્ટેટ શાખાએ કાર્યવાહી કરી હતી. ત્યારે તળાવના બ્યુટીફિકેશન માટે દબાણો હટાવવાની કામગીરીમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા મેગા ડિમોલિશનની કામગીરી વહેલી સવારે ૭ વાગ્યે શરૂ થઈ હતી અને રાત્રે ૯:૧૫ વાગ્યા સુધી સતત ચાલી



હતી.

ડિમોલિશનની કામગીરી પૂર્ણ થયા બાદ ડેપ્યુટી કમિશનર બ્રિજેશ કાલરીયાએ વિગતો આપતા જણાવ્યુ કે, આ કામગીરીમાં મનપાના ૧૪૦ કર્મચારીઓ, ૨૦૦થી વધુ પોલીસ જવાનો અને પીજીવીસીએલની ૬ ટીમો જોડાઈ હતી. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની હાજરીમાં જરૂરી ઈન્વેન્ટરી સાથે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે દબાણો દૂર કરવાની કામગીરી કોઈ અનિચ્છનીય બનાવ વિના શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. હવે આગામી દિવસોમાં સ્થળ પરથી કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરાશે, જે પૂર્ણ થતાં અંદાજે ૩થી ૪ દિવસનો સમય લાગશે તેમ જણાવવામાં આવ્યું હતું.

# મનપાની સ્ટેન્ડિંગ કમિટીમાં ફાયર સેવાના નવા ચાર્જની દરખાસ્ત

## રહેણાંક મિલકતોને ફાયર સેવામાંથી ચાર્જમુક્તિની જોગવાઈ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ફાયર સેવાના નવા ચાર્જની દરખાસ્ત કરવામાં આવી છે. મનપા હદમાં રહેણાંક મિલકતોને ફાયર સેવાનો કોઈ ચાર્જ નહીં લેવાની જોગવાઈ સૂચવાઈ છે. આ ઉપરાંત મિલકતવેરાની ડબલ નોંધણી દૂર કરવા ચકાસણી કરવાનો નિર્ણય લેવાયો છે,

જ્યારે નવા કોર્પોરેશન બિલ્ડિંગના બાંધકામમાં થયેલા વધારાના ખર્ચનો મુદ્દો ગ્રાન્ટના અભાવે હાલ પૂરતો પેન્ડિંગ રાખવામાં આવ્યો છે.

મોરબી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ફાયર



સેવાના નવા ચાર્જ અંગે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયંતીભાઈ પડસુંબીયાના જણાવ્યા મુજબ, મનપા હદમાં આવેલા ઔદ્યોગિક અને કોમર્શિયલ એકમો માટે આઠ કલાક સુધીના ફિક્સ ચાર્જમાં ૫૦ ટકા રાહત સાથે રૂ.૨,૫૦૦ વસૂલવાની દરખાસ્ત છે. જ્યારે મનપા હદ બહારના વિસ્તારોમાં મિનિમમ ફિક્સ ચાર્જ રૂ.૫,૦૦૦ રહેશે. આઠ કલાકથી વધુ સમય માટે પ્રતિ કલાક રૂ.૫૦૦ અને પ્રતિ કિલોમીટર રૂ.૫૦ ચાર્જ વસૂલવાની દરખાસ્ત પણ કરવામાં આવી છે. મનપા હદમાં રહેણાંક મિલકતોને ફાયર સેવાનો કોઈ ચાર્જ નહીં લેવાની જોગવાઈ સૂચવાઈ છે.

# વાંકાનેરમાં તાલુકા કક્ષા કલા મહાકુંભનું કાલે આયોજન

## એલ.કે.સંઘવી કન્યા વિદ્યાલય ખાતે ૪૬૬ સ્પર્ધકો ઉત્સાહભેર જોડાશે

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં યુવા અને સાંસ્કૃતિક વિભાગ, મોરબી દ્વારા આયોજિત અને શ્રીમતી એલ. કે. સંઘવી કન્યા વિદ્યાલય, વાંકાનેરના યજમાનપદે આવતીકાલે સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી તાલુકા કક્ષાના કલા મહાકુંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ કલા મહાકુંભમાં સમગ્ર વાંકાનેર તાલુકામાંથી અંદાજે ૨૩૧ જેટલી કૃતિઓની એન્ટ્રીઓ અને ૪૬૬ જેટલા સ્પર્ધક ભાઈ-બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લેશે. આ મહાકુંભનો મુખ્ય હેતુ ''કલાકૃતિએ સમાજની સંસ્કૃતિનું દર્પણ છે...''આ સૂત્રને સાર્થક કરવાનો છે.

આ અંતર્ગત વિદ્યાર્થીઓના કૌશલ્ય અને સ્કીલને લગતી રાસ ગરબા, લોકનૃત્ય વક્તૃત્વ, નિબંધ, લોકગીત, સમૂહ ગીત, ભજન એક પાત્રિય અભિનય અને લગ્ન ગીત જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાશે.

તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થનાર બધી જ સ્પર્ધાના સ્પર્ધકો આગામી જિલ્લા કક્ષાએ વાંકાનેર તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

# જીલ્લા ભાજપમાં વિવિધ મોરચાના ૭ હોદ્દેદારોની નિમણૂંક



**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ જયંતિભાઈ રાજકોટીયાએ જીલ્લા પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેનાના પરામર્શથી યુવા, કિસાન, બક્ષીપંચ અને અનુસૂચિત જાતિ મોરચામાં કુલ સાત હોદ્દેદારોની નિમણૂક કરી છે.

મોરબી જીલ્લા ભાજપ દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવાના ભાગરૂપે વિવિધ મોરચામાં હોદ્દેદારોની નિમણૂક જાહેર કરવામાં આવી છે. જેમાં યુવા મોરચાના જીલ્લા મંત્રી તરીકે દક્ષ કોટક અને હરેશભાઈ મદ્રેસાણીયાની નિમણૂક કરાઈ છે. કિસાન મોરચાના જીલ્લા ઉપપ્રમુખ તરીકે વનરાજસિંહ નાગજીભાઈ ચૌહાણ અને રમેશભાઈ રાઠોડને જવાબદારી સોંપવામાં આવી છે.

આ ઉપરાંત બક્ષીપંચ મોરચાના જીલ્લા ઉપપ્રમુખ તરીકે મેરાભાઈ કાળાભાઈ ધરજીયા, અનુસૂચિત જાતિ મોરચાના જીલ્લા ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ જેઠાભાઈ પરમાર અને મંત્રી તરીકે નરશીભાઈ ગોકળભાઈ વોરાની નિમણૂક કરવામાં આવી છે. જે તાત્કાલિક અસરથી અમલમાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

### વન્યપ્રાણી સપ્તાહ ઉજવણી અંતર્ગત

# મેડિકલ કોલેજમાં નાયબ વન સંરક્ષકે વન્યજીવ સંરક્ષણ અંગે આપ્યું માર્ગદર્શન

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીની સરકારી મેડિકલ કોલેજ ખાતે વન વિભાગ દ્વારા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક ડો. સુનીલ કુમાર બેરવાલે વિદ્યાર્થીઓને વન્યપ્રાણીઓનું પર્યાવરણમાં મહત્ત્વ, તેમનું જીવનચક્ર અને સંરક્ષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વન્યપ્રાણીઓના બચાવમાં સહયોગ આપતી કર્તવ્ય જીવદયા ટ્રસ્ટ અને યદુનંદન ગૌશાળા ટ્રસ્ટનું



સન્માન પણ કરાયું હતું.

વન્યજીવો અને માનવજીવન વચ્ચેના પરસ્પર સંબંધો તેમજ વન્યજીવોના સંરક્ષણમાં સમાજની સહભાગિતાના મહત્ત્વ અંગે પણ સમજ આપવામાં આવી હતી. વન્યપ્રાણીઓના રેસ્ક્યુ અને બચાવ કામગીરીમાં વન વિભાગને નિઃસ્વાર્થ સહયોગ આપવા બદલ કર્તવ્ય જીવદયા ટ્રસ્ટ, મોરબી અને યદુનંદન ગૌશાળા ટ્રસ્ટનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

મોરબી મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન ડો. સંજય, મદદનીશ વન સંરક્ષક પ્રતિક નારોડિયા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર તૃપ્તિ જોશી, વક્તા ભૂપતભાઈ છાયા, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ અને વન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગઢકામાં રાજ્યપાલની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન કાર્યક્રમો યોજાયા

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર: ૬૭-વાંકાનેર-કુવાડવા વિધાનસભા મતવિસ્તારના ગઢકા ગામે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં 'એક પેડ માં કે નામ', સ્વચ્છતા અભિયાન અને રાત્રિ રોકાણ સભા સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

કાર્યક્રમમાં રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ




પીપળીયા સહિત પક્ષના કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ અને સ્વચ્છતા અંગે જનજાગૃતિ સાથે ગ્રામજનો સાથે સંવાદ તથા રાત્રિ રોકાણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલની ગઢકા ગામની મુલાકાતને પગલે સ્થાનિક સ્તરે કાર્યક્રમમાં ગ્રામજનોની નોંધપાત્ર ઉપસ્થિતિ જોવા મળી હતી.

# કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવાના ૯ વર્ષ પૂર્ણ થતા કરાઈ ઉજવણી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં ગુજરાત રાજ્ય સરકારના પશુપાલન વિભાગ તથા ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસના સંકલનથી કાર્યરત કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવાના તા. ૦૬ ઓક્ટોબરે, ૯ વર્ષ પૂર્ણ થયા હતા.

આ ૯ વર્ષની કામગીરીમાં કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા અંદાજે ત્રીસ હજાર કરતા પણ વધુ ગાય, ભેંસ, કબૂતર અને કૂતરા જેવા અબોલ પશુની સારવાર કરવામાં આવી છે.

આ સેવાના ૯ વર્ષ પૂર્ણ



થવાની ખુશીમાં કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા પંચાસર ચોકડી સ્થિત વેટ પોલી ક્લિનિક ખાતે પશુપાલન વિભાગના વડા નવનીત જે. વડનગરાની ઉપસ્થિતિમાં કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી

આ ઉજવણીમાં ૧૮૧ પ્રોજેક્ટના પ્રોગ્રામ મેનેજર તુષાર બાવરવા, પ્રોજેક્ટ કોઓર્ડીનેટર દિનેશ ચાંચિયા તથા એમ્બ્યુલન્સ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# ટંકારાના જબલપુર ગામે કિશોરીએ કૂવામાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

**અબતક, ઋષીમહેતા**

ટંકારાના જબલપુર ગામે ખેત શ્રમિક પરિવારની ૧૩ વર્ષીય દીકરીને માતાએ ન્હાવા માટે પાણી ભરી આપવાની ના પાડી ઠપકો આપ્યાનું મનમાં લાગી આવતાં કિશોરીએ વાડીમાં આવેલ કૂવામાં ઝંપવતા તેણીનું મોત નીપજ્યું હતું.

ટંકારા તાલુકાના જબલપુર ગામની સીમમાં આવેલી માયુરભાઈ કાનજીભાઈ ફેફરની વાડીમાં રહેતા મૂળ વ્યાસડા નાયક ફળિયું તા.કલોલ જી.પંચમહાલના વતની અર્જુનભાઈ મનસુખભાઈ નાયકની ૧૩ વર્ષીય પાર્વતીબેન અર્જુનભાઈ નાયકે વાડીમાં આવેલ પાણી ભરેલા કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો હતો. ત્યારે ટંકારા પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક પર્વતીબેનની માતા રસોઈ બનાવતી હોય ત્યારે મૃતકે માતા પાસે ન્હાવા માટે પાણી માંગ્યું હતું, જેથી માતાએ પાણી ભરી આપવાની ના પાડી જાતે કામ કરી લેવા ઠપકો આપતાં કિશોરીને મનમાં લાગી આવતા આ પગલું ભર્યું હતું.

# તળાવીયા શનાળા ગામે બોલેરોમાંથી વિદેશી દારૂની ૨,૮૫૬ બોટલ ઝડપાઈ

## થીઓસ સિરામિક નજીક રૂ.૧૧.૮૪ લાખનો મુદ્દામાલ કબ્જે, બોલેરો ચાલકની શોધખોળ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના તળાવીયા શનાળા ગામની સીમમાં પોલીસે બોલેરો મેક્સમાંથી વિદેશી દારૂની નાની-મોટી ૨,૮૫૬ બોટલ કબજે કરી છે. આ સાથે પોલીસે દારૂ અને વાહન સહિત કુલ રૂ.૧૧,૮૪,૬૬૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી બોલેરો ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમ પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાવવા પેટ્રોલિંગમાં હોય, તે દરમિયાન બાતમી મળી હતી કે તળાવીયા શનાળા ગામની સીમમાં થીઓસ સિરામિક નજીક અવાવરુ જગ્યાએ વિદેશી દારૂનો જથ્થો છુપાવી રાખવામાં આવ્યો છે. જેથી બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં મહિન્દ્રા બોલેરો મેક્સ રજી.નં. જીજે-૩૬-વી-૬૮૭૩ માંથી ૭૫૦ અને ૧૮૦ એમએલની વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૨,૮૫૬ બોટલ કિ.રૂ.૬,૮૪,૬૬૦/- કબ્જે કરી હતી. હાલ પોલીસે ઈંગ્લીશ દારૂનો જથ્થો અને બોલેરો કિ.રૂ.૫ લાખ સહિત કુલ રૂ.૧૧,૮૪,૬૬૦/-નો મુદ્દામાલ કબજે કરી મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર બોલેરો ચાલક તથા તપાસમાં ખુલ્લે તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# પાટડીમાં રાજકોટના પીઆઈના ભાઈની જુગાર ક્લબ પર એસએમસીનો દરોડો

## સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરીંગની ટીમે જાહેરમાં ધમધમતા જુગારધામ પર ત્રાંટકતા નાસભાગ : મહિલા સહિત બે ની ધરપકડ

### રોકડ, મોબાઈલ, કાર મળી રૂા. ૫.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે : સંચાલક કિરણ ઠાકોર સહિત પાંચની શોધખોળ




**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ઝાલાવડના પાટડી શહેરના વેલનાથ નગરના રબારીવાસમાં જાહેરમાં ધમધમતી રાજકોટના પીઆઈના ભાઈની જુગાર ક્લબ પર સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે દરોડો પાડતા નાસભાગ મચી જવા પામ્યો હતો. પોલીસે મહિલા સહિત બે ની ધરપકડ કરી રોકડ-મોબાઈલ અને કાર મળી રૂા. ૫.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સંચાલક કિરણ ઠાકોર સહિત પાંચ નાશી છૂંટતા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલ (એસએમસી)ની ટીમે પાટડી શહેરના વેલનાથનગર રબારીવાસમાં જાહેરમાં જુગાર પર રેઈડ કરતા નાશ ભાગ મચી જવા પામી હતી.

જુગાર રમતા મહિલા રમીલાબેન ગોપાલભાઈ ઠાકોર, રહે.પાટડી અને સગરામભાઈ વિભાભાઈ રબારી, રહે. જૈનાબાદ વાળાને રોકડ રૂ.૨૩૭૮૦, ૦૨ મોબાઈલ કિંમત રૂ.૨૦૦૦ અને કાર કિંમત રૂ.૦૫ લાખ સહિત ફૂલ રૂ.૫,૨૫,૭૮૦ ના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે રેઈડ દરમિયાન અન્ય ૦૫ શખ્શો (૧) અનિલભાઈ દશરથભાઈ ઠાકોર (૨) કિરણભાઈ પ્રહલાદભાઈ ઠાકોર (૩) ચકુબેન મોમાભાઈ ઠાકોર, રહે.તમામ પાટડી અને (૪) અરવિંદસિંહ હરિભા ઝાલા, રહે. કટોસણ (મહેસાણા) (૫) રમેશભાઈ ઉર્ફે રમો, રહે.મીઠાપુર (માંડલ) વાળા નાશી છૂટવામાં સફળ રહ્યા હતા. આથી ઝડપાયેલ બે શખ્સો તેમજ નાશી છૂટેલ ૦૫ શખ્શો સહિત કુલ ૦૭ શખ્શો સામે પાટડી પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે પાટડી પોલીસ મથકની હદમાં શહેરી વિસ્તારમાં જ જુગાર રમાતો હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા ક્યારેય રેઈડ પાડવામાં નહી આવતા પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયાં છે.

સ્થાનિક પોલીસને અંધારામાં રાખી એસએમસીએ પાડેલા દરોડાને પગલે સ્થાનિક પોલીસમાં હડકંપ મચી જવા પામ્યું છે. તેમજ આ મામલે એસપી અને રેન્જ આઈજી દ્વારા આકરા પગલા લેવાય તો નવાઈ નહીં તેવી સ્થાનિક ચર્ચાએ જોર પકડ્યું છે.

આ ઉપરાંત બે વર્ષ પહેલા પણ સ્ટેટ મોનિટરીંગ સેલે વેલનાથપરામાં જુગારનો દરોડો પાડ્યો હતો. તેમાં પણ પીઆઈના ભાઈ કિરણ ઠાકોરની જુગાર ક્લબ પર દરોડો પાડ્યો હતો.

જેમાં ૩૦ શખ્સોની ધરપકડ કરી લાખોનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. બાદ એ જ સ્થળે ગઈકાલે ફરી સ્ટેટ મોનિટરીંગ સેલ ત્રાંટકી અને જુગાર ક્લબને ઝડપી પાડી હતી.

# બોટાદ: લાંચ કેસમાં જિલ્લા પંચાયતના બે પૂર્વ હોદ્દેદારોને ૫-૫ વર્ષની સજા

## કેરિયા ઢાળની ૧૦,૦૦૦ ચો.મી. જમીન એનએ કરાવવા રૂ.૮૦ હજારની લાંચ માંગવાનો હતો આરોપ

### અદાલતે તત્કાલીન કારોબારી ચેરમેન સી.બી. ખંભાળિયા અને સભ્ય ઈશ્વર ભરાડિયાને સજા ફટકારી

**અબતક વિપુલ ગોહેલ બોટાદ**

બોટાદ જિલ્લાના કેરિયા ઢાળ ખાતે આવેલી ખેતીની જમીનને બિનખેતી (ગઅ) કરાવવાના વર્ષ ૨૦૧૮ના લાંચ કેસમાં બોટાદની અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. બોટાદ જિલ્લા પંચાયતની તત્કાલીન કારોબારી સમિતિના ચેરમેન સી.બી. ખંભાળિયા અને કારોબારી સમિતિના સભ્ય ઈશ્વર ભરાડિયાને અદાલતે પાંચ-પાંચ વર્ષની સજા ફટકારી છે. આશરે આઠ વર્ષ જૂના આ કેસમાં ચુકાદો આવતા બોટાદ જિલ્લામાં ચર્ચા જાગી છે.

જમીન બિનખેતી કરાવવા લાંચ માગ્યાનો આરોપ

પ્રાપ્ત વિગતો અનુસાર, કેરિયા ઢાળ ખાતે આવેલી આશરે ૧૦,૦૦૦ ચોરસ મીટર ખેતીની જમીનને બિનખેતી કરાવવા માટે જમીનમાલિક અને એડવોકેટ હરેશ ડોડિયાએ જિલ્લા પંચાયત, બોટાદ ખાતે અરજી કરી હતી. આ અરજીની પ્રક્રિયા દરમિયાન તત્કાલીન કારોબારી સમિતિના ચેરમેન સી.બી. ખંભાળિયા અને કારોબારી સમિતિના સભ્ય ઈશ્વર ભરાડિયા સામે પ્રતિ ચોરસ મીટર ₹૮ના હિસાબે કુલ ₹૮૦,૦૦૦ની લાંચ માગ્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (અઈઈ)નો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ અઈઈ બોટાદ દ્વારા આ મામલે છટકું ગોઠવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ પ્રકરણમાં બંને સામે ગુનો નોંધાયા બાદ તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી ડિસ્ટ્રિક્ટ જજ પરાશરની અદાલતમાં ચાલી હતી. કેસ દરમિયાન ફરિયાદીની જુબાની, સાક્ષીઓનાં નિવેદનો અને રજૂ કરવામાં આવેલા પુરાવાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. ફરિયાદી પક્ષની દલીલો સહિત કેસના રેકોર્ડ પરના પુરાવાઓના આધારે અદાલતે ૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંને આરોપીઓને પાંચ-પાંચ વર્ષની સજા ફટકારી હતી.આ કેસમાં ફરિયાદી પક્ષ તરફથી સરકારી વકીલ ઉપરાંત મૂળ ફરિયાદી તરફે એડવોકેટ નિલેશ બાંભણીયા, ચિરાગ દેવમુરારી, બ્રિજરાજ ડોડિયા અને હાર્દિક ચૌહાણ રોકાયેલા હતા.

# માલવણ નજીક દુધના ટેન્કરમાંથી રૂા.૧૬.૧૫ લાખના દારૂ સાથે રાજસ્થાની ઝડપાયો

## ધ્રાંગધ્રા પંથકમાં કટીંગ થાય તે પૂર્વે બજાણા પોલીસે દરોડો પાડી ૬૮૧૬ બોટલ શરાબ, વાહન અને મોબાઈલ મળી રૂા.૩૧.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

બજાણા પોલીસે વિરમગામ - માલવણ હાઈવે પર પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ જેમાં વિરમગામ તરફ થી દુધના ટેન્કરમાં ઈંગ્લીશ દારૂ સંતાડી ધ્રાંગધ્રા તરફ લઈ જવામાં આવતો હોવાની બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવી હતી.

જે દરમિયાન હાઈવે પર આવેલ રાધે હોટલ થી થોડે દૂર ટેન્કર પસાર થતા તેને કોર્ડન કરી ઉભુ રખાવ્યું હતું અને ટેન્કર પર ચડી ઢાંકણું ખોલી તલાશી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ ૬૮૧૬ કિંમત રૂ.૧૬,૧૫,૮૭૨ અને ટેન્કર કિંમત રૂ.૧૫,૦૦,૦૦૦ અને ૦૧ મોબાઈલ કિંમત રૂ.૨૦,૦૦૦ સહિત ફુલ રૂ.૩૧,૩૫,૮૭૨ ના મુદ્દામાલ સાથે ટેન્કર ચાલક સુભાષરામ ફરસારામ બીશનોઈ, રહે. રાજસ્થાન વાળાને ઝડપી લીધો હતો. જેની વધુ પૂછપરછ કરતા વિરમારામ હીરારામ, રહે.રાજસ્થાન વાળાની પણ સંડોવણી બહાર આવી હતી. આથી પોલીસે બન્ને વિરુદ્ધ બજાણા પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે બૂટલેગરો દ્વારા પોલીસ



થી બચવા હવે ઈંગ્લીશ દારૂની હેરાફેરી પણ દુધના ટેન્કરમાં કરવામાં આવતા પોલીસ પણ આ મોડ્સ ઓપરેન્ડીથી ચોકી ઉઠી હતી.

# ભચાઉમાંથી શરાબની ૪૮ બોટલ સાથે શખ્સ ઝડપાયો

**અબતક ભારતી માખીજાણી ગાંધીધામ**



ભચાઉ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમીના પગલે લાઈસન્સ નગરમાં રહેતો ચિરાગ ચમનલાલ છકર નામના શખ્સને શખ્સને તેના ઘર પાસેથી વિદેશી દારૂની ૪૮ બોટલ સાથે ઝડપી લીધો છે.

# રાજકોટ જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરા ૧૧ વર્ષ બાદ મુક્ત, મહેશ જોશીને વધારાનો ચાર્જ

## ગૃહ વિભાગના નાયબ સચિવે તાત્કાલિક અસરથી સેવા સમાપ્તિનો હુકમ કર્યો, વકીલ આલમમાં ચર્ચા

**અબ તક, રાજકોટ**

રાજકોટ જીલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાને તાત્કાલીક અસરથી મુક્ત કરી તેમના સ્થાને એડિશનલ પ્રોસિક્યુટર (એપીપી) મહેશકુમાર જોશીને જિલ્લા સરકારી વકીલ તરીકેનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જેને પગલે વકીલ મિત્રોમાં ચકચાર મચી જવા પામી છે. રાજ્યના ગૃહ વિભાગના નાયબ સચિવે દ્વારા રાજકોટ જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાની સેવા તાત્કાલિક અસરથી સમાપ્તિનો હુકમ કર્યો છે. જ્યારે ગૃહ વિભાગે હવે ડીજીપીનો ચાર્જ એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર મહેશ જોશીને સોંપવાનો એકાએક હુકમ કરવામાં આવ્યો છે. એસ.કે. વોરા ડીજીપી તરીકે ૧૧ વર્ષથી સેવાઓ આપી રહ્યા હતાં તેમજ તેમની પાસેથી તાત્કાલીક અસરથી સેવાસમાપ્તીનો હુકમ કરવામાં આવતા જેમાં વયમર્યાદા કે અન્ય કોઈ કારણ હોવાનું મનાઈ રહ્યું



છે. મહેશભાઈ જોશી પોતાની વકીલાતની વ્યવસાયનો સ્વ. અભયભાઈ ભારદ્વાજ સાથે

### ૧૦ વર્ષથી AGP તરીકે સેવા આપતા મહેશ જોશીને DGPનો વધારાનો હવાલો

પ્રારંભ કર્યો હતો. બાદ છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી એજીપી તરીકે પોતાની સેવા આપી હતી. તેમજ પોણા ત્રણ વર્ષ તરીકે ઈન્ચાર્જ ડીજીપી તરીકે પણ કામગીરી કરી હતી. તેમની સિન્યોરીટીને ધ્યાને લઈ ગૃહ વિભાગ દ્વારા મહેશભાઈ જોશીને વધારાની ડીજીપી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટની વિવિધ કોર્ટમાં એપીપીની નિમણૂક માટે ગૃહ વિભાગ દ્વારા ૧૫ દિવસમાં જ ડીજીપી અને એજીપીની નવી નિમણૂક માટે ઈન્ટરવ્યૂ લેવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ સિનિયર વકીલો દ્વારા જણાવવામાં આવ્યું છે.

# વેરાવળ: ગેરકાયદે માછીમારી કરતા બે બોટ માલિક વિરુદ્ધ કાર્યવાહી

## બંને હોડીમાં ચાલીસથી - પચાસ એલઈડી લાઈટો લગાવી ફિશીંગ કરતા તા

**અબતક જયેશ પરમાર વેરાવળ**

વેરાવળ ના દરિયામાં બે શખ્સોને પોતાની બોટમાં ચાલીસથી - પચાસ એલ ઈ ડી લાઈટો લગાવી ફિશીંગ કરતા સોમનાથ મરીન પોલીસે ઝડપી લઈ, કાયદેસરની કાર્યવાહી કરી છે.ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા, ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એમ એફ ચૌધરીએ ગીર સોમનાથ જિલ્લામાં અને અધિકૃત રીતે દરિયામાં માછીમારી કરતા બોટ માલિકો વિરુદ્ધ કાર્યવાહી કરવા આપેલી સૂચનાને પગલે, સોમનાથ મરીન પોલીસની ઈન્ટર સેપ્ટર વેરાવળ જાલેશ્વર દરિયાઈ વિસ્તારમાં બોટ ચેકિંગ દરમિયાન IND-G J-11 MD -૪૫૯૧ની સાગર અલી કી મહેરબાની અને IND GJ -11 MD 4884 ની વશીલા ૦૨ નામની બોટો ચેક કરતાં બંને બોટોમાં એલ ઈ લઈ તો ચાલીસથી પચાસ જેટલા જુમખામાં ગેરકાયદેસર લગાવી ફિશિંગ કરતા મળી આવતા , સોમનાથ મરીન પોલીસે માંગરોળના શેરીબાજ બારા ના સાહિદભાઈ હાસમભાઈ ગોવા લસરી અને મનસુખ અબ્દુલભાઈ ગોવાળસરી નામના શખ્સોને બોટ સાથે અટકાયત કરી છે.

# જેતલસરમાં બુટલેગર બેફામ: કાર સામસામે આવી જતાં પ્રૌઢને ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા

## હું જેતલસર જંકશનનો કિંગ છું, કાલે જ પોલીસવાળાને મારી મારીને ભાંગી નાખ્યો, એક કેસ વધુ થશે તો ફેર નહિ પડે કહી બેફામ વાણી વિલાસ કર્યો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં કાર સામસામે આવી જતા પ્રૌઢે સામે જોતા બુટલેગરેપ્રૌઢને હું જેતલસર જંકશનનો કિંગ છુ, બુટલેગર છુ, કાલે જ પોલીસવાળાને માર મારીને ભાંગી નાખ્યો એક કેસ વધારે થશે તો ફેર નહીં પડે કહી ધમકી આપી હતી. એટલું જ નહીં જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહેતા જેતપુર તાલુકા પોલીસે એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

જેતપુરમાં બાપુની વાડી પાસે ખોડીયાર મંદિર પાસે રહેતા મનોજકુમાર પુંજાભાઈ પારઘી (ઉ.વ.૫૩) દ્વારા જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેતલસર જંકશનમાં રહેતા બ્રિજરાજસિંહ લક્ષ્મણસિંહ જાડેજાનું નામ આપ્યું છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તા. ૧-૧૦ ના સવારના ૯ વાગ્યે તેમના પત્નીને રાજકોટ ટ્રેનમાં જવાનું હોય જેથી તે પોતાની કારમાં પત્નીને લઈ જેતલસર જંકશન મુકવા જતા હતા. દરમિયાન ધવલ સ્કૂલવાળા રસ્તેથી રેલવે ફાટક ક્રોસ કરી આગળ જતા સામેથી એક કાર પૂરપાટ ઝડપે આવી હતી અને અકસ્માત થતા સહેજમાં રહી ગયો હતો. ફરિયાદીએ પોતાની કાર ડાબી સાઈડમાં નીચે ઉતારી દીધી હતી અને આ કારચાલક સામે જોયું હતું. બાદમાં કારચાલકે ફરિયાદી પાસે આવી કહ્યું હતું કે, તારે જે થાય તે કરી લેવાનું મારી સામે ક્યારેય આવતો નહીં નહિતર જીવતો નહીં જવા દઉં. તું તારા સમાજનો આગેવાન અને પત્રકાર છે તો શું હવા આવી ગઈ છે? પરંતુ ફરિયાદીને સમયસર રેલ્વે સ્ટેશન પહોંચવું હોય જેથી તેઓ અહીંથી નીકળી ગયા હતા.પત્નીને ટ્રેનમાં બેસાડી પરત આવતા સમયે રેલવે ફાટક બંધ હોય તેઓ ત્યાં ઉભા હતા દરમિયાન આ કારચાલક ફરી મળી જતા તેણે કાર આગળ ચલાવી રેલવે ટ્રેક ઉપર રસ્તાની વચ્ચે પોતાની કાર ઉભી રાખી દઈ ફરિયાદીને કહેવા લાગ્યો હતો કે, આ જેતલસર જંકશનનો કિંગ છું અને બુટલેગર પણ છું. મારી ઉપર જાજા પોલીસ કેસ થઈ ગયા છે અને કાલે જ પોલીસવાળાને મારી મારીને ભાંગી નાખ્યો અને એક કેસ વધારે થાય તો મને કંઈ ફેર પડશે નહીં તેમ કહી ફરિયાદીને જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહ્યા હતા. બાદમાં ફરિયાદીએ તપાસ કરતા કારચાલકનું નામ બ્રિજરાજસિંહ જાડેજા હોવાનું માલુમ પડતા તેણે આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે ધમકી અને એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# સાવરકુંડલાના બાઢડા ગામે નવા સબ ડિવિઝન માટે ધારાસભ્ય કસવાલાની ઉર્જા મંત્રીને લેખિત રજૂઆત

## વીજપડી સબ ડિવિઝનમાં ૫૩ ગામોના વીજભારણથી અનિયમિત વીજળી મળતા ખેડૂતો પરેશાન

**અબતક ,રેહાન ધાનાણી,સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના વીજપડી પીજીવીસીએલ સબ ડિવિઝન હેઠળ આવતા ગામોના ખેડૂતોને વીજ પુરવઠા અંગે પડતી મુશ્કેલીઓનો કાયમી ઉકેલ લાવવા સબ ડિવિઝનનું તાત્કાલિક વિભાજન કરવાની માગ ઊઠી છે. વીજપડી સબ ડિવિઝન હેઠળ સાવરકુંડલા તાલુકાનાં ૩૨ અને રાજુલા તાલુકાનાં ૨૧ મળી કુલ ૫૩ ગામોનો સમાવેશ થતો હોવાથી વહીવટી કામગીરીનું ભારણ વધ્યું છે. આથી ખેડૂતોને વીજ પુરવઠા સંબંધિત પ્રશ્નોનો સમયસર ઉકેલ મળતો ન હોવાની ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા ઉર્જામંત્રી કૌશિક વેકરીયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ખેડૂતોને ખાસ કરીને લો વોલ્ટેજ, વારંવાર વીજળી ટ્રીપ થવી, રિપેરિંગ માટે એલ.સી. લેવાની પ્રક્રિયા અને વારંવાર ટ્રાન્સફોર્મર (ટી.સી.) બળી જવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વીજપડી સબ ડિવિઝનનું ભારણ ઘટાડવા માટે બાઢડા ગામે નવું સબ ડિવિઝન મંજૂર કરવાની માગ પણ કરવામાં આવી છે.

ખેડૂતોના હિતમાં આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા અને વીજ પુરવઠા સંબંધિત સમસ્યાઓ દૂર કરવા સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત સાથે બાઢડા ખાતે નવું સબ ડિવિઝન મંજૂર કરવા ભલામણ કરવામાં આવી છે.

# ઉપલેટાના લાઠ ગામે વૃદ્ધ દંપતી પર સ્પ્રે છાંટી સોનાનો હાર ચોરી જનાર બિહારી બેલડી ઝબ્બે

## આરોગ્યકર્મીની ઓળખ આપી મચ્છરની દવાનો છંટકાવ કરવાના બહાને વૃદ્ધ દંપતીને બેશુદ્ધ કરી ખેલ પાડ્યો’તો

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના લાઠ ગામે આરોગ્ય શાખાના કર્મચારીની ઓળખ આપી મચ્છરની દવાના છંટકાવ કરવાના બહાને ઘરે ધસી આવી વૃદ્ધ દંપતી પર સ્પ્રે છાંટી બેશુદ્ધ કરી વૃદ્ધાના ગળામાંથી તુલસીની સોનાની મઢેલ કવરવાળી માળામાંથી રૂ. ૯૦ હજારની કિંમતના સોનાના કવર કાઢી બેલડી ફરાર થઈ ગઈ હતી. જે મામલે રૂરલ એલસીબી ટીમે ત્વરિત કાર્યવાહી આદરી બિહારી બેલડીને દબોચી સોનાના ઢાળીયા સહીત રૂ. ૧.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.




બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ઉપલેટામાં ઢાંકની ગારી વૃંદાવન પાર્કમાં રહેતા કન્ટ્રક્શનના ધંધાર્થી ગિરીશભાઈ વશરામભાઈ કણસાગરા (ઉ.વ. ૫૫) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પિતા વશરામભાઈ બાવનજીભાઈ કણસાગરા (ઉ.વ. ૮૨) અને માતા લાભુબેન (ઉ.વ. ૭૮) બંને લાઠ ગામે એકલા રહે છે.

તારીખ ૬-૧૦ ના બે અજાણ્યા શખસો આરોગ્ય શાખાના માણસો હોવાની ઓળખ આપી ઘરમાં આવી દવા છાંટવા લાવ્યા હતા .બાદમાં અચાનક ફરિયાદીના માતા-પિતાના મોઢા પર સ્પ્રે છાંટવા લાગતા બંને બેબાન જેવા થઈ ગયા હતા. જ્યારે ભાનમાં આવ્યા ત્યારે મેં ગળામાં સોનાની તુલસીની માળા પહેરી હતી તે જોવા મળી ન હતી. બાદમાં તપાસ કરતા પારાને મઢેલ સોનાના કવરો કિંમત રૂપિયા ૯૦,૦૦૦ ક્યાંય મળી આવ્યા ન હતા. જેથી આ વાત વૃદ્ધાએ તેના પુત્રને કરતા આ મામલે પાટણવાવ પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

બનાવને લઈ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની સૂચના હેઠળ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં ટીમે તપાસ હાથ ધરી હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે ચીચોડ ગામના પાટિયા પાસેથી પોલીસે બિહારના ભાગલપુરમાં રહેતી બેલડી અંકલેશ વિદ્યાનંદ પોદરા અને સાજનકુમાર રામચન્દ્ર જયસ્વાલને ઝડપી લઈ આ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. પોલીસે બેલડી પાસેથી મોબાઈલ, વાહન, વજન કાંટો, વાસણ સાફ કરવાનું લિકવિડ, ફટકડી, દાગીના સાફ કરવાનુ બ્રસ અને સોનાનો ઢાળીયો સહિત રૂ.૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, આ બેલડી સોના-ચાંદીના ઘરેણા, વાસણ સાફ કરવાના બહાને અથવા તો કોસ્મેટિક વસ્તુ વેચવાના બહાને આવ્યા બાદ પોતાની પાસે રહેલા લિક્વિડથી ઘરેણામાંથી અલગ ધાતુ કાઢી લેતા હતાં. જયારે વૃધ્ધ કે એકલવાયુ જીવન જીવતા વ્યકિત નજરે પડે તો તેમના પર સ્પ્રે છાંટી બેભાન કરી દાગીના સહિતની મત્તા તફડાવી લેતા હતાં. આરોપીને ઝડપી લેવાની કામગીરીમાં એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરી હેઠળ પેએસસઆઈ કે.એમ.ચાવડા, એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી, પી.એન.ભરવાડ, એએસઆઈ બાલકુષ્ણભાઈ ત્રિવેદી તથા સ્ટાફ સાથે રહ્યો હતો.

### ઘરેણા-વાસણ સાફ કરવા આવતા શખ્સોથી ચેતજો

બિહારી બેલડી ગ્રામ્ય વિસ્તારમાં ઘરેણાં-વાસણ સાફ કરવાના બહાને ઘસી જઈ લિકવીડ મારફતે દાગીનામાંથી ધાતુ કાઢી લેવાની તેમજ વૃદ્ધ વ્યક્તિઓ ઘરમાં એકલી હોય તો તેમને બેભાન કરી ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હોવાનું સામે આવ્યું છે. જેથી પોલીસે લોકજાગૃતિ અંતર્ગત અપીલ કરી છે કે, સોના-ચાંદીના ઘરેણા, વાસણ તથા અલગ અલગ મૂર્તિઓ ચમકાવવા તથા સાફ કરવાના બહાને અલગ અલગ લીકવીડ દ્વારા ધાતુ કાઢી લેતા હોય છે જેથી આવા લોકોથી સાવચેત રહેવા પોલીસે સંદેશ જાહેર કર્યો છે.

## રૂરલ એલસીબી ટીમે બંને શખ્સોને ચિચોડ ગામના પાટીયા પાસેથી દબોચી રૂ. ૧.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

# રાજકોટ જિલ્લામાં ૧૮ અર્વાચીન અને ૮૦૦થી વધુ પ્રાચીન ગરબા યોજાશે

## પોલીસની આયોજકો સાથે બેઠક: સીસીટીવી કેમેરા, લાઈટિંગ, સિક્યુરિટી સહિતના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા એસપી વિજયસિંહની સૂચના

**અબતક, રાજકોટ**

નવરાત્રી પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં પણ ગરબાના આયોજનોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ અર્વાચીન અને ૮૦૦ થી પ્રાચીન ગરબાનું આયોજન થવાના અંદાજને પગલે રૂરલ પોલીસે આયોજકો સાથે બેઠક યોજી ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરવા આદેશ આપ્યો છે.

ગરબા આયોજકો સાથેની બેઠકમાં ખાસ કરીને મેટોડા જીઆઈડીસી, લોધિકા, ગોંડલ, જેતપુર, ધોરાજી તેમજ ઉપલેટા સહિતના ગ્રામ્ય અને ઔદ્યોગિક વિસ્તારોમાં યોજાનારા ખાનગી દાંડિયા રાસ અને કોમર્શિયલ ગરબાના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા. એસપી વિજયસિંહ ગુર્જરે સ્પષ્ટ કર્યું હતું કે, નવરાત્રી મહોત્સવ માટે મંજૂરી આપવામાં આવશે, પરંતુ તમામ આયોજકોએ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા નક્કી કરવામાં આવેલા કડક નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. નિયમોના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં એસપીએ જણાવ્યું હતું કે, ગરબાના મુખ્ય મેદાન, પ્રવેશદ્વાર અને ખાસ કરીને આયોજન સ્થળથી લઈને છેક વાહન પાર્કિંગ સુધીના તમામ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત રહેશે, જેથી દરેક હિલચાલ પર નજર રાખી શકાય. તેમજ પાર્કિંગ એરિયા અને અવાવરુ સ્થળોએ પૂરતી લાઈટો રાખવાની રહેશે જેથી અંધારાનો લાભ લઈને કોઈ અનિચ્છનીય ઘટના ન બને.



ગરબામાં ઉમટી પડતી ભીડને નિયંત્રિત કરવા માટે આયોજકોએ પોતાના ખર્ચે પૂરતા પ્રમાણમાં બાઉન્સર્સ અને સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવા પડશે. મહિલાઓની સુરક્ષા માટે અલગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

### રોમિયોની શાન ઠેકાણે પાડવા શી ટીમ અને આવારા તત્વોને બાનમાં રાખવા એલસીબી સહીતની ટીમો ખડેપગે

નવરાત્રી દરમિયાન મહિલાઓની સુરક્ષા માટેની જવાબદારી શી ટીમનો સોંપવામાં આવી છે. શી-ટીમની મહિલા પોલીસ કર્મચારીઓ ગણવેશને બદલે ચણિયા-ચોળી અને ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને સામાન્ય ખેલૈયાઓની જેમ જ ગરબાના મેદાનમાં હાજર રહેશે. આનાથી રોમીઓ કે લુખ્ખા તત્વો પોલીસને ઓળખી શકશે નહીં અને જો તેઓ કોઈ પણ પ્રકારની ગેરવર્તણૂક કે છેડતી કરવાનો પ્રયાસ કરશે, તો રંગેહાથ ઝડપાઈ જશે. વધુમાં આવારા તત્વોને કાયદામાં રાખવા એલસીબી સહીતની ટીમો પણ સતત મેદાનમાં રહેશે.

લાઉડસ્પીકર અને ડીજેના ઘોંઘાટ તેમજ સમય મર્યાદા અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સરકારની ગાઈડલાઈન મુજબ રાત્રે નિયત કરવામાં આવેલા સમય સુધી જ ડીજે કે સાઉન્ડ સિસ્ટમ પર દાંડિયાના સૂર રેલાવી શકાશે. સમય મર્યાદા પૂર્ણ થતાં જ સાઉન્ડ સિસ્ટમ બંધ કરી દેવાની રહેશે. આ બેઠકમાં એસપી વિજયસિંહ ગુર્જરે તમામ આયોજકોને સહકાર આપવા અપીલ કરી હતી કે ગ્રામ્ય પોલીસની ટીમો પણ નવરાત્રી દરમિયાન સતત પેટ્રોલિંગમાં રહેશે.

# ગોંડલ રેલવે સ્ટેશન માસ્ટર ચાઈલ્ડ પોર્નોગ્રાફી શેર કરતા ઝડપાયા

## ગોંડલ બી ડિવિઝન પોલીસે કૃષ્ણકાંત પંડ્યા સામે પોક્સો, આઈટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો: ધરપકડ કરવા તજવીજ

**અબતક, રાજકોટ**

ગોંડલ રેલવે સ્ટેશનમાં સ્ટેશન માસ્ટર વિરુદ્ધ ચાઈલ્ડ પોર્નોગ્રાફીને લગતા ફોટો-વિડીયો શેર કરવા મામલે ગુનો નોંધવામાં આવ્યો છે. પોતાના મોબાઈલમાં પ્રતિબંધિત સાહિત્યનો સંગ્રહ કરી ફેસબુક મેસેન્જર મારફતે શેર કરનાર વૃદ્ધ સ્ટેશન માસ્ટર સામે ગોંડલ બી ડિવિઝન પોલીસે પોક્સો, આઈટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ આદરી છે.

ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ બાવકુભાઈ ખાચરે આરોપી તરીકે ગોંડલ રેલવે સ્ટેશનના તત્કાલીન સ્ટેશન માસ્ટર કૃષ્ણકાંત કાંતિલાલ પંડ્યાનું નામ આપી જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથક દ્વારા એક અહેવાલ મોકલવામાં આવેલ હતો. જેમાં રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસની ટીમને મળેલ ગુપ્ત માહીતી આધારે ફેસબુક આઈ.ડી.- કૃષ્ણકાંત પંડ્યા તથા યુઝરનેમ કૃષ્ણકાંત.પંડ્યા. ૫૦૫ તથા મોબાઈલ નંબર +૯૧૯૪૨૭૨૮૩૨૫૧ પોતાના ફેસબૂક એકાઉન્ટ દ્વારા પોતાના મોબાઈલ મારફતે પોતાના ફેસબૂક એકાઉન્ટમા મેસેન્જરથી ચાઈલ્ડ પોર્નોગ્રાફીનો વિડીયો/ફોટો શેર કરી રહ્યો છે. જેથી ગોંડલ બી ડિવિઝન પોલીસે જાણવા જોગ દાખલ કરી મોબાઈલ ધારક કૃષ્ણકાંત કાંતીલાલ પંડ્યા (ઉ.વ.૫૬ રહે. સાનીધ્ય, જાટકીયા ચોક, સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુની બાજુમા, ન્યુ સીમેન્ટ રોડ,ગોંડલ) પાસેથી મોબાઈલ કબ્જે લઈ એફ.એસ.એલ.પરીક્ષણ અર્થે મોકલાવવામાં આવેલ હતો. જે મોબાઈલ ફોનમા ચાઈલ્ડ પોર્નોગ્રાફીના ફોટો તથા વિડીયો એફ.એસ.એલ. પરીક્ષણમાં મળી આવતા આરોપી કૃષ્ણકાંત કાંતીલાલ પંડ્યાએ પોતાના મોબાઈલમાં બાળકોના કામવાસના અભીવ્યક્ત કરતા હોય તેવી સામગ્રી ઈલે. સ્વરૂપમા સંગ્રહ કરી શેર કર્યાની ખરાઈ થતાં ગોંડલ બી ડિવિઝન પોલિસની ટીમે બીએનએસની કલમ ૨૯૨ અને આઈટી એક્ટની કલમ ૬૭ તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

### છ વર્ષે એફએસએલ રિપોર્ટ આવતા કાર્યવાહી સ્ટેશન માસ્ટર નિવૃત્ત પણ થઇ ગયા

સમગ્ર મામલામાં પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર વર્ષ ૨૦૨૦ માં ગોંડલના તત્કાલીન સ્ટેશન માસ્ટર કૃષ્ણકાન્ત પંડ્યા પોતાના મોબાઈલમાં ચાઈલ્ડ પોર્નોગ્રાફીને લગત ફોટો-વિડિઓનો સંગ્રહ કરી ફેસબુક મેસેન્જર મારફતે શેર કરી રહ્યા અંગે રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગોંડલ બી ડિવિઝન પોલીસને અહેવાલ આપવામાં આવ્યો હતો. જે મામલે ગોંડલ બી ડિવિઝન પોલીસે સ્ટેશન માસ્ટરનો મોબાઈલ તાત્કાલિક કબ્જે કરી એફએસએલ પરીક્ષણ અર્થે મોકલી દેવામાં આવ્યો હતો પણ એફએસએલ દ્વારા છ વર્ષ બાદ રિપોર્ટ આપવામાં આવતા અંતે સ્થાનિક પોલીસે ગુનો નોંધ્યો છે. વધુમાં ગુનો આચરતી વેળાએ આરોપી ગોંડલ સ્ટેશન માસ્ટર તરીકે ફરજ બજાવતા હતા પણ હાલ તે નિવૃત પણ થઈ ગયાનું જાણવા મળ્યું છે.

# જામજોધપુરના કોટડા બાવીશીમાં મિત્રો સાથેના માથાકૂટ બાદ યુવાનનો આપઘાત

## બાઈક ચલાવવા જેવી નજીવી બાબતે ઝઘડામાં મિત્રે ઝેર પી જીવન ટૂંકાવ્યું

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના કોટડા બાવીશી ગામે મિત્રો સાથે બાઈક ચલાવવા બાબતે થયેલી માથાકૂટ બાદ ૨૨ વર્ષના શ્રમિક યુવાને ઝેરી દવા પી લેતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. યુવાનના અકાળે અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, કોટડા બાવીશી ગામે રહેતા સુધીરભાઈ જેન્તીભાઈ કંબોયા (ઉ.વ.૨૨)ને ગત તા.૮ ઓક્ટોબરના રોજ બાઈક ચલાવવા બાબતે મિત્રો સાથે બોલાચાલી થયા બાદ ઝઘડો થયો હતો. આ ઘટનાથી મનમાં લાગી આવતા યુવાન ગામમાં જયેશભાઈ કણસાગરાની વાડીએ પહોંચ્યો હતો, જ્યાં તેણે ઝેરી દવા પી લીધી હતી. યુવાને ઝેરી દવા પી લીધી હોવાની જાણ થતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ તેને રજા આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ અચાનક તબિયત લથડતાં ફરી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જોકે, તબીબોના પ્રયાસો છતાં યુવાનનો જીવ બચાવી શકાયો નહોતો.

# કોડીનાર: લીલીયા વાડીમાં ૧૩ વર્ષીય તરૂણે ક્રિકેટ રમ્યા બાદ એસિડ પી પીધું

## પ્રથમ કોડીનાર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ: પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

કોડીનારના કમલપુર લાલકવાળીમાં રહેતા ૧૩ વર્ષીય તરુણે ક્રિકેટ રમીને આવ્યા બાદ એસિડ પી લેતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ કોડીનાર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા કોડીનાર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે તરુણના મામા જણાવેલ કે ક્રિકેટ રમવામાં બાળકો સાથે ઝઘડો થયો હતો

આ અંગે મળતી માહિતી મુજબ હાલ સોશિયલ મીડિયા યુગ ટેક્નોલોજી ખૂબ આગળ વધી પરંતુ જેના કારણે વ્યકિત સહનશક્તિ ખૂબ ઘટી છે અને નાના નાના બાળકો પણ આપઘાત પ્રયાસો કરે છે જે સમાજ માટે અતિ ગંભીર બાબતે છે ત્યારે કોડીનારના કમાલપુર લીલીયાવાળી રહેતા ૧૩ વર્ષીય તરુણે ગઈ કાલે ક્રિકેટ રમવા ગયો હતો અને ત્યાં બાળકો સાથે ઝઘડો થયો હતો ત્યારબાદ ઘરે આવીને એસિડ પી લેતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ કોડીનાર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા કોડીનાર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે તરુણના મામા જણાવેલ કે બાળકો સાથે ક્રિકેટ રમતા ઝઘડો થયા બાદ એસિડ પીધું હતું હાલ તરુણ સારવાર હેઠળ છે તેમજ પિતા મજૂરી કામ કરે છે તરુણ બે ભાઈ એક બેન છે હાલ કોડીનાર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

### જામનગરમાં મકાનમાંથી દારૂ-ચપલાનો જથ્થો ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગર શહેરના મચ્છરનગર વિસ્તારમાં સીટી-બી ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે દરોડો પાડી રહેણાક મકાનમાંથી કુલ રૂા. ૪૬,૪૦૦ની કિંમતનો દારૂ સાથે જયપાલસિંહની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, મચ્છરનગરમાં બળિયા હનુમાન મંદિર સામે આવેલા મકાનમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની તપાસના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન મકાનમાં હાજર જયપાલસિંહ છત્રપાલસિંહ રાઠોડ (ઉ.વ. ૨૩, રહે. મચ્છરનગર) મળી આવ્યો હતો.તલાશી દરમિયાન વિદેશી દારૂની ૯૨ બોટલ મળી કુલ રૂ. ૪૬,૪૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામ: મર્ડર કેસમાં ૬ વર્ષથી ફરાર બે મહિલાને રાજસ્થાનથી દબોચી

## મહિલાને સળગાવી મોતને ઘાટ ઉતારવામાં ચારને આજીવન સજા ફટકારાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ કાર્ગો આઝાદનગર નટવાસ ખાતે વર્ષ ૨૦૨૧માં ફરિયાદીના પત્નીને કેરોસીન છાંટી આગ લગાવી હત્યા કરવાના ગુનામાં છેલ્લા ૬ વર્ષથી નાસતી ફરતી બે મહિલા આરોપીઓને રાજસ્થાનના સાંચોર ખાતેથી ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ઝડપી પાડી છે.પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી, અંજાર વિભાગના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એલ.એન. વાઢીયા સહિતની ટીમે હ્યુમન સોર્સ તથા ટેકનિકલ સર્વેલન્સના આધારે



સાંચોર ખાતે તપાસ કરી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલ મહિલા આરોપીઓમાં (૧) પેપાબેન પ્રકાશભાઈ નટ, (૨) અફસાના હિતેષભાઈ નટ, રાજસ્થાનનો સમાવેશ થાય છે. આ ગુનામાં અગાઉ વિનોદ ચોકીન નટ, હિતેશ વિનોદ નટ, કિશન મેમર ઉર્ફે મહેન્દ્ર નટ અને પ્રકાશ મેમર ઉર્ફે મહેન્દ્ર નટની ધરપકડ થઈ હતી. સેશન્સ કોર્ટે ચારેયને તા. ૩૦/૧૨/૨૦૨૨ના રોજ આજીવન કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. બે મહિલા આરોપીઓની ગુનામાં સંડોવણી આધારે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગુજસીટોકના ગુનામાં બાટલી ગેંગનો સાગરીત ઈરફાન ભાણુને હાઈકોર્ટમાંથી જામીન

## ગેંગના ૧૪ સભ્યો સામે ૩૦ ગંભીર ગુનાને ધ્યાને લઈ ક્રાઈમ બ્રાંચે કરી કાર્યવાહી

**અબતક,રાજકોટ**

શહેરમા ૩૦ જેટલાં ગંભીર ગુનામા સંડોવાયેલી બાટલીગેંગનાં સભ્યો વિરૂધ્ધ ગુજસીટોક હેઠળના ગુનામા જેલ હવાલે રહેલા આરોપી ઈરફાન ભાણુંની જામીન અરજી હાઈકોર્ટે મંજુર કરી છે. શહેરમાં ૨૦૧૬ની સાલથી લઇ ૨૦૨૫ સુધીમાં બાટલી ગેંગે ખૂન, ખૂનની કોશિષ, લૂંટ, ગેરકાયદે મંડળી રચી હુમલાઓ, ચોરી, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ પર હુમલા, ધાક ધમકી, ડ્રગ્સનું વેંચાણ,દારૂ-જુગાર જેવા મળી ૫૭ ગુના આચર્યા હતાં. જેમાંથી ૩૦ ગંભીર ગુના ધ્યાને લઈ ક્રાઈમ બ્રાંચે પ્ર. નગર પોલીસે બાટલી ગેંગનાં કુલ ૧૪ સભ્યો વિરુદ્ધ ગુજસીટોક એક્ટ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.પોલીસે બાટલી ગેંગના સાગરીતોની ધરપકડ કરી હતી.આરોપીઓને ૧૫ દિવસનાં રિમાન્ડ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. તપાસના અંતે તમામ આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે . જેલ હવાલે રહેલા ઈરફાન ભાણુંની સેશન્સ કોર્ટમાં જામીન અરજી રદ થયા બાદ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. સદરહું જામીન અરજી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપીપક્ષે એવી દલીલ કરેલ કે હાલના ગુન્હામાં ઈરફાન ભાણુંને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે જેના કારણે ગુજસીટોક જેવા ગંભીર કાયદાની જોગવાઈઓ લાગુ પડી શકે નહી તેમજ હાલના આરોપી પાસેથી રીકવરી-ડિસ્કવરી બાકી રહેતી નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા ચાર્જશીટ માં ૧૦૦ જેટલા સાક્ષીઓ દર્શાવેલ હોય અને કેસ ચાલવામાં લાંબો સમય લાગે તેમ હોય માટે જામીન પર મુક્ત કરવા આરોપી તરફે દલીલો કરવામાં આવેલ હતી. બન્ને પક્ષોની દલીલો અને ગુન્હાની ગંભીરતા, આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ વગેરે બાબતોને ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી ઈરફાન ભાણુંની જામીન અરજી મંજુર કરી છે. આરોપી ઈરફાન ખમીશાભાઈ ભાણું વતી નામ ગુજરાત હાઈકોર્ટમાં સિનિયર કોઉન્સિલ જાલ ઉનવાલા તથા તેજલબેન વશી તથા રાજકોટમાં વકીલ રૂપરાજસિંહ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, દિપકભાઈ ભાટિયા,અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરજા, યુવરાજસિંહ ગોહિલ તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**ઉના :** મૂળ આમોદ્રા નિવાસી નાથળીયા ઉનેવાલ બ્રાહ્મણ પ્રવીણ ભાઈ હરીશંકર ઠાકર ઉ.વ.૫૯ (પાણીપુરવઠા બોર્ડ નાં કર્મચારી)તે સ્વ અનંત ભાઈ તેમજ સંજયભાઈ ઠાકરનાં ભાઈ, કનુભાઈ ઠાકર,તેમજ જિતેન્દ્ર ઠાકરનાં પિતરાઈ ભાઈ તેમજ પુનિત,હાર્દિક નાં પિતાજી તા.૮-૧૦ ને ગુરુવારનાં રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું ૯-૧૦ને શુક્રવારે નાથળીયા ઉનેવાળ સમાજ કોમ્યુનિટી હોલ દેલવાડારોડ ઉના ખાતે ૩ થી૫ રાખેલ છે.

**મોરબી :** સ્વ. રસિકલાલ લવજીભાઈ પોપટના પુત્ર ચંદ્રેશભાઈ પોપટ (ઉ.વ ૫૨, પ્રોફેસર કોમર્સ કોલેજ-મોરબી) તે ભાવેશભાઈ પોપટના મોટા ભાઈ તેમજ દિનેશભાઈ, વિનોદભાઈ , મહેન્દ્રભાઈ તથા સ્વ પ્રવિણભાઈના ભત્રીજા તા.૮ ગુરૂવારના રોજ અવસાન પામેલ છે. તેમનું ઉઠમણું તથા મોસાળ પક્ષની સાદડી. તા.૯ ને શુક્રવારના સાંજે ૫ થી ૬ કલાકે ત્રીલોકધામ મંદિર કુબેરનગર -૩ નવલખી રોડ મોરબી ખાતે રાખેલ. છે. ભાવેશભાઈ રસિકલાલ પોપટ (ભાઈ) મો.૯૮૭૯૯ ૩૦૨૫૮

**રાજકોટ :** બામણબોર વાળા સ્વ.કેશવલાલ મગનલાલ કોટેચાના દીકરી સ્વ.લતાબેન કિશોરભાઈ જોબનપુત્રા (ઉ.વ.૬૪) જે રાજકોટ નિવાસી સ્વ.પ્રેમજીભાઈ ગોકળદાસ જોબનપુત્રાના દીકરા અશ્વિનભાઈના નાનાભાઈ કિશોરભાઈ જોબનપુત્રાના પત્ની જે સુનિલભાઈ, રવિભાઈ, રાહુલભાઈના માતા તથા પરેશભાઈ, અજયભાઈ, દિલીપભાઈના કાકીનું તા.૦૮-૧૦-૨૦૨૬, ગુરુવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૦૯-૧૦-૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬, ધ સ્પેશ બિલ્ડીંગ, કલબ હાઉસની બાજુમાં, માધાપર ચોકડી પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** કારડીયા રાજપૂત નિરાલીબેન પરાગભાઈ વાઘેલા તે મુકેશભાઈ જારીયા, રમેશભાઈ જારીયાની પુત્રી, અમિત, સુજલ, પ્રશાંત, જયરાજની બહેનનું તા.૮, ગુરૂવારે અવસાન થયેલ છે. સદ્ગતનું મોસાળ પક્ષનું બેસણું તા.૧૦, શનિવાર સાંજે ૪ થી ૬ કલાકે, કારડીયા રાજપુત સમાજની વાડી, ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી ચોકડી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** કાલાવડ વાળા સ્વ બાબુલાલ લખુભાઈ ડોડીયાના પૂત્ર નીતિનભાઈ બાબુલાલ ડોડીયાનું તા. ૮/૧૦/૨૦૨૬ ને ગુરૂવારે અવસાન થયેલ છે. તે સુરેશભાઈના નાનાભાઈ તેમજ ભવ્ય અને જૈમીનના પિતા તેમજ જલ્પાબેન ના પતિ તે રૂપલબેન મિતેશકુમાર સિદ્ધપુરાના ભાઈનું બેસણું તા. ૧૦/૧૦/૨૦૨૬ને શનિવારે સાંજે ૪.૩૦ થી ૬ શ્રી રામેશ્વર મંદિર, રામેશ્વર ચોક, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

**જીએસટી...**

કેસોમાં ફોજદારી કાર્યવાહી (પ્રોસિક્યુશન) શરૂ કરવા માટેની નાણાકીય મર્યાદા રૂપિયા ૧ કરોડથી વધારીને સીધી રૂપિયા ૫ કરોડ કરી દેવામાં આવી છે. જો કોઈ કરદાતા સ્વેચ્છાએ કરની રકમ ચૂકવી દે તો વ્યાજ અને પેનલ્ટીમાં પણ મોટો ઘટાડો કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે સરકાર વેપારીઓને ડરાવવાને બદલે બિઝનેસમાં સહકાર આપવા માંગે છે.

આ મોટા નિર્ણયોની સાથે સાથે કેન્દ્ર સરકાર હવે જીએસટી વહીવટને આવકવેરા વિભાગની જેમ ફેસલેસ અને સેન્ટ્રલાઈઝ્ડ મોડલ તરફ લઈ જવાની તૈયારી કરી રહી છે. આ ફેસલેસ સિસ્ટમથી એવા આશરે ૨,૦૦,૦૦૦ કરદાતાઓને ફાયદો થશે જેઓ હાલમાં બહુવિધ અધિકારક્ષેત્રો હેઠળ કામ કરે છે. આ નવી સિસ્ટમમાં સ્ક્રુટિની, ઓડિટ અને અપીલ જેવી તમામ પ્રક્રિયાઓ ઓનલાઈન અને ફેસલેસ થશે, જેનાથી અધિકારી અને વેપારી વચ્ચેનો સીધો સંપર્ક ખતમ થશે. આ માળખું આગામી બજેટ પહેલા લોકોના સૂચનો માટે મુકવામાં આવશે અને તેને નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ થી સંપૂર્ણપણે અમલમાં મૂકવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

**વીમા એજન્ટો...**

મળેલા તમામ સૂચનોની ઝીણવટભરી સમીક્ષા કર્યા બાદ જ અંતિમ ડ્રાફ્ટ તૈયાર કરાશે અને ફરી એકવાર તેને જાહેર જનતાના અભિપ્રાય માટે ખુલ્લો મુકવામાં આવશે. એશિયાના અન્ય દેશો, જેમ કે ચીનમાં પણ વર્ષ ૨૦૨૩માં આવા જ સમાન નિયમો લાગુ કરીને કમિશન પર મર્યાદા લાદવામાં આવી હતી. આઈઆરડીએઆઈ સભ્યનું સ્પષ્ટ માનવું છે કે આ સુધારાઓ ઉતાવળે કરવા કરતા તેને યોગ્ય અને પારદર્શક રીતે અમલમાં મુકવા વધુ જરૂરી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**દેવસ્થાનોએ નવરાત્રી...**

વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત મહેસાણા જિલ્લાના શ્રી ઉમિયા માતા મંદિર-ઉંઝા ખાતે તા. ૧૩ ઓક્ટોબર, કચ્છના શ્રી આશાપુરા માતાજીના મઢ ખાતે તા. ૧૪ ઓક્ટોબર, સુરેન્દ્રનગરના શ્રી ચામુંડા માતા મંદિર-ચોટીલા ખાતે તા. ૧૫ ઓક્ટોબર, પંચમહાલના શ્રી મહાકાળી મંદિર-પાવાગઢ ખાતે તા. ૧૬ ઓક્ટોબર, અમદાવાદના શ્રી ભદ્રકાળી મંદિર ખાતે તા. ૧૭ ઓક્ટોબર, દેવભૂમિ દ્વારકાના શ્રી હરસિદ્ધ માતા મંદિર ખાતે તા. ૧૮ ઓક્ટોબર તથા મહેસાણાના શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે તા. ૧૯ ઓક્ટોબરના રોજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ નવરાત્રી પર્વ દરમિયાન તા. ૧૨ ઓક્ટોબરના રોજ બહુચરાજી-મહેસાણા ખાતે પ્રસિદ્ધ ગાયક અરવિંદ વેગડા તથા તા. ૧૯ ઓક્ટોબરના રોજ શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે ગાયિકા હિમાલી વ્યાસ નાયકની ઉપસ્થિતિમાં ગરબાનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય સાત દેવસ્થાનો ખાતે પણ વિવિધ જાણીતા ગાયક કલાકારોની ઉપસ્થિતિમાં ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, જેમાં ખેલૈયાઓ માતાજીની આરાધના સાથે ગરબાની રમઝટ માણી શકશે.

નોંધનીય છે કે, 'આતિથ્યમ' ટૂરિસ્ટ ફૂટફોલ ડેશબોર્ડના આંકડા પણ રાજ્યના ધાર્મિક પ્રવાસનની આ લોકપ્રિયતાને ઉજાગર કરે છે. રાજ્યના ટોચના ૧૦ પ્રવાસન સ્થળોમાં અંબાજી માતા મંદિર, પાવાગઢ અને બહુચરાજી મંદિરનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યના ટોચના ૧૦ પ્રવાસન જિલ્લાઓમાં અમદાવાદ, દેવભૂમિ દ્વારકા, બનાસકાંઠા, મહેસાણા, પંચમહાલ અને કચ્છ જિલ્લાનો સમાવેશ થાય છે. આથી નવરાત્રીના પર્વ દરમિયાન આ સ્થળોએ યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમો ધાર્મિક આસ્થા સાથે રાજ્યના સાંસ્કૃતિક અને પ્રવાસન ક્ષેત્રને પણ વધુ વેગ આપશે.

નવરાત્રીના આ પવિત્ર પર્વ દરમિયાન આસ્થા, ગુજરાતની લોકસંસ્કૃતિ અને પ્રવાસનને એકસાથે ઉજવતા આ કાર્યક્રમોમાં રાજ્યના નાગરિકો ઉપરાંત દેશ-વિદેશના પ્રવાસીઓ પણ સહભાગી બની શકશે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તમામ નાગરિકોને આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાઈ માતાજીની આરાધનામાં સહભાગી થવા અને ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો અનુભવ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**રેવન્યુ કર્મચારી...**

ઉલ્લેખનીય છે કે, મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરતા સમગ્ર રાજ્યમાં કલેકટર કચેરીઓ, પ્રાંત અને મામલતદાર કચેરીઓ ખાતે રોજિંદી કામગીરી ખોરવાઈ ગઈ હતી. આવકના દાખલા, જાતિ અને નોન-ક્રીમીલેયર પ્રમાણપત્રો તેમજ જમીન-મિલકત નોંધણી સંબંધિત કામકાજ અટકી પડતાં સામાન્ય નાગરિકો અને ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. હવે હડતાળ સમેટાઈ જતાં રાજ્યભરમાં તમામ મહેસૂલી સેવાઓ ફરી રાબેતા મુજબ શરૂ થશે અને પ્રજાના અટકેલા કામો ઝડપથી પૂરા થઈ શકશે.

**ભાદરવામાં ઉનાળા...**

ભાવનગરનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૦.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૧.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૬.૯ ડિગ્રી, રાજકોટનું તાપમાન સૌથી વધુ ૩૯.૬ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, દીવનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયું હતું.

છેલ્લા બે - ત્રણ દિવસથી રાત્રે પણ વાતાવરણમાં ઠંડકનો અનુભવ થતો નથી. રાત્રીના સમયે પણ અસહ્ય ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે સામાન્ય ઠંડકનો અનુભવ થાય છે.

**ઈસબગુલ...**

ગત ૨૬ જુલાઈથી ઈસબગુલની હરાજી અને વેપાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયા હતા. વેપાર અટકી જતાં ઓગસ્ટના અંત સુધીમાં ૨૦થી વધુ પ્રોસેસિંગ એકમો બંધ થઈ ગયા હતા અને સ્થાનિક ઉત્પાદન તેમજ નિકાસ પ્રતિબદ્ધતાઓને મોટો ફટકો પડ્યો હતો. ભારત પોતાના કુલ ઉત્પાદનમાંથી લગભગ ૯૦ ટકા ઈસબગુલ અમેરિકા અને યુરોપના દેશોમાં નિકાસ કરે છે, જેથી લાંબી મડાગાંઠથી વૈશ્વિક સપ્લાય પર પણ જોખમ ઊભું થયું હતું. ઓક્ટોબરની શરૂઆતમાં માંડ ૨૦ ટકા વેપારીઓ સાથે આંશિક કામગીરી શરૂ થઈ હતી, પરંતુ મોટાભાગના વેપારીઓ કેન્દ્ર સરકારના સ્પષ્ટ નિર્ણયની રાહ જોઈ રહ્યા હતા.

ઈસબગુલ પ્રોસેસર્સ એસોસિએશન ના પ્રમુખ અશ્વિન નાયકે જણાવ્યું હતું કે આ નિર્ણયથી ઉદ્યોગને મોટો ટેકો મળશે. હાલ ઊંઝા માર્કેટ યાર્ડમાં ઈસબગુલના બીજનો ભાવ પ્રતિ ૨૦ કિલો ૨,૭૦૦ થી ૩,૨૦૦ ની વચ્ચે બોલાઈ રહ્યો છે. હવે શૂન્ય જીએસટીની ભલામણ બાદ માર્કેટમાં સ્ટોકિસ્ટો અને મોટા વેપારીઓ ફરી સક્રિય થતાં ઊંઝા માર્કેટયાર્ડમાં ફરી એકવાર જોરદાર ધમધમાટ જોવા મળશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# માણાવદરની પાનેરા કોલેજના એનએસએસ સ્વયંસેવકોએ રાષ્ટ્રીય અંધજન મંડળની લીધી મૂલાકાત

## પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો સાથે આત્મીય સંવાદ સાધી તેમના સંઘર્ષ અને જીવનશૈલીને સમજી સહાનૂભૂતિ દાખવી



**અબતક,જીજ્ઞેશ પટેલ, માણાવદર**

જે. એમ. પાનેરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માણાવદરના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ-૧ અને ૨ દ્વારા વિશ્વ દૃષ્ટિ દિવસ નિમિત્તે જૂનાગઢ ખાતે વાડલા ફાટક પાસે આવેલ રાષ્ટ્રીય અંધજન મંડળની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો અને વૃદ્ધો સાથે આત્મીય સંવાદ સાધી, તેમના સંઘર્ષ તથા હકારાત્મક જીવનશૈલીને સમજવાનો તેમજ વિદ્યાર્થીઓમાં સંવેદનશીલતા અને સહાનુભૂતિ કેળવવાનો હતો.

કાર્યક્રમમાં કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી જેઠાભાઈ પાનેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રાષ્ટ્રીય અંધજન મંડળના સહમંત્રી છગનભાઈ પટેલનું શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. આ સંસ્થાની સેવાકીય કામગીરીને બિરદાવી જેઠાભાઈ પાનેરાએ પોતાના અંગત ભંડોળમાંથી આર્થિક અનુદાન અર્પણ કર્યું હતું. તેમની સાથે કોલેજના સ્ટાફગણ તથા એન.એસ.એસ. સ્વયંસેવકોએ પણ સંસ્થાને આર્થિક સહયોગ પૂરો પાડ્યો હતો. આ પ્રસંગે ડો. સી. એલ. ગોસાઈએ પ્રજ્ઞાચક્ષુઓ પ્રત્યે સન્માન અને સમાનતા દાખવવા અંગે પ્રેરક વિચારો રજૂ કર્યા હતા.

# ધ્રાંગધ્રાની કંકાવટી પ્રા.શાળા ખાતે પીજીવીસીએલ દ્વારા 'મિશન લાઈફ' ઉર્જા સંરક્ષણ સેમિનાર યોજાયો

## વિદ્યાર્થીઓને સ્ટીલ બોટલ અને ઈકો-ફ્રેન્ડલી રાઈટિંગ પેડનું વિતરણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ અપાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ સુરેન્દ્રનગર વર્તુળ કચેરી તથા ધ્રાંગધ્રા વિભાગીય કચેરી દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકા સ્થિત કંકાવટી પ્રાથમિક શાળા ખાતે 'મિશન લાઈફ' અંતર્ગત ''ઊર્જા બચાવો, ભવિષ્ય બચાવો'' થીમ સાથે જિલ્લા સ્તરીય જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષક પરિવાર તેમજ ગ્રામજનો સહભાગી થયા હતા આ સેમિનાર દરમિયાન પર્યાવરણ જાગૃતિ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકના ઘટાડા માટે સમજ આપવામાં આવી હતી.



સ્ટીલની વોટર બોટલ અને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે લાકડાના ઈકો-ફ્રેન્ડલી રાઈટિંગ પેડ આપવામાં આવ્યા હતા કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા ગ્રામજનો અને વિદ્યાર્થીઓને મિશન લાઈફના ૭ મહત્વપૂર્ણ મુદ્દાઓ ટકાઉ ખોરાક પ્રણાલી, કચરામાં ઘટાડો, સ્વસ્થ જીવનશૈલી અને ઈ-કચરામાં ઘટાડો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઉના: દેલવાડા ખાતે નેત્ર નિદાન કેમ્પમાં ૮૦થી વધુ લોકોએ લીધો લાભ



**અબતક, ઉના**

ઉનાના દેલવાડા ખાતે કુબાવત ટ્રસ્ટની માનવસેવાની અનોખી પહેલ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ માં ૮૦થી વધુ લોકો ની આંખોની તપાસ, ૨૦થી વધુ દર્દીઓ મોતીયાબિંદના ઓપરેશન માટે રાજકોટ લઈ જવાયા તેમજ વાળ અને ચામડી ના રોગ નું પણ નિઃશુલ્ક નિદાન કરાયું હતું કેમ્પમાં આંખોની તપાસ ઉપરાંત ચામડી અને વાળ સંબંધિત રોગોનું પણ નિદાન કરવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન ૮૦થી વધુ દર્દીઓની આંખોની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૦થી વધુ દર્દીઓને મોતીયાબિંદના વિનામૂલ્યે ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા છે. પસંદ થયેલા દર્દીઓને રાજકોટ ખાતે રણછોડદાસજી હોસ્પિટલમાં ઓપરેશન માટે લઈ જવામાં આવશે. દર્દીઓની આવવા-જવાની વાહન વ્યવસ્થા સહિતની જરૂરી સુવિધાઓ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત ઉના શહેરના ડો. ધ્વની ભુપતાણી દ્વારા ચામડી તથા વાળ સંબંધિત સમસ્યાઓનું નિદાન કરવામાં આવ્યું હતું અને જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાનો ૪૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

# ૧.૯૦ લાખ ભક્તોને સોમનાથ મહાદેવને અર્પણ કરાયેલા પૂષ્પ-બિલીપત્ર પોસ્ટ વિભાગ ઘર સુધી પહોંચાડશે

## આજે વર્લ્ડ પોસ્ટલ ડે: સોમનાથ પોસ્ટ ઓફિસથી ભારતભરની કોઈપણ પોસ્ટ ઓફિસમાં પ્રસાદી ઘરે બેઠા પહોંચાડે છે પોસ્ટ તંત્ર

**અબતક, જયેશ પરમાર, પ્રભાસ પાટણ**

જેનો એક સમય દબદબો હતો તેવા પોસ્ટ તંત્રને ''૯ ઓક્ટોબર વિશ્વ પોસ્ટલ ડે'' એ સોમનાથ દાદાના નમણ પવિત્ર શ્રાવણ માસમાં ૧ ૯૦,૦૦૦ જેટલા પોસ્ટ કવર મારફતે ભારતના ભાવિકો ના ઘર સુધી પહોંચ્યા

પ્રભાસ પાટણ ૯ ઓક્ટોબર વિશ્વ પોસ્ટર -ડે છે ત્યારે એ પણ જાણવું રસપ્રદ થશે કે એક જમાનામાં પોસ્ટમેન અને પોસ્ટમાસ્તરને આખુ ગામ ઓળખતું.

સોમનાથના ભાસ્કર વૈધ કહે છે ''તે જમાનામાં રેડિયોનું લાઈસન્સ પણ પોસ્ટ ઓફિસમાં ભરવું ફરજિયાત હતું અને ન ભર્યું હોય તો ચેકિંગ અને દંડ પણ થતો પોસ્ટમેન ટપાલ વિતરણ કરવા સાયકલ ઉપર આવતા અને તેની સાયકલની ઘંટડીનો અવાજ નાના - મોટા ઘરના સૌ ઓળખી જતા અને સૌ ટપાલ લેવા દરવાજે દોડી જતાં ટપાલી તારની ડીલેવરી પણ કરતો અને તે તારનો સાર ઓફિસમાં સાહેબને પૂછી પછી જે ઘેરે ડીલેવરીએ જતો જેથી જેને ઘર તાર આપવા જાય ત્યાં સારા સમાચાર હોય તો મો મીઠું કરાવવા હરખ કરતો અને દુઃખદ પ્રસંગ હોય તો તેનો ચહેરો ઉદાસ થઈ જતો અને ખરખરો પણ કરતો ગામમાં શેરી એ શેરીએ લાલ કલરની લોખંડ - પત્તરાની ટપાલ પેટીઓ હતી જેની ઉપર ટપાલ કાઢવાનો સમય લખાતો અને જો કોઈ છેલ્લી ઘડી આવે તો આવનાર પોતાની ટપાલ લઈ લેવા આજીજી કરતા નિશાળના પરિણામ, વેવિશાળનો સ્વીકાર, નોકરીના નિમણૂક ઓર્ડર બધું ય ટપાલમાં જ આવતું.



વેવીશાળ થયેલ વાગદાતા ના કવરપત્રો ઉપર કવરને ખૂણે એક બીજા ''અંગત'' લખે એટલે તે કવર ઘરનું કોઈ ન જ ખોલે સોશિયલ મીડિયા ના પ્રભુત્વ વચ્ચે ટપાલ પ્રથા હવે લગભગ વિસરાઈ ગઈ છે પરંતુ પોસ્ટતંત્ર પ્રજા કલ્યાણ વિવિધ સેવાઓને જોડી આજે ય અડીખમ પ્રગતિ અસ્તિત્વ જાળવી રહ્યું છે

સોમનાથ પોસ્ટ ઓફિસે થી ભારતભરની કોઈ પોસ્ટ ઓફિસમાં સોમનાથ મંદિર પ્રસાદની રકમ ભરો તો તે પ્રસાદી ઘેર બેઠે પોસ્ટતંત્ર પહોંચાડે છે પવિત્ર શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવને ચઢેલ પુષ્પ - બિલ્વપત્ર નમણ લગભગ ૧૯૦૦૦૦ જેટલા ભાવિકોના ઘરે સુધી પહોંચેલ છે આજે પ્રભાસ - પાટણ પોસ્ટ ઓફિસ જિલ્લા કચેરીના માર્ગદર્શન મુજબ આધાર કાર્ડની સુપેરે કામગીરી બજાવી પોસ્ટ ઓફિસ ખાતે પવિત્ર ગંગાજળ વિતરણ તત્કાળ સ્પીડ પોસ્ટ જેવી અધતન સજ્જતા બતાવે છે કે ''હમ હોંગે કામયાબ બાકી તે જમાનો એટલે

''ડાકિયા ડાક લાયા, ખુશી ઔર દુઃખી કા સંદેશા લાયા'' ડાકઘર, ડાકબાબુ જેવી ફિલ્મો પણ બની છે તો અલીડોસા જેવી નવલકથા લોકોમાં ધૂમ વંચાણી છે.

# સુરેન્દ્રનગર: કલેક્ટર કચેરી ખાતે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીના સમર્થનમાં અનુસૂચિત જાતિ સમાજ દ્વારા આવેદનપત્ર અપાયું

## અપમાનજનક ટિપ્પણી કરનાર શખ્સો સામે કડક અને નિષ્પક્ષ કાર્યવાહીની માંગ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લા કલેક્ટર કચેરી ખાતે સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના સમર્થનમાં આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જીગ્નેશ મેવાણી તથા તેમના પરિવારજનો અંગે સોશિયલ મીડિયા પર કરવામાં આવેલ કથિત અપમાનજનક અને અશ્લીલ ટિપ્પણીઓને સમાજ દ્વારા સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર આ પ્રકારની ટિપ્પણીઓ કરી સમાજમાં વૈમનસ્ય ફેલાવવાનો તેમજ શાંતિ અને ભાઈચારાનું વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય જીગ્નેશ મેવાણી તથા તેમના પરિવારજનો વિશે અપમાનજનક ટિપ્પણી કરનાર શખ્સો સામે નિષ્પક્ષ તપાસ હાથ ધરી કાયદેસરની તેમજ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં અનુ.જાતિ સમાજના આગેવાનો,યુવાનો સહિતનાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધ્રાંગધ્રા: સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે સાંસદ ચંદુભાઈ શિહોરાની ઉપસ્થિતિમાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લામાં ઘુડખર અભયારણ્ય, ધ્રાંગધ્રા દ્વારા સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુલ, ધ્રાંગધ્રા ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીનું આયોજન સાંસદ ચંદુભાઈ શિહોરાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ તકે સાંસદે વન્યજીવન સંરક્ષણ અને તેના કુદરતી મહત્વ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું અને દેશના યુવાનોને પ્રકૃતિના રક્ષણ માટે સક્રિય રીતે આગળ આવવા આહવાન કર્યું હતું આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં વન્યજીવો પ્રત્યે જાગૃતતા વધે તે હેતુથી ઘુડખર અભયારણ્ય અને વન્યજીવન સંરક્ષણ વિષય પર ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને સાંસદશ્રીના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# વેરાવળ-પાટણ માર્ગની હાલત કફોડી: વાહન ચાલકો પરેશાન

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ ટાવર ચોકથી સોમનાથ શિવ પોલીસ ચોકી સુધીનો રસ્તો જે વેરાવળ - પાટણના વાહનો અને લોકોને આવવા - જવા માટે ધોરીનસ સમા છે તે રસ્તામાં અનેક સ્થળોએ ખાડા ખબડા પડેલ છે જે નાના - મોટા વાહનોને અકસ્માત નીપજાવી શકે તેવી કફોડી હાલત છે. નવરાત્રિ અને દિવાળીના તહેવારો નજદીક આવી રહ્યા છે જેથી સોમનાથ પ્રવાસીઓ તથા યાત્રીઓ પણ આવશે જેને હેરાનગતિ થશે માટે તાત્કાલિક મજબૂત રીતે ખાડા પૂરવા જરૂરી છે.

# જૂનાગઢ: નવરાત્રી મહોત્સવ અન્વયે પોલીસે હેલ્પલાઈન નંબરો જાહેર કર્યા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લામાં આગામી તારીખ ૧૧/૧૦/૨૦૨૬ થી શ્રી નવરાત્રી મહોત્સવનો શુભારંભ થવા જઈ રહ્યો છે. તથા તા.૧૯/૧૦/૨૦૨૬ સુધી ચાલનારા આ મહોત્સવ દરમ્યાન સમગ્ર જિલ્લામાં શાંતિપુર્ણ વાતાવરણમાં નવરાત્રી સંપન્ન થાય તે માટે ચુસ્ત અને સઘન પોલીસ બંદોબસ્ત રાખવા આવનાર છે.

પ્રાચીન કે અર્વાચીન કોઈપણ ગરબીઓના આયોજકો દ્વારા સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ આપવામાં આવેલ માઈકની પરમીટમાં દર્શાવેલ સમય મર્યાદા મુજબ નિયત કલાક પછી માઈક ચાલુ ન રાખવામાં આવે તે સંબંધિત આ તહેવાર દરમ્યાન રાત્રીના કલાક ૨૪:૦૦ (બાર વાગ્યા) બાદ લાઉડ સ્પીકરના ઉપયોગ સબંધે આવતી ફરિયાદ નિવારણ માટે નિયુક્ત કરવામાં આવેલ પોલીસ અધિકારીઓના નામ, હોદ્દો તથા ટેલીફોન નંબર સહિતની વિગતવાર યાદીથી જાહેર જનતા અવગત થાય તે હેતુસર પ્રકાશિત કરવામાં આવ્યા છે.

જે અંતર્ગત જૂનાગઢ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમનો ટેલિફોન નંબર ૦૨૮૫-૨૬૩૦૬૦૩, ૨૬૩૨૩૭૩, ૧૧૨ રહેશે. તેમ સુબોધ ઓડેદરા, પોલીસ અધિક્ષક, જૂનાગઢ જિલ્લાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બગસરા: તળપદા કોળી સમાજના સન્માન સમારોહમાં ૧૫૦થી વધુ તેજસ્વી તારલાઓ સન્માનીત

## એલ.કે.જી.થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને દાતાઓ દ્વારા શૈક્ષણીક કીટનું વિતરણ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા ના તળપદા કોળી સમાજ ટ્રસ્ટ મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ દિવાળીબેન ધરજીયા તળપદા કોળી સમાજની વાડી ખાતે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં નીતિનભાઈ રાઠોડ પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ તથા પૂર્વ જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન બાબરા ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો આ કાર્યક્રમના દીપ પ્રાગટ્ય સ્વામિનારાયણ મંદિર બગસરા ના સંતો ના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં સ્વાગત ગીત બાળાઓ દ્વારા સ્વાગત પ્રવચન હરેશભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ આ કાર્યક્રમ એલ કેજી થી લઈને કોલેજ સુધીના તમામ ફેકલ્ટીના ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓને દાતાઓ દ્વારા શેડ કેલ્ક્યુલેટર ઘડિયાળ તેમજ શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરેલ હતા તેમજ હાલમાં નગરપાલિકા બગસરામાં સમાજમાં ચૂંટાયેલ સભ્ય અનિલભાઈ શેખ તથા વિપુલભાઈ જાદવ ને સમાજ ટ્રસ્ટ મંડળ દ્વારા સાલ તથા પુષ્પગુચ્છ થી સન્માનિત કરવામાં આવ્યા હતા મુખ્ય વક્તા તરીકે ગોવિંદભાઈ રાઠોડ પ્રમુખ તળપદા કોળી સમાજ ટ્રસ્ટ બગસરા તથા નીતિનભાઈ રાઠોડ દ્વારા ભાષણ આપી સમાજને વધુ સંગઠિત બનાવી તેમજ શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધવા જણાવેલ હતું.

# કચ્છ માતાના મઢે જતાં પદયાત્રાળુઓની સેવા માટે દયાપર ઉત્તર-દક્ષિણ વન્યજીવ રેન્જ ખડેપગે

## વન સંરક્ષક ડો. ધીરજ મિત્તલ અને નાયબ વન સંરક્ષક હર્ષ ઠક્કરના માર્ગદર્શન હેઠળ દયાપર ફોરેસ્ટ કેમ્પ ખાતે સેવા કેમ્પ કાર્યરત



**અબતક, નવીનગીરી ગૌસ્વામી, ભૂજ**

કચ્છની ધરા પર નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે દેશ-વિદેશ તેમજ રાજ્યભરમાંથી લાખો ભાવિક ભક્તો કુળદેવી મા આશાપુરાના દર્શનાર્થે માતાના મઢ ખાતે પદયાત્રા કરીને જઈ રહ્યા છે. પદયાત્રીઓની આ આસ્થા અને ભક્તિની યાત્રા વધુ સુગમ અને આરામદાયક બને તેવા ઉમદા હેતુથી કચ્છ પશ્ચિમ વન વિભાગ દ્વારા વિશેષ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. કચ્છ વન વર્તુળના વન સંરક્ષક ડો. ધીરજ મિત્તલની પ્રેરણાથી અને કચ્છ પશ્ચિમ વન વિભાગના નાયબ વન સંરક્ષક હર્ષ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ દયાપર ઉત્તર વન્યજીવ રેન્જ તેમજ દયાપર દક્ષિણ રેન્જ દ્વારા માતાના મઢ દર્શનાર્થે પધારતા પદયાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. દયાપર ફોરેસ્ટ કેમ્પ ખાતે વિશેષ શમિયાણો ઊભો કરીને તેમજ દયાપર દક્ષિણ રેન્જના રેસ્ટ હાઉસ ખાતે યાત્રાળુઓની સવલત માટે સુચારુ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

# માણાવદર: લાયન્સ સ્કૂલ ખાતે નેત્રયજ્ઞ કેમ્પમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક પધ્ધતિ અંગે માર્ગદર્શન અપાયું



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માનવ સેવાના ઉમદા હેતુ સાથે લાયન્સ ક્લબ ઓફ માણાવદર તથા સ્વ.મોતીબેન તુલસીદાસ પરસણીયા ચેરીટેબલ ટ્રસ્ટ - માણાવદરના સંયુકત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન/ઓપરેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. દર માસના બીજા ગુરૂવારે યોજાતી સેવાકીય શ્રેણીના ભાગરૂપે માણાવદરના મહાદેવીયા રોડ સ્થિત લાયન્સ સ્કૂલ ખાતે આ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પ શિવાનંદ મિશન આંખની હોસ્પિટલ - વિરનગર અને જૂનાગઢ જીલ્લા નેત્રરક્ષા સમિતિના સૌજન્યથી યોજવામાં આવ્યો હતો. કેમ્પ દરમિયાન આંખના દર્દીઓની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી અને આયુર્વેદિક તથા હોમિયોપેથીક પદ્ધતિથી પણ દર્દીઓની તપાસ કરી જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

આ સેવાકીય નેત્રયજ્ઞ પ્રસંગે લાયન વિજયભાઈ ત્રાંબડીયા, લાયન હીનાબેન ત્રાંબડીયા તેમજ વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા ઉપપ્રમુખ સુરેશભાઈ મેલવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સેવાકાર્યને બિરદાવ્યું હતું. સમગ્ર વિસ્તારમાંથી મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ દર્દીઓએ ઉપસ્થિત રહી આ નિઃશુલ્ક કેમ્પનો લાભ લીધો હતો.

# સેમસન-વૈભવની પસંદગીની દ્વિધા જારી: આજે ભારત-વિન્ડીઝ વચ્ચે બીજી ટી-૨૦

## સંજુ સેમસનના ફોર્મ અંગે ચિંતા, ભારત આજે વૈભવ અને અભિષેકની જોડીને ઉતારી શકે, સાંજે સાત વાગ્યાથી પ્રારંભ

**અબતક, રાજકોટ**

સંજુ સેમસનનું કંગાળ ફોર્મ ભારતીય બેટિંગ લાઇન અપ માટે એકમાત્ર નબળી કડી છે. આ બાબત ટીમ મેનેજમેન્ટને વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને ઓપનર અભિષેક શર્મા સાથે જોડી બનાવવા વિશે વિચારવા મજબૂર કરશે.આ મેચમાં વિજય હાંસલ કરીને ભારત પાંચ મેચની આ શ્રેણીમાં ૨-૦થી સરસાઈ મેળવવા આતુર હશે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આજે રાંચીમાં બીજી ટી૨૦ રમાશે. જેનો સાંજે ૭.૦૦ કલાકે પ્રારંભ થશે. બની શકે છે કે કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ ઐયર ઓપનર તરીકે લીડ સંજુ સેમસનને ટકાવી રાખે તો પણ યજમાન ટીમ ચોક્કસપણે સેમસન પાસેથી વધુ સારા પ્રદર્શનની આશા રાખશે.




કેરળના આ બેટ્સમેનની છેલ્લી ચાર ઈનિંગ્સ ૯, ૭, ૨, ૧૧ની રહી છે. આમ તે ચારમાંથી એક જ વાર ડબલ ફિગર સુધી પહોંચી શક્યો છે. આ ઉપરાંત આ ચાર મેચમાં તે સાથી ઓપનર સાથે લાંબી ભાગીદારી પણ કરી શક્યો નથી અને દર વખતે ભારતીય ટીમે પ્રારંભમાં જ વિકેટ ગુમાવવાનો વારો આવ્યો છે.પરંતુ કેપ્ટન શ્રેયસ ઐયરના નેતૃત્વ હેઠળની ટીમે અંતે મેચમાં સફળતા હાંસલ કરીને સેમસનની આ નિષ્ફળતાઓને શાનદાર રીતે ઢાંકી દીધી છે. શ્રેયસ ઐયરે છેલ્લી મેચમાં શાનદાર સદી ફટકારી હતી જે તેની ટી૨૦ કારકિર્દીની પ્રથમ સદી હતી. સેમસનના ફોર્મને જોતાં ટીમ મેનજમેટને સૂર્યવંશીને વધુ એક તક આપવાનું મન થઈ શકે છે. જેણે અત્યાર સુધી મળેલી મર્યાદિત તકોમાં બતાવ્યું છે કે ટી૨૦ ક્રિકેટ તેના માટે સહજ છે. તેના વિશિષ્ટ અને અનોખા શોટ્સ તેમજ મેચ જીતાડવાની ક્ષમતાએ તેને એક આકર્ષક ખેલાડી બનાવ્યો છે.પરંતુ ભારતે અત્યાર સુધી અભિષેક અને સેમસનની સ્થાપિત ઓપનિંગ જોડીને સપોર્ટ કર્યો છે.મેનેજમેન્ટનો સેમસન પ્રત્યેનો ટેકો ત્યારે સ્પષ્ટ થયો હતો જ્યારે જાપાનમાં એશિયન ગેમ્સ દરમિયાન સૂર્યવંશીને ઓપનિંગ સ્લોટ આપીને સેમસનને ત્રીજા નંબરે રમાડવામાં આવ્યો હતો.જોકે, સેમસને હજી સુધી એ વિશ્વાસ સામે તેવું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને બતાવવાનું બાકી છે.આ સંદર્ભમાં, કેરેબિયન ટીમ સામેની વર્તમાન પાંચ મેચની શ્રેણી સેમસન માટે મહત્વપૂર્ણ બની શકે છે કેમ કે તે હંમેશા વર્લ્ડ કપના પોતાના જૂના પ્રદર્શન પર નિર્ભર રહી શકે નહીં.જોકે સૂર્યવંશી પોતાની તમામ ક્ષમતાઓ છતાં એ પણ સમજી ગયો હશે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ એક અલગ સ્તરનું હોય છે. તેથી, ભારતીય મેનેજમેન્ટ આ ૧૫ વર્ષીય ખેલાડીને વધુ એક તક આપતા પહેલા તમામ પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરશે.ભારત પોતાના ઝડપી બોલિંગ કોમ્બિનેશનમાં પણ ફેરફાર કરવાનું વિચારશે. મયંક યાદવે લખનૌમાં પ્રથમ મેચમાં બોલિંગનો પ્રારંભ કરીને પહેલી ઓવરમાં ૧૬ રન આપ્યા હતા.



### અભિષેક શર્મા ઈતિહાસ રચવાના આરે: સૂર્યકુમાર યાદવનો વર્લ્ડ રેકોર્ડ તોડવા માત્ર ૫૩ રન દૂર

ભારતીય ટીમના યુવા આક્રમક ઓપનર અભિષેક શર્મા આંતરરાષ્ટ્રીય ટી૨૦ ક્રિકેટમાં એક નવો ઐતિહાસિક રેકોર્ડ બનાવવાની આરે છે. વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી ટી૨૦ મેચમાં માત્ર ૫૩ રન બનાવતાની સાથે જ તેઓ ટી૨૦માં ૨,૦૦૦ રનનો મહત્વપૂર્ણ માઈલસ્ટોન પૂર્ણ કરી લેશે.આ રેકોર્ડ માત્ર રન પૂરતો સીમિત નથી. જો અભિષેક ઝડપથી આ રન બનાવી લે છે, તો તેઓ સૂર્યકુમાર યાદવનો વિશ્વ રેકોર્ડ તોડી નાખશે. હાલમાં સૂર્યકુમારના નામે સૌથી ઓછા ૧,૧૬૪ બોલમાં ૨,૦૦૦ ટી૨૦ રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે, જ્યારે એરોન ફિંચે ૧,૨૮૩ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. અભિષેક શર્માએ અત્યાર સુધી ૯૯૭ બોલમાં ૧,૯૪૭ રન બનાવ્યા છે. જો તેઓ આગામી ૧૬૬ કે તેથી ઓછા બોલમાં ૫૩ રન બનાવી લે, તો તેઓ વિશ્વમાં બોલની દ્રષ્ટિએ સૌથી ઝડપી ૨,૦૦૦ ટી૨૦ રન બનાવનાર બેટ્સમેન બની જશે.આશરે ૧૯૫ના વિસ્ફોટક સ્ટ્રાઈક રેટ સાથે રમતા અભિષેક પોતાની આક્રમક બેટિંગ શૈલી માટે જાણીતા છે. તેઓ અગાઉ પણ સૌથી ઝડપી સદી અને અડધી સદી જેવા અનેક કીર્તિમાન સ્થાપિત કરી ચૂક્યા છે. ૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાનારી આ મેચમાં ભારતીય ક્રિકેટ ચાહકોની નજર અભિષેકના આ ઐતિહાસિક પ્રદર્શન પર ટકેલી છે.

# રમત મંત્રાલય એશિયન ગેમ્સના પ્રદર્શનની મંગળવારે સમીક્ષા કરશે

## સમીક્ષામાં બેડમિન્ટન, શૂટિંગ અને એથ્લેટિક્સ જેવા રમતોમાં અપેક્ષા મુજબનું પરિણામ ન મળવા અંગે ચર્ચા કરાશે: એશિયન ગેમ્સની તૈયારી માટે ત્રણ વર્ષના ચક્રમાં ખેલાડીઓ પાછળ રૂ.૭૦૦ કરોડથી વધુ ખર્ચ થયો હોવાનો મંત્રાલયના સૂત્રનો દાવો

**અબતક, રાજકોટ**

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતના પ્રદર્શનને લઈને સ્પોર્ટ્સ મંત્રાલય હવે સમીક્ષા બેઠક યોજશે. ૧૩ ઓક્ટોબરે રમત મંત્રાલય અને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાવાની છે. તેમાં ગેમ્સ દરમિયાન કયા રમતોમાં અપેક્ષા મુજબ પરિણામ ન આવ્યું અને ક્યાં સુધારાની જરૂર છે તેની ચર્ચા થશે. ભારતે આયચી-નાગોયા એશિયન ગેમ્સમાં કુલ ૮૫ મેડલ જીત્યા હતા. તેમાં ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રોન્ઝ મેડલ સામેલ છે. ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું હતું. જોકે ૨૦૨૨ની હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ભારતે રેકોર્ડ ૧૦૬ મેડલ જીત્યા હતા. એટલે આ વખતે કુલ મેડલમાં ૨૧નો ઘટાડો થયો છે.

સમીક્ષામાં ખાસ કરીને બેડમિન્ટન, શૂટિંગ અને એથ્લેટિક્સ જેવા રમતોમાં અપેક્ષા મુજબનું પરિણામ ન મળવા અંગે ચર્ચા થવાની છે. બેડમિન્ટનમાં ભારતને માત્ર એક બ્રોન્ઝ મેડલ મળ્યો હતો, જ્યારે શૂટિંગમાં ૧૫ મેડલ મળ્યા હતા. જોકે અગાઉની એશિયન ગેમ્સની સરખામણીમાં શૂટિંગનું પ્રદર્શન ઘટ્યું હતું. એથ્લેટિક્સમાં ભારતે ૨૪ મેડલ જીત્યા હતા, પરંતુ અગાઉની આવૃત્તિ કરતાં આ સંખ્યા



૫ મેડલ ઓછી હતી. બીજી તરફ આર્ચરી, બોક્સિંગ, રેસલિંગ અને ટીમ સ્પોર્ટ્સમાં ભારતે સારો દેખાવ કર્યો હતો.

આ બેઠકમાં સરકારની ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ હેઠળ ખેલાડીઓને આપવામાં આવતા ફંડની પણ સમીક્ષા કરવામાં આવશે. સ્પોર્ટ્સ મંત્રાલયના એક સૂત્રના જણાવ્યા મુજબ, અનુભવી ખેલાડીઓ પાછળ મોટી રકમ ખર્ચવામાં આવી હોવા છતાં કેટલાક ખેલાડીઓ અપેક્ષા મુજબ મેડલ જીતી શક્યા નથી. રિપોર્ટ મુજબ એશિયન ગેમ્સની તૈયારી માટે ત્રણ વર્ષના ચક્રમાં ખેલાડીઓ પાછળ ₹૭૦૦ કરોડથી વધુ ખર્ચ થયો હોવાનો મંત્રાલયના સૂત્રનો દાવો છે. હવે આ રોકાણનું પરિણામ કેટલું મળ્યું અને આગળ ફંડિંગમાં શું ફેરફાર કરવાની જરૂર છે તેની ચર્ચા થઈ શકે છે.

સમીક્ષામાં બીજો મહત્વનો મુદ્દો ખેલાડીઓની ઈજાઓ રહેશે. મંત્રાલયના સૂત્રોએ સવાલ ઉઠાવ્યો છે કે કેટલાક ખેલાડીઓએ એશિયન ગેમ્સમાં પહોંચ્યા બાદ ઈજાની માહિતી આપી હતી. આવી સ્થિતિમાં તેમની તૈયારી પાછળ કરવામાં આવેલા ખર્ચ અને ટીમમાં તેમની પસંદગી અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે. મંત્રાલય હવે એ સમજવાનો પ્રયાસ કરશે કે ખેલાડીઓની તૈયારી, પસંદગી અને ગેમ્સ સુધીની પ્રક્રિયામાં ક્યાં સુધારો કરી શકાય.

### ભારત હવે ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સની તૈયારીમાં આગળ વધશે

ભારત હવે ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ અને લાંબા ગાળે ૨૦૩૬ ઓલિમ્પિક્સની તૈયારી તરફ આગળ વધી રહ્યું છે. તેથી એશિયન ગેમ્સમાં ક્યાં સફળતા મળી અને ક્યાં ખામી રહી તેની આ સમીક્ષા આગામી મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ માટેની તૈયારીમાં મહત્વની બની શકે છે.

## જુના મડદા ઉખેડાતાં જ્ઞાનેશ કુમારનું જોખમ વધશે?

# મુખ્ય ચૂંટણી કમિશનરને ૨૦ વર્ષ જૂનો કેરળનો પદભાર અભડાવી દેશે!

### જ્ઞાનેશ કુમાર કેરળમાં લોકનિર્માણ વિભાગના સચિવ હતા ત્યારના ૨૦ વર્ષ જૂના કેટીએસપી પ્રોજેક્ટના ભ્રષ્ટાચાર અને મલેશિયન એન્જિનિયર આત્મહત્યા કેસમાં વિજિલન્સ તપાસ શરૂ





**અબતક, રાજકોટ**

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મતદાતા યાદીના વિશેષ સઘન સુધારણાને લઈને વિપક્ષોનો વિરોધ તેજ થઈ રહ્યો છે, ત્યારે ૨૦ વર્ષ જૂનો ભ્રષ્ટાચારનો એક કેસ ફરી ઉખેડાતાં તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે. કેરળમાં કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારે વર્લ્ડ બેંક ફંડેડ 'કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ' માં થયેલા કથિત ભ્રષ્ટાચાર અને ૨૦૦૬ માં એક મલેશિયન એન્જિનિયરની આત્મહત્યાના મામલે વિજિલન્સ તપાસના આદેશ આપ્યા છે. જ્ઞાનેશ કુમાર કેરળ કેડરના પૂર્વ આઈએએસ અધિકારી છે અને તે સમયે તેઓ રાજ્યના લોકનિર્માણ વિભાગના સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા

આ મામલો વર્ષ ૨૦૦૬ નો છે, જ્યારે વર્લ્ડ બેંકની મદદથી ૧,૬૦૦ કિમીના સ્ટેટ હાઈવેના નિર્માણ અને અપગ્રેડેશન માટે ૧,૬૩૨ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ શરૂ કરાયો હતો. ભારત-મલેશિયાની જોઈન્ટ વેન્ચર કંપની પટીબેલને આમાંથી ૨૧૬ કરોડ રૂપિયાનો ૧૨૮ કિમી રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. જાહેરાત મુજબ ૩૦ ટકા જમીન સંપાદન કર્યા વગર જ કોન્ટ્રાક્ટ આપી દેવાતા જમીન સંપાદનમાં વિલંબ થવાથી પ્રોજેક્ટનો ખર્ચ વધીને ૩,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. દરમિયાન પટીબેલ કંપનીના ૫૮ વર્ષીય મલેશિયન ચીફ પ્રોજેક્ટ મેનેજર લી સી બીને કામના ભારે દબાણ અને કથિત હેરાનગતિની ફરિયાદો કરી હતી.

૧૧ નવેમ્બર, ૨૦૦૬ ના રોજ મલેશિયાના કુઆલાલંપુર ખાતે એક પાર્કમાં લી સી બીનનો મૃતદેહ લોખંડના પુલ પર લટકતો મળી આવ્યો હતો. તેમની પાસેથી મળેલી બે આત્મહત્યા ચિઠ્ઠીઓમાંથી એકમાં તત્કાલીન લોકનીર્માણ વિભાગના સચિવ જ્ઞાનેશ કુમારનું નામ હોવાનો આરોપ છે. ચિઠ્ઠીમાં આરોપ લગાવાયો હતો કે લાંચ આપવાનો ઈનકાર કરાતા પીડબલ્યુડીના અધિકારીઓએ કંપનીના ૧૨ થી ૧૩ કરોડ રૂપિયાના બિલ વગર કોઈ યોગ્ય કારણોસર રોકી રાખ્યા હતા અને તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હતો. આ ઘટના બાદ જ્ઞાનેશ કુમારને પીડબલ્યુડી સચિવ પદેથી હટાવી દેવાયા હતા અને વિજિલન્સ તપાસ શરૂ કરાઈ હતી, પરંતુ રાજકીય દબાણ હેઠળ આ તપાસ અધવચ્ચે જ બંધ કરી દેવાઈ હોવાનો દાવો કરાયો છે.તાજેતરમાં કોંગ્રેસ પ્રદેશ કારોબારી સમિતિના સભ્ય મલયિંકીઝુ વેણુગોપાલે જ્ઞાનેશ કુમારની ભૂમિકા અંગે ચોક્કસ તપાસ કરવા નવી ફરિયાદ નોંધાવી હતી. કેરળના ગૃહમંત્રી રમેશ ચેન્નીથલાએ આ વિષયને ગંભીર ગણાવીને વિજિલન્સ ડિરેક્ટરને આ કેસમાં કથિત બાહ્ય દબાણ અને ગેરરીતિઓની પુનઃ વિગતવાર તપાસ કરવાનો આદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જ્ઞાનેશ કુમાર હાલ મુખ્ય ચૂંટણી કમિશનર જેવા બંધારણીય પદ પર છે તેનાથી તપાસ અટકશે નહીં, અને કાનૂની પાસાઓની ચકાસણી કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બીજી તરફ, કેરળના મંત્રી કે. મુરલીધરને આ મુદ્દે રાજકીય રંગ આપવાનું ટાળતા જણાવ્યું હતું કે આ કાર્યવાહી મુખ્ય ચૂંટણી કમિશનર સામે નથી પરંતુ કેરળ પીડબલ્યુડીના પૂર્વ સચિવ સામે મળેલી ફરિયાદોના આધારે કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટમાં નેતાઓ, અમલદારો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી વિલંબ કરાવીને ખર્ચ વધારવાનો કાવતરાનો આરોપ છે. હવે કેરળના ગૃહ વિભાગે ૨૦૦૬ ની પ્રાથમિક તપાસની તમામ ફાઈલો મંગાવી છે, જેનાથી વિજિલન્સ તપાસનો ધમધમાટ વધતા મુખ્ય ચૂંટણી કમિશનર માટે જૂના વિવાદો ફરીથી ચિંતાનો વિષય બન્યા છે.

# મીડ ટર્મ પહેલા અમેરિકનોનો વિશ્વાસ મેળવવા આઈટીના લાખો કર્મચારીઓને લાલબત્તી

## ટ્રમ્પ પ્રશાસને ટીસીએસ, ઈન્ફોસિસ સહિત આઠ અગ્રણી કંપનીઓને ગ્રીન કાર્ડની પર્મ પ્રક્રિયામાંથી કરી સસ્પેન્ડ; હજારો ભારતીય ટેકનિકલ કર્મચારીઓની ચિંતા વધી

**અબતક,વોશિંગ્ટન**

અમેરિકામાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં સ્થાનિક મતદારોનો વિશ્વાસ જીતવા અને અમેરિકા પ્રથમની નીતિને વેગ આપવા માટે ટ્રમ્પ વહીવટીતંત્રે મોટું પગલું ભર્યું છે. અમેરિકી શ્રમ મંત્રાલયે વિદેશી કર્મચારીઓને કાયમી વસવાટ એટલે કે ગ્રીન કાર્ડ અપાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી કાયમી શ્રમ પ્રમાણપત્ર પ્રક્રિયામાંથી ભારત સાથે સંકળાયેલી આઠ મોટી ટેકનોલોજી કંપનીઓને તાત્કાલિક અસરથી બાકાત કરી દીધી છે. આ કડક નિર્ણયના કારણે લાંબા સમયથી કાયમી વસવાટની આશા રાખીને બેઠેલા હજારો ભારતીય આઈટી કર્મચારીઓ સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે.

અમેરિકાના શ્રમ સચિવ કીથ સોન્ડરલિંગે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સની હાજરીમાં જાહેરાત કરતા જણાવ્યું હતું કે, કોગ્નિઝન્ટ, ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો, એચસીએલ, કેપજેમિની તેમજ માઈક્રોસોફ્ટ અને એડોબ જેવી કંપનીઓ સ્થાનિક અમેરિકનોની રોજગારી છીનવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૦૯ પછી આ આઠ કંપનીઓએ અંદાજે ૩૦ લાખ વિદેશી કામદારોની માંગણી કરી હતી અને બે લાખ ત્રીસ હજારથી વધુ એચ વન બી વિઝા મેળવ્યા હતા, જેના કારણે અમેરિકી કામદારોને વ્યાપક નુકસાન થયું છે. હવે શ્રમ મંત્રાલય આ કંપનીઓ તરફથી આવતી કોઈ પણ નવી કે પેન્ડિંગ પડેલી કાયમી મંજૂરી અરજીઓ સ્વીકારશે નહીં કે આગળ વધારશે નહીં.

ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ભારપૂર્વક કહ્યું હતું કે, અમેરિકન કંપનીઓએ પ્રથમ પ્રાથમિકતા દેશના સ્થાનિક નાગરિકોને જ આપવી પડશે. આ ઉપરાંત હાર્વર્ડ, યેલ અને સ્ટેનફોર્ડ સહિત નવ મોટી અમેરિકન યુનિવર્સિટીઓ સામે પણ તપાસના આદેશ અપાયા છે, જેથી જાણી શકાય કે તેઓ ઓછા વેતનવાળા વિદેશી છાત્રો કે કામદારોનો ગેરલાભ લઈ રહ્યા છે કે નહીં.

આ પ્રતિબંધથી હાલના એચ વન બી વિઝા સીધા રદ થતા નથી, પરંતુ તે કામચલાઉ વિઝામાંથી કાયમી નાગરિકત્વ મેળવવાનો માર્ગ સંપૂર્ણપણે અવરોધાઈ જશે. ખાસ કરીને જે કર્મચારીઓ તેમના વિઝાની છ વર્ષની અંતિમ મર્યાદા નજીક પહોંચી ગયા છે, તેમની મુદત લંબાવવા સામે કાયદાકીય અડચણો ઊભી થવાની ભીતિ છે, જેને લીધે સમગ્ર આઈટી ક્ષેત્રમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે.

# ઈટાલીમાં શ્રમ શોષણનો ભોગ બનનાર ભારતીય કામદારોને રૂ.૩૫૦ કરોડનું વળતર ચૂકવાશે

## યુરોપના સૌથી મોટા શ્રમ શોષણ કેસમાં ભારતીયો સહિત ૪૮૦ કામદારોને ન્યાય મળ્યો : ગેરકાયદેસર કપાત, ઓછો પગાર અને ઓવરટાઈમ ન આપવા બદલ અમેરિકન કન્સ્ટ્રક્શન કંપની વળતર આપશે

**અબતક, નવી દિલ્હી**

ઈટાલીના મિલાન શહેરમાં નિર્માણાધીન નવા અમેરિકન કોન્સ્યુલેટના પ્રોજેક્ટમાં શ્રમ શોષણનો ભોગ બનેલા સેંકડો કામદારોને ન્યાય મળ્યો છે. એક ઐતિહાસિક સેટલમેન્ટ હેઠળ શ્રમિકોને ૩૧ મિલિયન યુરો એટલે કે અંદાજે ૩૫૦ કરોડ રૂપિયા નું જંગી વળતર ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ શોષણનો ભોગ બનનારાઓમાં મોટાભાગના ભારતીય કામદારો છે. યુરોપમાં શ્રમ શોષણ મામલે આ અત્યાર સુધીનું સૌથી મોટું વળતર સેટલમેન્ટ માનવામાં આવે છે. આ અંતર્ગત કામદારોને સરેરાશ ૪૫,૦૦૦ યુરો મળશે, જેના માટે એગ્રીમેન્ટ સાઈન કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને આગામી દિવસોમાં તમામ ઔપચારિકતાઓ પૂરી કરી વળતર અપાશે.

આ નિર્માણ સાઈટ પર કામ કરતા શ્રમિકોનું મોટા પાયે આર્થિક અને શારીરિક શોષણ થતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. કામદારોને કલાકના બે ડોલર કરતા પણ ઓછું વેતન આપવામાં આવતું હતું અને તેમની પાસે દિવસના ૧૦ કલાક તેમજ અઠવાડિયાના ૬ દિવસ મજૂરી કરાવવામાં આવતી હતી. એટલું જ નહીં, રહેઠાણ માટે તેમના પગારમાંથી ગેરકાયદેસર રીતે પૈસા કાપી લેવામાં આવતા હતા. કામદારોને ઓવરટાઈમના કોઈ નાણાં ચૂકવાતા ન હતા. કામના સ્થળે ઈજા થાય તો યોગ્ય મેડિકલ સુવિધા પણ પૂરી પાડવામાં આવતી ન હતી અને ધમકીઓ આપીને બળજબરીથી કામ કઢાવવામાં આવતું હતું.

આ સેટલમેન્ટ હેઠળ કુલ ૪૮૦ જેટલા કામદારોને વળતર મળવાની સંભાવના છે. જેમાંથી ૩૦૦ જેટલા લોકો હજુ પણ આ સાઈટ પર કામ કરી રહ્યા છે, જ્યારે ૧૦૦ અન્ય સ્થળે કામ કરે છે અને બાકીના કેટલાક પોતાના દેશ પરત ફરી ચૂક્યા છે. દરેક કામદારને સરેરાશ ૪૫,૦૦૦ યુરો મળશે, જ્યારે સૌથી વધુ વળતર ૯૦,૦૦૦ યુરો સુધી પહોંચી શકે છે. આ વળતરની રકમમાં ન ચૂકવાયેલ ઓવરટાઈમ, ગેરકાયદે કપાત થયેલ આવાસ ખર્ચ અને અન્ય નુકસાનીના વળતરનો સમાવેશ થાય છે. કેટલાક ભારતીય કામદારોએ દાવો કર્યો હતો કે તેઓએ આ નોકરી મેળવવા માટે રિક્રુટર્સને ૫૦૦૦ યુરો પણ ચૂકવ્યા હતા.વળતરની રકમ ઉપરાંત આ કામદારોના સુરક્ષિત ભવિષ્યની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રમિકોને ઈટાલીમાં અન્ય પ્રોજેક્ટ્સ પર કામ કરવા માટે વિશેષ વર્ક પરમિટ પણ આપવામાં આવશે. સેટલમેન્ટના ભાગરૂપે ઈટાલીની સામાજિક સુરક્ષા અને કાર્યસ્થળની ઈજાના વીમા માટે પણ કંપની દ્વારા ૧૧.૨ મિલિયન યુરો ચૂકવાશે. આ મોટા કૌભાંડમાં ભારતીય ઉપરાંત નાઈજીરિયા, કેન્યા અને બાંગ્લાદેશના કામદારો પણ ભોગ બન્યા હતા. અમેરિકન સરકાર અને સંબંધિત સત્તાવાળાઓએ આ સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી છે અને ભવિષ્યમાં કામદારોના સન્માન અને સુરક્ષા માટે કડક કાયદાકીય પાલન કરાવવાની ખાતરી આપી છે.

# દુષ્કાળગ્રસ્ત જાહેર કરી રાહત પેકેજ આપવાની માંગ સાથે ખેડૂતોની વ્હારે આવતા ધારાસભ્ય રાઘવજી પટેલ

## સૌની યોજના મારફતે સિંચાઈનું પાણી પહોંચાડવા રજૂઆત

ગુજરાતમાં ચોમાસાનો વરસાદ ખેંચાતાં ખેતી અને પશુપાલન ક્ષેત્રે ચિંતાના વાદળો ઘેરાયાં છે. ખરીફ પાકને નુકસાન થવાની ભીતિ અને આગામી દિવસોમાં ઘાસચારાની અછત સર્જાવાની આશંકા વચ્ચે હવે ખેડૂતોને રાહત આપવાની માંગ ઉગ્ર બની રહી છે. આ સ્થિતિમાં પૂર્વ કૃષિમંત્રી અને જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજી પટેલે જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી છે. બીજી તરફ, ભાજપના વરિષ્ઠ નેતા કનુભાઈ ભાલાળાએ પણ ખેડૂતો અને પશુપાલકોને મુશ્કેલીમાંથી ઉગારવા માટે સરકાર સમક્ષ વિવિધ સૂચનો રજૂ કર્યા છે.

ચાલુ ચોમાસામાં અપૂરતા વરસાદને કારણે જામનગર જિલ્લાના અનેક વિસ્તારોમાં ખેતીની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. વરસાદના અભાવે પાકને નુકસાન થવાની ભીતિ વચ્ચે ખેડૂતો આર્થિક મુશ્કેલીમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉ જોડિયા સહિતના વિસ્તારોમાંથી પણ પાક નુકસાનીનો સર્વે કરાવી અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ ઊઠી ચૂકી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાઘવજી પટેલે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે અને ખેડૂતોને થયેલા નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરવા તાત્કાલિક સર્વે હાથ ધરવામાં આવે. સર્વેના આધારે અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક સહાય મળે તે માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી છે.વરસાદની અછત વચ્ચે ખેતી માટે સિંચાઈના પાણીની જરૂરિયાત વધુ મહત્ત્વની બની છે. જામનગર જિલ્લામાં પાણીની સમસ્યા હળવી કરવા માટે સૌની યોજના મારફતે પૂરતું પાણી પહોંચાડવામાં આવે તેવી રજૂઆત પણ રાઘવજી પટેલે કરી છે. ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહે અને પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાય તે માટે સરકાર સમયસર પગલાં ભરે તેવી માંગ કરવામાં આવી છે.

બીજી તરફ, રાજ્યમાં અપૂરતા વરસાદને કારણે ઘાસચારાની અછત સર્જાવાની ભીતિ વ્યક્ત કરતાં કનુભાઈ ભાલાળાએ ખેડૂતો અને પશુપાલકોને રાહત આપવા માટે કેટલાક સૂચનો રજૂ કર્યા છે. તેમણે



રાજ્યનાં અંદાજે ૧૫થી ૧૭ હજાર ગામોમાં યુદ્ધના ધોરણે ઘાસચારાની કીટ પહોંચાડવાની જરૂરિયાત દર્શાવી છે.

ખેડૂતોને આગામી વાવણીમાં મદદરૂપ થવા માટે મકાઈ, જુવાર અને બાજરીનું બિયારણ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે તેવી પણ માંગ કરી છે. આ ઉપરાંત, પશુધનને પૂરતો ખોરાક મળી રહે અને ઘાસચારાની અછતને કારણે પશુપાલકોને મુશ્કેલી ન પડે તે માટે મફત ઘાસચારાના બિયારણની કીટનું વિતરણ કરવા સૂચન કરવામાં આવ્યું છે.જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર

## દુષ્કાળના એંધાણ વચ્ચે પશુધન પર સંકટનાં વાદળોઃ કનુભાઈ ભાલાળા

ગુજરાતમાં વરસાદની અછતને કારણે ખેતીની સાથે પશુપાલન વ્યવસાય સામે પણ પડકાર ઊભો થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. ઘાસચારાની અછત સર્જાય તો પશુધનના નિભાવનો પ્રશ્ન વિકટ બની શકે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભાજપના વરિષ્ઠ નેતા કનુભાઈ ભાલાળાએ ઘાસચારાની કીટ પહોંચાડવા સરકારને સૂચન કર્યું છે. ખેડૂતોને મકાઈ, જુવાર અને બાજરીનું બિયારણ વિનામૂલ્યે પૂરું પાડવા તેમજ પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવા આગોતરાં પગલાં ભરવામાં આવે તેવી રજૂઆત કરી છે. દુષ્કાળની સંભવિત અસરને પહોંચી વળવા સરકાર સમયસર આયોજન કરે તો ખેડૂતો અને પશુપાલકોને મુશ્કેલીમાં રાહત મળી શકે છે.

કરવાની માંગ સાથે ખેડૂતોને આર્થિક સહાય, પાક નુકસાનીનો સર્વે, સિંચાઈ માટે પાણી અને પશુધન માટે ઘાસચારાની વ્યવસ્થા જેવા મુદ્દાઓ ફરી ચર્ચામાં આવ્યા છે. ભાજપના જ નેતાઓ દ્વારા ખેડૂતો અને પશુપાલકોની સમસ્યાઓ અંગે રજૂઆતો કરવામાં આવતાં હવે રાજ્ય સરકાર આ સ્થિતિમાં કેવાં રાહતલક્ષી પગલાં લે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

અપૂરતા વરસાદની અસર માત્ર ખેતી પૂરતી સીમિત ન રહેતાં પશુપાલન વ્યવસાય પર પણ પડી શકે છે. ઘાસચારો મોંઘો થવાથી પશુપાલકોનો નિભાવખર્ચ વધવાની અને પશુધનના જતન સામે મુશ્કેલી ઊભી થવાની શક્યતા છે. આવી સ્થિતિમાં સરકાર દ્વારા ગામવાર ઘાસચારાની ઉપલબ્ધતાનો તાગ મેળવી જરૂરિયાત મુજબ વિતરણની વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. દુષ્કાળની અસર ધરાવતા વિસ્તારોમાં પશુધન માટે પૂરતો ચારો ઉપલબ્ધ રહે, ખેડૂતોને આગામી વાવણી માટે બિયારણની ચિંતા ન રહે અને ખેતી આધારિત પરિવારોની આજીવિકા જળવાઈ રહે તે માટે અસરકારક રાહત આયોજન કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

# પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં વિવિધ વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ




રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં જામનગર કલેક્ટર કચેરીના સભાખંડમાં વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વર્તમાન પ્રશ્નો, વરસાદની સ્થિતિ તેમજ પ્રજાને લગતી આવશ્યક સેવાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન પાણી પુરવઠા, સિંચાઈ, પીજીવીસીએલ અને વન વિભાગ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા કામગીરી, વિવિધ યોજનાઓની પ્રગતિ અને વર્તમાન સ્થિતિ અંગે પ્રેઝન્ટેશન મારફતે માહિતી રજૂ કરવામાં આવી હતી.ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે જામનગરજિલ્લાના વિવિધ વિસ્તારોના પ્રશ્નો તથા પ્રજાલક્ષી રજૂઆતો પ્રભારી મંત્રી સમક્ષ રજૂ કરી હતી. રજૂઆતો અંગે મંત્રીએ સંબંધિત અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી સમસ્યાઓના ઉકેલ માટે યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

બેઠકમાં પીવાના પાણીની વ્યવસ્થા અને પાણીના યોગ્ય વિતરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. જ્યાં પાણીની જરૂરિયાત હોય ત્યાં તાત્કાલિક વ્યવસ્થા કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

# મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન




મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા દેશવ્યાપી વિરોધ આંદોલનનું એલાન કરવામાં આવ્યું હતું. જેના પગલે આજે જામનગર શહેરમાં પણ કોંગ્રેસના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાની હેઠળ લાલ બંગલા સર્કલ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે કોંગ્રેસના કાર્યકરો એકત્ર થયા હતા. કાર્યકરોએ હાથમાં બેનરો અને પોસ્ટરો સાથે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી વિરોધ નોંધાવ્યો હતો.આ દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના દેશવ્યાપી આંદોલનના ભાગરૂપે જામનગરમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં શહેર કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા.

# મહેસૂલી કર્મચારીઓની હડતાળમાં નાયબ મામલતદાર, મહેસૂલી ક્લાર્ક અને તલાટી સહિત ૨૬૦ કર્મચારીઓ જોડાયા

## પડતર માંગણીઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો કર્મચારીઓએ મક્કમ નિર્ધાર



ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મંડળ (વર્ગ-૩)ના આદેશ અનુસાર જામનગર જિલ્લામાં મહેસૂલી કર્મચારીઓની હડતાળમાં નાયબ મામલતદાર, મહેસૂલી ક્લાર્ક અને મહેસૂલી તલાટી સહિત ત્રણેય સંવર્ગના અંદાજે ૨૬૦ કર્મચારીઓ હડતાળમાં જોડાતાં મહેસૂલી કામગીરી પર અસર જોવા મળી હતી.

પ્રમોશન અને બઢતી સહિતની વિવિધ પડતર માંગણીઓના ઉકેલ માટે મહેસૂલી કર્મચારીઓએ આંદોલન શરૂ કર્યું છે. આ ઉપરાંત ઓટીપી આધારિત પોર્ટલ અને ઓનલાઈન સિસ્ટમમાં પડતી મુશ્કેલીઓ દૂર કરી કામગીરીની વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવાની પણ માંગ કરવામાં આવી છે.કર્મચારીઓ દ્વારા સરકાર સમક્ષ કુલ ૧૩થી ૧૪ જેટલી પડતર માંગણીઓ રજૂ કરવામાં આવી છે. જેમાં નાયબ મામલતદાર અને મામલતદાર સંવર્ગમાં પ્રમોશનના હક જાળવવા તેમજ સીધી ભરતી સંબંધિત પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગ મુખ્ય છે.

### બેડી નજીક સરકારી અનાજની હેરાફેરીમાં ઘટસ્ફોટ

# સરકારી ગોડાઉનમાંથી ૧૯ લાખના ઘઉંની ચોરીનો પર્દાફાશ

## સીટી બી ડિવિઝન પોલીસે પાંચ શખ્સો સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ

જામનગરમાં ગઈકાલે બેડી બંદર રોડ પરથી સરકારી અનાજની હેરાફેરી મામલો પકડાયા બાદ પોલીસની પ્રાથમિક તપાસમાં ચોરી થયાનો ઘટસ્ફોટ થયો છે. બેડી બંદર રોડ પર ગરીબનગર પાણાખાણ વિસ્તારમાં આવેલા ઓશીયાનીક ગોડાઉનમાંથી સરકારી અનાજની મોટી ચોરી મામલે ફરિયાદ બાદ પોલીસે તપાસ હાથ ધરી છે. રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ભાડે રાખવામાં આવેલા આ ગોડાઉનમાંથી ૬૯,૯૫૦ કિલો ઘઉંની, ચોરી થયાની ફરિયાદ જામનગર સિટી-બી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પુરવઠા વિભાગના નાયબ જિલ્લા મેનેજર ગ્રેડ-૨ અશોકકુમાર હરિભાઈ સુચકે નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે ઈકબાલ અબ્દુલ કમોરા, અબ્બાસ વલીમામદ જેડા, શબીર જુસબભાઈ શેખ, અબ્દુલ વલીમોહમ્મદ જેડા અને આબીદ અબ્દુલ જેડા સહિતના સામે ગુનો નોંધ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭માં એમએસપી હેઠળ ખરીદવામાં આવેલા ઘઉંનો જથ્થો સંગ્રહ કરવાની ક્ષમતા ઓછી હોવાથી જામનગરના બેડી બંદર રોડ પર આવેલ ઓશીયાનીક ગોડાઉન ભાડે રાખવામાં આવ્યું હતું. કલ્યાણપુર અને ભાણવડ ખરીદ કેન્દ્રોમાંથી કુલ ૩૨૮૩.૮૫ મેટ્રિક ટન એટલે કે ૬૫,૬૭૭ કટા ઘઉં સંગ્રહ કરવામાં આવ્યો હતો. જેને આરોપીઓએ નિશાન બનાવ્યું હતું.

૭ ઓક્ટોબરના રોજ સિટી-બી પોલીસ દ્વારા આ જ ગોડાઉનમાંથી ચોરાયેલો ૧૫૦ મણ એટલે કે ૬૩ બાચકા ઘઉંનો જથ્થો, કિંમત રૂ.૭૫ હજાર, તેમજ ચોરીમાં વપરાયેલી વસ્તુઓ અને વાહન સાથે પાંચ શખ્સોને પકડવામાં આવ્યા હોવાની જાણ પુરવઠા વિભાગને થઈ હતી. ત્યારબાદ અધિકારીની સૂચનાથી ગોડાઉનની તાત્કાલિક તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગોડાઉનની સિમેન્ટની છત ઉપર પ્રકાશ માટે લગાવવામાં આવેલું ફાયબરનું પતરું ઊંચકાવી તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હોવાનું બહાર આવ્યું હતું. ચોરીની શંકાએ ગોડાઉનમાં લગાવાયેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરતાં ૨૪ સપ્ટેમ્બરથી ૭ ઓક્ટોબર દરમિયાન આશરે પાંચ વખત આ રીતે ચોરીને અંજામ આપવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી હતી.આ મામલે ગોડાઉનના ઈન્ચાર્જ રોનકભાઈ કે. યોગીની ટી.પી. બુક અને હિસાબોની તપાસ કરતાં શરૂઆતમાં ૬૫,૬૭૭ કટા ઘઉંનો જથ્થો સંગ્રહિત હતો. ત્યારબાદ વડી કચેરીના હુકમથી સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં ૨૦,૮૫૫ કટા મોકલવામાં આવ્યા હતા. આ મુજબ ગોડાઉનમાં ૪૪,૮૨૨ કટા ઘઉંનો જથ્થો ઉપલબ્ધ હોવો બાકી રહેતો હતો. પરંતુ સ્થળ પર ગણતરી કરતાં માત્ર ૪૩,૪૨૩ કટા જ મળી આવ્યા હતા. પરિણામે ૧,૩૯૯ કટાની ઘટ સામે આવી હતી. ૫૦ કિલોની નેટ ભરતી પ્રમાણે આ જથ્થો આશરે ૬૯,૯૫૦ કિલો ઘઉંની ચોરી થયાનું નોંધાયું હતું. સરકારના એમએસપી ૨૦૨૬ના ભાવ મુજબ અંદાજે રૂ. ૧૮.૦૮ લાખની કિંમતના ૧,૩૯૯ કટા ઘઉંની ચોરી થયાનો ધડાકો થયો હતો. જેના આધારે પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ, ગોડાઉનના હિસાબો, ચોરીના જથ્થા અને અન્ય પુરાવાના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# નવરાત્રિ પહેલાં પોલીસ એલર્ટ મોડમાંઃ રેલવે-બસ સ્ટેશન સહિત જાહેર સ્થળોએ સઘન ચેકિંગ

## એસઓજી, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો મેદાનમાં ઉતરી; મુસાફરોના સામાન અને વાહનોની ઝીણવટભરી તપાસ

નવરાત્રિના તહેવારો દરમિયાન શહેર અને જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જામનગર પોલીસ તંત્ર એલર્ટ બન્યું છે. તહેવારોને અનુલક્ષીને આગોતરી તકેદારીના ભાગરૂપે આજે રેલવે સ્ટેશન, બસ સ્ટેશન સહિતનાં જાહેર અને ભીડભાડવાળાં સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.જામનગર રેલવે સ્ટેશનથી ચેકિંગની શરૂઆત કરવામાં આવી હતી. એસઓજી શાખાની ટીમોએ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તેમજ મહિલા પોલીસ કર્મચારીઓને સાથે રાખીને રેલવે સ્ટેશન પરિસર



અને આસપાસના વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. સ્ટેશન પર આવતા-જતા મુસાફરો ઉપરાંત મુસાફરોને લેવા કે મૂકવા માટે આવતા લોકોનાં વાહનોની પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી.રેલવે સ્ટેશનના વિવિધ પ્લેટફોર્મ પર બેઠેલા મુસાફરો અને તેમના સામાનની તપાસ કરવામાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા સ્ટેશનના વિવિધ વિસ્તારોનું નિરીક્ષણ કરી કોઈ શંકાસ્પદ વસ્તુ કે પ્રવૃત્તિ જણાય છે કે કેમ તેના પર નજર રાખવામાં આવી હતી. આ ઉપરાંત નશીલા પદાર્થો સહિતની શંકાસ્પદ ચીજવસ્તુઓની હેરફેર થતી નથી ને તે દિશામાં પણ તપાસ કરવામાં આવી હતી.તહેવારો દરમિયાન શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તેમજ અસામાજિક તત્ત્વો કે શંકાસ્પદ વ્યક્તિઓ દ્વારા કોઈ અનિચ્છનીય પ્રવૃત્તિ આચરવામાં ન આવે તે માટે પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને ચેકિંગ વધુ સઘન બનાવવામાં આવ્યું છે. નવરાત્રિના દિવસોમાં નાગરિકો સુરક્ષિત માહોલમાં તહેવારની ઉજવણી કરી શકે તે માટે પોલીસ તંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે.

# કાલાવડઃ ગણિત - વિજ્ઞાન પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ વિદ્યાર્થીઓને બિરદાવાયા

**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**



કાલાવડ તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન સેફરોન વિદ્યા સંકુલ, જસાપર ખાતે ઉત્સાહભેર યોજાયું હતું. આ પ્રદર્શનમાં કાલાવડ તાલુકાની વિવિધ માધ્યમિક સરકારી શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ તેમજ સેલ ફાઈનાન્સ સ્કૂલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.શાળાઓના બાળ વૈજ્ઞાનિકોએ અલગ-અલગ વિભાગોમાં અદ્ભૂત અને સારામાં સારું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર વિજ્ઞાન મેળામાં કુલ પાંચ વિભાગો અંતર્ગત ૩૦થી વધુ આકર્ષક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

આ સ્પર્ધામાં મ્યુનિસિપલ હાઈસ્કૂલ, સેફરોન વિદ્યા સંકુલ, વિવેકાનંદ વિદ્યાલય, હિરપરા કન્યા છાત્રાલય અને મુક્તાબેન કન્યા વિદ્યાલય-આ પાંચેય શાળાઓએ પોતપોતાના વિભાગમાં પ્રથમ નંબર મેળવી વિજેતા બની હતી. આ વિજેતા શાળાઓ હવે જિલ્લા કક્ષાએ યોજાનાર ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં સમગ્ર કાલાવડ તાલુકાનું ગૌરવપૂર્ણ પ્રતિનિધિત્વ નિભાવશે.

વિજ્ઞાન મેળામાં પ્રથમ, દ્વિતીય તેમજ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો અને સર્ટિફિકેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમજ પ્રોત્સાહક ભેટ આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

# જાહેરમાં કચરો ફેંકનાર સામે કાર્યવાહી માટે મહાનગરપાલિકાની પહેલ

## ગંદકી કે ન્યુસન્સ હોય તો ફોટો-વીડિયો સાથે વોર્ડવાઈઝ વોટ્સએપ નંબર પર જાણ કરવા અપીલ; ફરિયાદીની ઓળખ ગુપ્ત રખાશે

જામનગર મહાનગર પાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને જાહેર સ્થળોએ ગંદકી ફેલાવવાની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવી શકાય તે માટે શહેરીજનોને અપીલ કરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, શહેરમાં કોઈ વ્યક્તિ જાહેર સ્થળે કચરો નાખતી હોય, ગંદકી કરતી હોય અથવા ન્યુસન્સ સર્જતી હોય તો નાગરિકો સંબંધિત ઘટનાનો ફોટો કે વીડિયો લઈને વોર્ડવાર નક્કી કરાયેલા વોટ્સએપ નંબર પર મોકલી જાણ કરી શકે છે.

આ વ્યવસ્થા દ્વારા જાહેર સ્થળોએ ગંદકી ફેલાવનારાઓ અંગેની માહિતી તંત્ર સુધી પહોંચશે અને સ્વચ્છતા જાળવવાની કામગીરીને વધુ અસરકારક બનાવી શકાશે. મહાનગરપાલિકાએ ખાસ સ્પષ્ટતા કરી છે કે આ પ્રકારની ફરિયાદ કે માહિતી આપનાર નાગરિકની ઓળખ અને તેમની વ્યકિતગત વિગતો સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવશે.શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે જામનગર મહાનગરપાલિકાએ નાગરિકોને સહભાગી બની જાહેર સ્થળોએ ગંદકી ફેલાવતી પ્રવૃત્તિઓ અંગે જાગૃત નાગરિક તરીકે જાણ કરવા અપીલ કરી છે.

# કાલાવડઃહરીપરમાં ચેકડેમો રિપેરિંગ અને ઊંડા ઉતારવાની કામગીરીનો પ્રારંભ

## જળસંચય અભિયાનમાં હરીપરનાં સખી મંડળોએ રૂ.૧૧ હજારનું યોગદાન આપી કાર્ય શરૂ

**અબતક,રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ તાલુકાના હરીપર (ખંઢેરા) મુકામે ગીર ગંગા પરિવાર ટ્રસ્ટના જળ બચાવો કાર્યક્રમ અંતર્ગત ગામના ચેકડેમોનું સમારકામ કરવા અને તેને ઊંડા ઉતારવાની કામગીરીના ભગીરથ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.




કાર્યક્રમમાં પ્રતાપબાપા, જમનબાપા, ગિરિરાજ હોસ્પિટલ સાથે સંકળાયેલા રમેશભાઈ, કાલાવડ તાલુકાની ટીમ વતી વિનુભાઈ કપુરીયા, કાલાવડ તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી ભાવેશભાઈ વિરડીયા, મીતભાઈ ફળદુ, જસાપર ગામના સરપંચ ગૌરવભાઈ પાનસુરિયા, મોટા ભાડુકિયા ગામના સરપંચ જીજ્ઞેશભાઈ કમાણી તેમજ હરીપર ગામના અગ્રણી અને જામનગર જિલ્લા દૂધ સંઘના ચેરમેન કાંતિભાઈ ગઢીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આસપાસનાં ગામોના સરપંચો અને હરીપરના ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી જળસંચયના કાર્યને સમર્થન આપ્યું હતું.આ પ્રસંગે હરીપર ગામનાં સખી મંડળોએ સામાજિક જવાબદારીનું ઉદાહરણ પૂરું પાડતાં કામગીરીના પ્રારંભે પોતાના મંડળો તરફથી રૂ. ૧૧ હજારનું યોગદાન આપ્યું હતું. ગામના તમામ ચેકડેમોનું સમારકામ કરી તેને ઊંડા ઉતારવા માટે સ્વખર્ચે કામગીરી આગળ ધપાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી સહિત ૯ દેવસ્થાનોએ નવરાત્રીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

## ગુજરાતના જાણીતા ગાયક-કલાકારોની ઉપસ્થિતિમાં માતાજીની આરાધના અને ગરબાની રંગત જામશે



**અબતક, રાજકોટ**

આગામી રવિવારથી માં નવદુર્ગાની આરાધનાના મહાપર્વ નવરાત્રી મહોત્સવનો મંગલારંભ થઈ રહ્યો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા અંબાજી, બહુચરાજી, ઉંઝા, કચ્છ માતાના મઢ, ચોટીલા, પાવાગઢ, અમદાવાદ ભદ્રકાળી મંદિર, દ્વારકાના હરસિધ્ધિ માતાજીના મંદિર, મોઢેરામાં મોઢેશ્વર માતાજીના મંદીર ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

નવરાત્રિ ગુજરાતની આગવી સાંસ્કૃતિક ઓળખનું પ્રતિબિંબ છે. માતાજીના પવિત્ર દેવસ્થાનોમાં ગુંજતા ભકિતના જયઘોષ, સંગીતના સૂર અને ગરબાની રમઝટ સાથે ગુજરાતમાં નવરાત્રિનો ઉલ્લાસ છવાઈ જાય છે. રાજ્યના સુપ્રસિધ્ધ શકિતપીઠો અને માતાજીનાં દેવસ્થાનો વર્ષભર દેશ-વિદેશના શ્રધ્ધાળુઓ અને પ્રવાસીઓને આકર્ષે છે. ખાસ કરીને નવરાત્રીના પવિત્ર પર્વ દરમિયાન આ ધાર્મિક સ્થળો ભક્તિ, લોકસંસ્કૃતિ, સંગીત અને ગરબાની અદભુત ઊર્જાથી જીવંત બની ઊઠે છે.

### ‘આતિથ્યમ’ ટૂરિસ્ટ ફટફોલ ડેશબોર્ડના ટોચના ૧૦ પ્રવાસન સ્થળોમાં અંબાજી માતા મંદિરે, પાવાગઢ અને બહુચરાજી મંદિરનો સમાવેશ



માતાજીની આરાધનાના આ પર્વને વધુ ભવ્ય અને લોકભાગીદારીસભર બનાવવા મુખ્યમંત્ર ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી શક્તિપીઠ સહિત રાજ્યના કુલ ૯ દેવસ્થાનો ખાતે નવરાત્રી-સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ અંબાજી શકિતપીઠ ખાતે તા. ૧૧ ઓક્ટોબર અને મહેસાણા જિલ્લાના બહુચરાજી શકિતપીઠ ખાતે તા. ૧૨ ઓક્ટોબરના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના અન્ય ૭ માતાજીનાં દેવસ્થાનો ખાતે પણ નવરાત્રી નિમિત્તે

(અનુ. આઠમા પાને)

# રેવન્યુ કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈ સરકારનો હકારાત્મક અભિગમથી હડતાલ સમેટાઈ

## ગ્રેડ પે સહિતની માંગણીઓ ઉકેલવા અધિક મુખ્ય સચિવ જયંતી રવિના વડપણ હેઠળ ખાસ કમિટીની રચના

**અબતક, ગાંધીનગર**

રાજ્યમાં મહેસૂલ કર્મચારીઓની લાંબા સમયથી પડતર વિવિધ માંગણીઓને પગલે ચાલી રહેલી હડતાળ વચ્ચે ગુજરાત સરકારે હકારાત્મક વલણ અપનાવીને પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે મોટો નિર્ણય લીધો છે. ગાંધીનગરમાં રાજ્ય સરકારના પ્રતિનિધિઓ અને ’ગુજરાત રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળ’ના હોદ્દેદારો વચ્ચે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સરકારના પ્રવક્તા જીતુ વાઘાણી, મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કર્મચારીઓની મુખ્ય માંગણી એવી ગ્રેડ પે સુધારણા સહિતના તમામ મુદ્દાઓની વિસ્તૃત ચકાસણી કરવા માટે અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિના અધ્યક્ષપદે એક વિશેષ કમિટી રચવાનો નિર્ણય કરાયો છે.

સરકારના પ્રવકતા જીતુ વાઘાણીએ સ્પષ્ટ કર્યું હતું કે આ કમિટી કર્મચારી મંડળના આગેવાનો સાથે સીધી ચર્ચા કરશે અને અન્ય સરકારી વિભાગો સાથે યોગ્ય સંકલન સાધીને પ્રશ્નોનો એવો દીર્ઘકાલીન ઉકેલ લાવશે જેથી ભવિષ્યમાં આવી કોઈ મુશ્કેલી ન સર્જાય. સરકારના આ સકારાત્મક અને સમાધાનકારી અભિગમને આવકારીને કર્મચારી મંડળે પોતાની હડતાળ સમેટી લીધી છે, જેનાથી વહીવટી તંત્ર અને સરકાર બંનેએ રાહતનો શ્વાસ લીધો છે.

(અનુ. આઠમા પાને)

# ભાદરવામાં ઉનાળા જેવા આકરા તડકા રાજકોટ ૩૯.૬ ડિગ્રી સાથે સૌથી ગરમ

## રાત્રીના સમયે પણ ઉકળાટનો અહેસાસઃ ગુલાબી ઠંડીનો ઇંન્તજાર

**અબતક, રાજકોટ**

ભાદરવા માસમાં ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. સુર્યોદય અને સુર્યાસ્તના સમયમાં શિયાળાની અસર દેખાવા માંડી છે. સુર્યોદય વહેલો થવા માંડ્યો છે. રાત્રીના સમયે પણ ઉકળાટનો અહેસાસ થઈ રહ્યો છે. ગુલાબી ઠંડીની રાહ વચ્ચે તાપમાનનો પારો ઉંચકાય રહ્યો છે. ગુરૂવારે રાજકોટ ૩૯.૬ ડિગ્રી સેલ્શીયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. બેવડી સીઝનના કારણે રોગચાળો પણ વકર્યો છે. ભાદરવો માસ પૂર્ણતાના આરે છે. આસો માસ શરૂ થવામાં છે. છતા હજી કાળઝાળ ગરમી પડી રહી છે.

ભાદરવા માસમાં સુર્યનારાયણ આકાશમાંથી અગ્નીવર્ષા કરી રહ્યા છે. જાણે ઉનાળો બેઠો હોય તેવા આકરા તડકા પડી રહ્યા છે. જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. ગુરૂવારે રાજકોટ ૩૯.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમદાવાદનું તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત ડિસાનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૦.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૭.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, સૌરાષ્ટ્રમાં અમરેલીનું તાપમાન ૩૭.૫ ડિગ્રી,

(અનુ. આઠમા પાને)

# ખાવડામાં કાળ ત્રાટક્યોઃ આર.ઈ. પાર્ક નજીક બલ્કર ટ્રકની ઠોકરે સાત શ્રમિકોના મોત, ૨૦ ઘાયલ

## ઈજાગ્રસ્તોને ભુજ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા, મૃતદેહો પીએમ માટે મોકલવા તજવીજઃ સ્થાનિક પોલીસનો કાફલો દોડ્યો

## મજૂરી પૂર્ણ કરી શ્રમિકો બોલેરો પીકઅપમાં સવાર થઇ ઘરે પરત ફરી રહ્યા’તા સવારે ત્રણ વાગ્યે અકસ્માત સર્જાતા હાઇવે મરણચિસોથી ગુંજી ઉઠ્યો

**અબતક, રાજકોટ**

ગાંધીધામમાં એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ખાવડા નજીક આર ઈ પાર્ક નજીક વહેલી સવારે બોલેરો પીકઅપ અને બલ્કર ટ્રક વચ્ચે ટક્કર થતાં સાત લોકોના મોત નીપજ્યા છે જયારે ૨૦ શ્રમિકોં ગંભીર રીતે ઘાયલ થયાં છે. બનાવને પગલે આખેઆખો હાઈવે મરણચિસોથી દ્રવી ઉઠ્યો હતો. ઘટનાને પગલે ખાવડા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ભુજ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા જયારે મૃતદેહો પીએમ અર્થે મોકલવામાં આવી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ કચ્છ જિલ્લાના પશ્ચિમ વિભાગમાં ખાવડા રોડ પર આર ઈ પાર્ક પાસે બોલેરો અને બલ્કર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેના પગલે આખો રોડ મરણ ચિચિયારીથી દ્રવી ઉઠ્યો હતો અને લોહી નદીઓ વહેતી થઈ હોય એવા અચંબિત દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતમાં ઘટનાસ્થળ પર જ સાત વ્યક્તિના મોત થયાં હતા જયારે ૨૦ થી વધુ લોકો ઘાયલ થયાં હતા. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થયા હતા અને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક ૧૦૮ મારફતે ભુજ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ગમખ્વાર અકસ્માતની ઘટનાની જાણ થતા ખાવડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન બી ચાવડા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

અકસ્માતની ઘટના અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર આર. ઈ. પાર્ક કંપનીમાં મજૂરી પૂર્ણ કરી શ્રમિકોં વહેલી સવારે ત્રણ વાગ્યે બોલેરો પીકઅપમાં સવાર થઈ ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન સામેથી ધસી આવેલ કાળમુખ બલ્કરે ઠોકર મારતા કરુણ બનાવ સર્જાયો હતો. ગંભીર અકસ્માતના પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને ખાવડા રોડ ૧૦૮ ની લાંબી ખતરો થી હોસ્પિટલ સુધી ઈજાગ્રસ્તો ને પહોંચાડવામાં આવ્યા છે અને સમગ્ર પંથકમાં અરેરાટીનો માહોલ સર્જાયો છેઆ અંગે ખાવડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આર ઈ પાર્ક વિસ્તારમાં આ પ્રકારનો પ્રથમ મોટો અકસ્માત હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને તેમાં કોની બેદરકારી હતી તે સહિતના મુદ્દે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત અંગેની સત્તાવાર વિગતો અને ઈજાગ્રસ્તોની સ્થિતિ અંગે તપાસ પૂર્ણ થયા બાદ વધુ માહિતી સામે આવી શકે છે.

# હાશ! ઈસબગુલ પર ઝીરો ટકા જીએસટીની ભલામણ ઊંઝા માર્કેટને ધમધમતું કરશે

## બે મહિનાથી ઠપ્પ પડેલા વેપાર અને ગુજરાત-રાજસ્થાન વચ્ચેના વિવાદનો અંત; પ્રોસેસર્સ, ખેડૂતો અને નિકાસકારોમાં રાહતનો માહોલ

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં ઈસબગુલના વેપારના મુખ્ય કેન્દ્ર ગણાતા ઉત્તર ગુજરાતના ઊંઝાના વેપારીઓ, પ્રોસેસર્સ અને ખેડૂતો માટે મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. જીએસટી કાઉન્સિલે ઈસબગુલના બીજ પર શૂન્ય



જીએસટી દર લાગુ કરવાની મહત્વપૂર્ણ ભલામણ કરી છે. આ દર બીજ તાજા, ચિલ્ડ, ફ્રોઝન કે સૂકા ગમે તે સ્વરૂપમાં હોય તો પણ એકસમાન રીતે લાગુ થશે. કાઉન્સિલના આ નિર્ણયથી ઊંઝા એપીએમસીમાં છેલ્લા બે મહિનાથી વધુ સમયથી ચાલી રહેલી અનિશ્ચિતતાનો સુખદ અંત આવશે.

ઈસબગુલના બીજ પર જીએસટી દરને લઈને ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ભારે વિરોધાભાસ ઊભો થયો હતો. ગુજરાતની ’ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ’ (આર)એ જણાવ્યું હતું કે ખેડૂતો પાસેથી સીધા ખરીદેલા કાચા ઈસબગુલને ’તાજા’ ગણીને જીએસટી મુક્ત રાખવા. જયારે રાજસ્થાન આરએ એવો આદેશ કર્યો હતો કે મંડી કે વેરહાઉસમાં સંગ્રહિત માલને ’સૂકો’ ગણી તેના પર ૫ ટકા જીએસટી લાગશે. આ કાયદાકીય ગૂંચવણને કારણે ઊંઝા માર્કેટમાં

(અનુ. આઠમા પાને)





